RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા

૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો વદ -૫ શુક્રવાર તા.૩૦-૧૦-૨૦૨૬ અંક : ૧૧૦ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

પીએમ મોદીના હસ્તે બનાસકાંઠામાં ૧૪૦૦૦ કરોડના કાર્યોનું લોકાર્પણ-ખાતમુહર્ત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે , ભવ્ય રોડ-શો બાદ ભીલડીમાં જાહેર સભાનું સંબોધન, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિતની ઉપસ્થિતિ



બનાસકાંઠા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે. જેમાં તેઓ આજે બનાસકાંઠાના ભીલડી ખાતે ૧૪ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનો શિલાન્યાસ-લોકાર્પણ કરશે. જ્યારે ૩૧મી ઓક્ટોબરે કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેવાના છે આજે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસ માટે બનાસકાંઠા આવી પહોચ્યાં હતા. જ્યાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલસહિતે સ્વાગત કર્યું હતું.

આજે ૩૦ ઓક્ટોબરે બનાસકાંઠાના ભીલડીમાં ૧૪,૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવેલ. આ ઉપરાંત, પીએમ કિસાન યોજનાનો આશરે ૧૯,૦૦૦ કરોડનો ૨૪મો હપ્તો જાહેર કરવામાં આવ્યો હતો. વડાપ્રધાનના આગમન સાથેજ ભવ્ય રોડશો કરવામાં આવ્યો હતો. જેમાં હજારો લોકો જોડાયા હતા.ત્યારબાદ તેમને ભીલડીમાં જાહેરસભા સંબોધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠાના ભીલડી ખાતે ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ કરેલ. ૧૨૭ એકરમાં પથરાયેલ આ કેન્દ્ર સ્ટેટ-ઓફ-ધી-આર્ટ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. ગૌવંશ સંવર્ધન, જેનિટિક અપ્રગ્રેડેશન અને અદ્યતન રીપ્રોડક્ટિવ ટેકનોલોજીને મજબૂત બનાવશે, જેનાથી ઓલાદ સુધારણા ૧૦થી ૨૦ ગણી ઝડપી બનશે. કાંકરેજ ગાયની ઓલાદ માટે સમર્પિત આ પ્રકારની દેશની આ પહેલી સુવિધા હશે.

થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો-સીએનજી પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો, જેની ગાયના છાણ પ્રોસેસિંગની ક્ષમતા અનુક્રમે પ્રતિદિન ૭૫ મેટ્રિક ટન અને પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨એ (એરપોર્ટ એક્સટેન્શન) અને ફેઝ-૨બી (ગિફ્ટ સિટી એક્સટેન્શન)નો શિલાન્યાસ કરશે. જેમાં ફેઝ-૨એ કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી ૫ સ્ટેશનોને આવરી લેતી ૬ કિ.મી.થી વધુની લંબાઈ ધરાવશે, જ્યારે ફેઝ-૨બી ગિફ્ટ સિટીથી શાહપુર સુધી ૩ સ્ટેશનોને આવરી લેતી ૩.૩ કિ.મી.થી વધુની લંબાઈ ધરાવશે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે એકતાનગરમાં યોજાનારા 'એકતા પ્રકાશ પર્વ'માં પણ ભાગ લેશે. ભારતની એકતા, વિવિધતા, સાંસ્કૃતિક વિરાસત અને પ્રગતિને ઉજાગર કરતા આ કાર્યક્રમમાં લાઈટિંગ અને પ્રકાશના વિવિધ પ્રદર્શન દ્વારા રાત્રિ પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં આવશે.આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણોમાં ૫૩૦ મીટર લાંબા ફ્લાવર્સ વેલી રોડ પરની રોશની અને ૧૮૦ મીટર લાંબી ગ્લો ટનલનો સમાવેશ થાય છે. 'પ્રાચીન ભારતથી આધુનિક ભારત સુધી'ની થીમ પર આધારિત ફ્લાવર્સ વેલી રોડ પર દેશની સંસ્કૃતિ, રાષ્ટ્રીય ઓળખ, મહિલા સશક્તિકરણ, સુરક્ષા દળો, ટેક્નોલોજી, યોગ અને બાળકોને આકર્ષે તેવી વિવિધ રચનાઓ રજૂ કરવામાં આવશે.'વિવિધતામાં એકતા'ની થીમ ધરાવતી ગ્લો ટનલમાં ભારતના ચારેય પ્રદેશોની સંસ્કૃતિ, સ્થાપત્ય, લોકનૃત્યો, હસ્તકલા અને જીવનશૈલીની ઝલક જોવા મળશે. આ પ્રદર્શનોમાં ૧.૫ કરોડથી વધુ ન્ઈઢ લાઈટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૩૧મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ઉજવણીનું એક મુખ્ય આકર્ષણ 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા' દ્વારા આયોજિત 'નક્સલ મુક્ત ભારત' પરનું એક વિશેષ નાટ્ય પ્રદર્શન હશે, જેમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત ૧૨૬ જિલ્લાના આશરે ૨૦૦૦ કલાકારો ભાગ લેશે.

ભૂતાનમાં ગ્લેશિયર સરોવર ફાટતાં ભારતના સરહદી વિસ્તારોમાં પૂરનો તોળાતો ભારે ખતરો

ભારતના સરહદી વિસ્તારોમાં હાઈએલર્ટ ,રાતોરાત ૧૦ હજાર લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા; પશ્ચિમ બંગાળ અને આસામમાં NDRF-SDRFની ટીમો તૈનાત



ગૌહાટી,

ભૂતાનમાં શિંતાફૂ ગ્લેશિયર સરોવર ફાટવાની ગંભીર કુદરતી હોનારત સર્જાતાં ભારતના સરહદી વિસ્તારોમાં પૂરનો ખતરો ઊભો થયો છે. ભૂતાનના ગાસા જિલ્લામાં આવેલા શિંતાફૂ સરોવરનો કુદરતી બંધ તૂટી જતાં વિશાળ જળરાશિ મોફુર નદી મારફતે સંકોશ નદી તરફ ધસમસતી આગળ વધી રહી છે. આ ઘટનાને પગલે ભારત સરકાર અને હવામાન વિભાગે પશ્ચિમ બંગાળ તથા આસામના અનેક વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કર્યું છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને રાતોરાત અંદાજે ૧૦ હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

ભૂતાનના લુંગો વિસ્તારમાં વાકિલા પર્વતની નીચે આવેલા શિંતાફૂ સરોવરમાંથી પાણીનો પ્રચંડ પ્રવાહ છૂટતાં નદીકાંઠાના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લોકોને સાવચેત કરવા માટે રાતભર સાયરનો વગાડવામાં આવ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળના તુફાનગંજ અને બોક્સીરહાટ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં દ્રઢઈહ્વ અને જીઢઈહ્વની બચાવ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે.પશ્ચિમ બંગાળના વનમંત્રી મનોજ કુમાર ઉરાંવે સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ જાહેર કરીને સંકોશ નદીના કિનારે વસતા લોકોને તાત્કાલિક ઘર ખાલી કરી સલામત અને ઊંચાણવાળા વિસ્તારોમાં સ્થળાંતર કરવાની અપીલ કરી છે. ખાસ કરીને અલીપુરદ્વાર અને આસામના ધુબરી જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા સાવચેતીનાં પગલાં લેવામાં આવી રહ્યાં છે.

ભારત સરકારની સત્તાવાર એડવાઈઝરી મુજબ, ભૂતાનમાં પુનાત્સાંગછૂ તરીકે ઓળખાતી અને ભારતમાં પ્રવેશ્યા બાદ સંકોશ નદી તરીકે ઓળખાતી નદીના ઉપરવાસમાં અચાનક પૂર આવતાં ભારતીય સરહદ સુધી પાણી પહોંચવામાં ૬થી ૮ કલાકનો સમય લાગી શકે છે. આથી દાર્જિલિંગના પહાડી વિસ્તારો, અલીપુરદ્વાર અને જલપાઈગુડીમાં પણ સતર્કતા વધારી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, શિંતાફૂ સરોવર ભૂતાનની ૧૭ અત્યંત જોખમી ગ્લેશિયર સરોવરો પૈકીનું એક છે. હિમાલયના પર્વતીય વિસ્તારોમાં બરફ પીગળવાથી સરોવરમાં પાણીનો જથ્થો સતત વધ્યો હતો. પાણીનું દબાણ અસહ્ય બનતાં કુદરતી બંધ તૂટી ગયો અને વિશાળ જળરાશિનો પ્રવાહ છૂટ્યો હતો. આ ઘટનાએ ભારત અને ભૂતાન બંને દેશોના વહીવટી તંત્રની ચિંતા વધારી છે. હાલ સંભવિત પૂરની સ્થિતિને પહોંચી વળવા બચાવ અને રાહત કામગીરી માટે તંત્રને સજ્જ રાખવામાં આવ્યું છે.

ઉત્તરાખંડમાં પર્વતો પર બરફવર્ષા, ગંગોત્રીથી ગોમુખ સુધી સફેદ ચાદર, મસૂરીમાં વરસાદથી ઠંડીમાં વધારો

૧૦ જિલ્લાઓમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવનની ચેતવણી જારી

દહેરાદુન,

પર્વતો પર બરફની સફેદ ચાદરથી ખીણોનો નજારો વધુ સુંદર બન્યો. ગંગોત્રીથી ગોમુખ સુધી પર્વતો પર બરફની સફેદ ચાદર છવાઈ ગઈ છે. દરમિયાન, વરસાદ પછી મસૂરીમાં ઠંડીમાં વધારો થયો છે. ગંગોત્રી મંદિર સંકુલમાં ભક્તોની હાજરી વચ્ચે બરફવર્ષાએ હવામાનમાં પરિવર્તન લાવ્યું છે.

સવારે બદ્રીનાથ અને કેદારનાથ મંદિરોમાં પણ હિમવર્ષા થઈ હતી, જેનાથી બાબા કેદાર શહેર બરફની સફેદ ચાદરમાં ઢંકાઈ ગયું હતું. હિમવર્ષાના અદભુત દશ્યથી ભક્તો ઉત્સાહિત થયા હતા. કેટલાક લોકો બરફથી ઢંકાયેલા મંદિરને કેમેરામાં કેદ કરતા જાવા મળ્યા હતા, જ્યારે કેટલાક સેલ્ફી લઈને આ સુંદર ક્ષણને યાદગાર બનાવી રહ્યા હતા. જાકે, બરફવર્ષાની સાથે જ મંદિરમાં ઠંડી પણ વધી ગઈ છે.પર્વતોની રાણી મસૂરીમાં હવામાન અચાનક બદલાઈ ગયું છે. ગુરુવારે સવારથી શરૂ થયેલા વરસાદને કારણે શહેરમાં ઠંડી વધી ગઈ છે. સતત વરસાદને કારણે તાપમાનમાં તીવ્ર ઘટાડો થયો છે. હવામાનમાં આ ફેરફારની અસર શહેરના રસ્તાઓથી લઈને પ્રવાસી પ્રવૃત્તિઓ સુધી જાવા મળી રહી છે. સામાન્ય રીતે પ્રવાસીઓથી ધમધમતું મસૂરીએ વરસાદને કારણે પોતાનું આકર્ષણ ગુમાવી દીધું છે.

સવારથી પડી રહેલા વરસાદને કારણે મસૂરીમાં અવરજવર પ્રભાવિત થઈ છે. વધતી ઠંડીને કારણે સ્થાનિકો અને પ્રવાસીઓ બંને બહાર જવાનું ટાળી રહ્યા છે. શહેરની મુલાકાત લેવા આવેલા પ્રવાસીઓ હવામાન સાફ થવાની રાહ જાઈ રહ્યા છે. હવામાન કેન્દ્રે આજે રાજ્યના નવ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષાની આગાહી કરી છે. દરમિયાન, ૧૦ જિલ્લાઓમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવનની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દહેરાદૂન, ટિહરી, હરિદ્વાર, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર, ચમોલી, ચંપાવત અને પિથોરાગઢમાં કેટલાક સ્થળોએ હળવો થી મધ્યમ વરસાદ પડી શકે છે. ૩૫૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં પણ બરફવર્ષા શક?ય છે.રાજ્યના અન્ય જિલ્લાઓમાં હળવો થી ખૂબ જ હળવો વરસાદ અથવા હિમવર્ષા થઈ શકે છે. દહેરાદૂન, ટિહરી, હરિદ્વાર, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર, ચમોલી, નૈનિતાલ, ચંપાવત અને પિથોરાગઢમાં વાવાઝોડા અને વીજળી પડવાની શક?યતા છે. ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જારદાર પવન ફૂંકાઈ શકે છે, અને ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

ઓમાન નજીક કચ્છના જહાજ પર ડ્રોન હુમલો, ૧૩ ખલાસીમાંથી ૧૧નો બચાવ, ૨ ઈજાગ્રસ્ત

ભુજ,

દરિયાની વચ્ચે સફર કરી રહેલા જહાજ પર અચાનક ડ્રોન હુમલો થાય તો શું સ્થિતિ સર્જાય? ચારે તરફ દરિયો અને જહાજમાં સવાર ૧૩ ખલાસીઓના જીવ જોખમમાં મુકાઈ જાય તેવી ઘટના ઓમાન નજીક સામે આવી છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર હવે ભારતીય જહાજ પર પણ જોવા મળી હોવાના અહેવાલ છે. કચ્છના માંડવીના જહાજ પર ઓમાન નજીક ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે જહાજમાં સવાર ખલાસીઓની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થઈ હતી. જોકે, ૧૩ ખલાસીઓમાંથી ૧૧ને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે અન્ય ૨ ખલાસી ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઓમાન નજીક ભારતીય જહાજ પર હુમલો થયો હોવાનું સામે આવ્યું છે. કચ્છના માંડવીના જહાજને ડ્રોન દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલાની ઘટનાએ દરિયાઈ માર્ગે મુસાફરી કરતા ભારતીય ખલાસીઓની સુરક્ષા અંગે સવાલો ઊભા કર્યા છે. ખાસ કરીને યુદ્ધની સ્થિતિ વચ્ચે દરિયામાં જહાજોનું સંચાલન કેટલું સુરક્ષિત છે તે અંગે ચિંતા વધી છે. જોકે, જહાજ પર ડ્રોન હુમલો કોણે કર્યો અને કયા સંજોગોમાં હુમલો થયો તે અંગે હજુ સત્તાવાર વિગતો સામે આવી નથી.ઓમાન નજીક હુમલાનો ભોગ બનેલા માંડવીના જહાજમાં કુલ ૧૩ ખલાસીઓ સવાર હતા. દરિયામાં જહાજ પર અચાનક ડ્રોન હુમલો થતાં ખલાસીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ હતી. હુમલા બાદ ખલાસીઓને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મળતી વિગતો મુજબ, જહાજમાં સવાર ૧૩ પૈકી ૧૧ ખલાસીઓને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. આ ઘટનામાં બે ખલાસીઓને ઈજા પહોંચી હતી. હુમલા સમયે જહાજ કયા સ્થળેથી ક્યાં જઈ રહ્યું હતું અને તેમાં કયો માલસામાન હતો તે અંગે હજુ વધુ માહિતી સામે આવી નથી.ડ્રોન હુમલામાં જહાજમાં સવાર બે ખલાસીઓ ઈજાગ્રસ્ત થયા હતા.

બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જોકે, ઈજાગ્રસ્ત ખલાસીઓની ઓળખ અને તેમની ઈજા કેટલી ગંભીર છે તે અંગે હજુ વિગતો ઉપલબ્ધ નથી. બીજી તરફ, ૧૧ ખલાસીઓને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે. આ ઘટનામાં જહાજને કેટલું નુકસાન થયું છે તે અંગે પણ હજુ સ્પષ્ટતા થઈ નથી. હુમલાની ઘટનાને કારણે જહાજમાં સવાર તમામ ખલાસીઓની સુરક્ષાનો મુદ્દો મહત્વનો બન્યો છે.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સ્થિતિમાં ઓમાન નજીક ભારતીય જહાજ પર થયેલા હુમલાએ દરિયાઈ સુરક્ષા અંગે ચિંતા વધારી છે.

ગૂગલની માર્કેટ વેલ્યૂમાં ઐતિહાસિક ધબડકો, રોકાણકારોમાં ચિંતાનું મોજું

માત્ર ૫ મિનિટમાં અલ્ફાબેટની માર્કેટ વેલ્યૂમાંથી ૪૮ લાખ કરોડનું ધોવાણ; ત્રિમાસિક પરિણામો અપેક્ષા કરતાં નબળાં રહેતાં શેરમાં જંગી વેચવાલી



વોશિંગટન,

અમેરિકા હોય કે ચીન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં થઈ રહેલા અતિશય રોકાણને લઈને હવે રોકાણકારોની ચિંતા વધી રહી છે. તેની અસર ગૂગલની પેરેન્ટ કંપની અલ્ફાબેટના શેર પર પણ જોવા મળી છે. કંપનીના ત્રિમાસિક પરિણામો જાહેર થયા બાદ તેના શેરમાં ૧૩.૨ ટકા સુધીનો કડાકો બોલાયો હતો. આટલી મોટા ઘટાડાને કારણે માત્ર ૫ મિનિટમાં કંપનીના માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે ૪૮ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું હતું. કંપનીના વેચાણના આંકડા અંદાજ કરતાં ઓછા રહેવા અને જાહેરાતની આવકમાં સુસ્તી આવતાં રોકાણકારોમાં ગભરાટ ફેલાયો હતો.

ગૂગલ અને તેની પેરેન્ટ કંપની અલ્ફાબેટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ કરી રહી છે. કંપની ડેટા સેન્ટર, કમ્પ્યુટિંગ ક્ષમતા અને છૈં ટેક્નોલોજીના વિકાસ પાછળ જંગી ખર્ચ કરી રહી છે. જોકે, આટલા મોટા ખર્ચ સામે કંપનીને કેટલો નફો મળશે તે અંગે રોકાણકારોમાં સવાલો ઊભા થયા છે. અલ્ફાબેટેજુલાઈમાં જણાવ્યું હતું કે તેનો મૂડી ખર્ચ વધીને આશરે ૨૦૫ અબજ ડોલર થયો છે, જે અગાઉના વર્ષની સરખામણીએ લગભગ બમણો છે. આટલા મોટા રોકાણ છતાં કંપનીની આવકમાં અપેક્ષા પ્રમાણે વૃદ્ધિ ન દેખાતાં રોકાણકારોની ચિંતા વધી હતી.

કંપનીએ ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા બાદ રોકાણકારોએ મોટા પાયે શેર વેચવાનું શરૂ કર્યું હતું. તેના કારણે અલ્ફાબેટના શેર માત્ર ૫ મિનિટમાં ૧૩.૨ ટકા તૂટીને ૨૭૯.૪૩ ડોલર પર પહોંચી ગયા હતા. આ ઘટાડાને કારણે કંપનીના માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે ૫૦૦ અબજ ડોલર એટલે કે ૪૮ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું હતું.

કંપનીના માર્કેટ વેલ્યૂમાં નોંધાયેલો આ અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

અલ્ફાબેટે ત્રીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામોમાં કુલ ૧૧૧.૨ અબજ ડોલરની આવક નોંધાવી હતી. જોકે, આ આંકડો વિશ્લેષકોના અંદાજ કરતાં ઓછો રહ્યો હતો. કંપનીની કુલ આવકમાં અડધાથી વધુ હિસ્સો ધરાવતા જાહેરાતના વ્યવસાયમાં પણ નરમાઈ જોવા મળી હતી. જાહેરાતમાંથી થતી આવક છેલ્લાં પાંચ ત્રિમાસિક ગાળામાં સૌથી નીચા સ્તરે રહી હતી. જાહેરાત કંપનીની આવકનો મુખ્ય સ્ત્રોત હોવાથી તેમાં આવેલી સુસ્તીએ રોકાણકારોની ચિંતા વધારી હતી. છૈં ક્ષેત્રમાં સતત વધી રહેલા ખર્ચ વચ્ચે આવકના મુખ્ય સ્ત્રોતમાં જ નબળાઈ દેખાતાં શેરમાં વેચવાલી વધી હતી.

દિલ્હીમાં ધોળા દિવસે બંદૂકની અણીએ ૨.૩૦ કરોડ રૂપિયા લૂંટાયા

નવીદિલ્હી,

દિલ્હીમાં દિવસે દિવસે ૨.૩૦ કરોડ રૂપિયાની મોટી લૂંટ થઈ છે. આ ઘટના લાહોરી ગેટ વિસ્તારમાં આવેલી એક ઓફિસમાં બની હતી. ચર્ચ મિશન પોલીસ ચોકીના અધિકારક્ષેત્રમાં ચાર સશસ્ત્ર ગુનેગારોએ લૂંટ ચલાવી હતી.

ગુનેગારો ઓફિસમાં ઘૂસી ગયા, બંદૂકની અણીએ એક કર્મચારીને ધમકાવ્યો અને રોકડ બેગ કબાટમાં ભરી દીધી. લૂંટાયેલી કુલ રકમ ૨.૩૦ કરોડ હોવાનો અંદાજ છે. ઘટના પછી, ગુનેગારો જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનની સામે પાર્ક કરેલી કારમાં ઘટના સ્થળેથી ભાગી ગયા.લાહોરી ગેટ પોલીસ સ્ટેશનમાં લૂંટની કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે આ કેસની તપાસ માટે ચાર ટીમો બનાવી છે. આ ટીમો વિસ્તારમાંથી સીસીટીવી ફૂટેજની સમીક્ષા કરી રહી છે. શંકાસ્પદોને ઓળખવા અને તેમના ભાગી જવાનો માર્ગ શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પોલીસ ટીમો વિવિધ ખૂણાથી કેસની તપાસ કરી રહી છે. ગુનેગારોના ચહેરા અને વાહનને ઓળખવા માટે સીસીટીવી ફૂટેજનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગુનેગારોએ ઓફિસ વિશે માહિતી કેવી રીતે મેળવી તે નક્કી કરવા માટે પોલીસ આસપાસના વિસ્તારોમાં પણ પૂછપરછ કરી રહી છે. પોલીસ આરોપીઓને ટૂંક સમયમાં પકડી લેવાનો દાવો કરે છે.

ગુજરાતે ભારતની ફાર્માસ્યુટિકલ આત્મનિર્ભરતા સુદ્રઢ કરવા જંબુસર બલ્ક ડ્રગ પાર્ક માટે વિશિષ્ટ પ્રોત્સાહક યોજના જાહેર કરી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ઐતિહાસિક નિર્ણય

કેપિટલ સબસિડી, યુટિલિટી ખર્ચમાં સહાય અને સ્ટેમ્પ ડ્યુટીમાં ૧૦૦ ટકા રિઇમ્બર્સમેન્ટ જેવા આકર્ષક પ્રોત્સાહનો

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના સક્રિય માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે સ્થપાનારા બલ્ક ડ્રગ પાર્કમાં ઔદ્યોગિક એકમોને સહાય માટે એક વિશિષ્ટ ઇન્સેન્ટિવ યોજના મંજૂર કરી છે. આ ઐતિહાસિક નિર્ણય ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગમાં ભારતની આત્મનિર્ભરતા વધારવા અને મહત્વપૂર્ણ Active Pharmaceutical Ingredients (APIs), Key Starting Materials (KSMs) તેમજ Drug Intermediates ની વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડવાની દિશામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત જ૨૦૪૭'ના રાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતે ફરી એકવાર મોખરાનું સ્થાન મેળવ્યું છે.

ભારત સરકારની બલ્ક ડ્રગ પાર્ક્સને પ્રોત્સાહન આપવાની ફ્લેગશિપ યોજના હેઠળ ભરૂચના જંબુસર ખાતે આશરે ૨,૦૧૫ એકરમાં આ વિશ્વકક્ષાનું પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇકોસિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. ઉત્પાદકો માટે કેપિટલ અને ઓપરેટિંગ ખર્ચમાં મોટો ઘટાડો કરવા માટે અહીં ૧૦ થી વધુ અત્યાધુનિક કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જેમાં કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) અને CSTP, સ્ટીમ જનરેશન અને ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, સોલવન્ટ રિકવરી ફેસિલિટીઝ અને SDF સુવિધા, ડીપ-સી ડિસ્પોઝલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સેન્ટર ઓફ એક્સેલન્સ અને મજબૂત મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ નેટવર્ક જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજના હેઠળના મુખ્ય આર્થિક પ્રોત્સાહનોમાં રોકાણકારોને તેમની પ્રોજેક્ટ જરૂરિયાતો અનુસાર વિશિષ્ટ 'બલ્ક ડ્રગ પાર્ક સ્કીમ' અથવા 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ, ૨૦૨૬' હેઠળ લાભ મેળવવાની અનુકૂળતા આપવામાં આવી છે. વિશિષ્ટ બલ્ક ડ્રગ પાર્ક યોજના હેઠળ મુખ્યત્વે એલિજિબલ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ (eFCI) પર ૧૦% કેપિટલ સબસિડી, પાત્રતા ધરાવતા MSME એકમો માટે વિશેષ વ્યાજ સબસિડી, ૧૦ વર્ષ સુધી યુટિલિટી ચાર્જીસમાં રિઇમ્બર્સમેન્ટ, પાવર, સ્ટીમ, પાણી, ગંદા પાણીનો નિકાલ (એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ), સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, વેરહાઉસિંગ અને પાર્ક જાળવણી શુલ્કનું વ્યાપક રિઇમ્બર્સમેન્ટ, પાર્કમાં પ્રથમ વખત જમીન ફાળવણી પર સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફીનું ૧૦૦% રિઇમ્બર્સમેન્ટ જેવા લાભો મળશે.

સુરતમાં ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા બોગસ ડોકટરો સામે એસઓજી પોલીસ અને જિલ્લા આરોગ્ય વિભાગની સંયુક્ત કાર્યવાહી

સુરત,

શહેરના ડીંડોલી વિસ્તારમાં માન્ય ડિગ્રી વગર ક્લિનિક ચલાવી લોકોના જીવન સાથે ચેડા કરતા બોગસ ડોકટરો સામે સુરતની એસઓજી પોલીસ અને જિલ્લા આરોગ્ય વિભાગે સંયુક્ત કાર્યવાહી કરી હતી જેમાં, કુલ ૯ બોગસ તબીબોને ઝડપી પાડવામાં આવ્યા છે. કાર્યવાહી દરમિયાન ક્લિનિકમાંથી રૂપિયા ૯૫,૦૦૦થી વધુની દવાઓ અને મેડિકલ સાધનો જપ્ત કરવામાં આવ્યાં છે.

આ સમગ્ર કામગીરી મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ડીંડોલી વિસ્તારમાં કેટલાક લોકો જરૂરી તબીબી લાયકાત વિના ક્લિનિક ચલાવી દર્દીઓની સારવાર કરતા હોવાની શંકાના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. અધિકારીઓએ ડમી પેશન્ટ મોકલીને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગેરરીતિઓ સામે આવતાં જીંય અને આરોગ્ય વિભાગની ટીમે અલગ-અલગ ક્લિનિકમાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં પકડાયેલા શંકાસ્પદ તબીબોમાં કેટલાક માત્ર ધોરણ ૧૨ સુધી ભણેલા હોવાનું, જ્યારે કેટલાકે ઈલેક્ટ્રોપેથીનો અભ્યાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, કેટલાક વ્યક્તિઓ અગાઉ કમ્પાઉન્ડર અથવા નર્સ તરીકે કામ કરતા હોવા છતાં ડોક્ટર તરીકે ક્લિનિક ચલાવતા હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. દરોડા દરમિયાન વિવિધ ક્લિનિકમાંથી રૂપિયા ૯૫,૦૦૦થી વધુની દવાઓ અને તબીબી સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ વ્યક્તિઓ પાસે દર્દીઓની સારવાર કરવા માટે જરૂરી માન્ય લાયકાત અને પરવાનગી હતી કે નહીં તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. આ મામલે ડીંડોલી પોલીસ સ્ટેશનમાં નવેય શંકાસ્પદ તબીબો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ અને આરોગ્ય વિભાગ દ્વારા ક્લિનિકમાં થતી સારવાર, દવાઓના ઉપયોગ અને જરૂરી દસ્તાવેજોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

"જિયો" માટે ધીરુભાઈએ જોયેલાં સ્વપ્નને અંબાણી પરિવારે અકલ્પનિય પ્રગતિ સાથે સાકાર કર્યું : પરિમલ નથવાણી

ધીરુભાઈના વતન ચોરવાડમાં ૨૫ હજારથી વધુ ગ્રામજનોના સમૂહ ભોજન અને લોકડાયરા સાથે જિયો પ્લેટફોર્મ્સના પબ્લિક ઈશ્યુના ધમાકેદાર લિસ્ટિંગની ભવ્ય ઉજવણી








ચોરવાડ,

૨૦૨૬: જિયો પ્લેટફોર્મ્સના પબ્લિક ઈશ્યુની ૨૧ ટકા કરતાં વધારે પ્રિમિયમ સાથે ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગની ધીરુભાઈ અંબાણીના વતન ચોરવાડમાં દ્વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી થઈ હતી.ચોરવાડમાં ૨૫૦૦૦ કરતાં વધારે ગ્રામજનોના સમૂહ ભોજન અને ત્યારબાદ ગુજરાતના ખ્યાતનામ લોકસાહિત્યકારોનો ભવ્ય લોકડાયરો યોજાયો હતો. આ તકે, અંબાણી પરિવારના સભ્ય તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેટ અફેર્સના ડાયરેકટર અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બેવડા કાર્યક્રમોની ઉજવણી વચ્ચે ચોરવાડવાસીઓ, અંબાણી પરિવારના જ સભ્ય હોવાની અનુભુતિ કરાવતાં શ્રી નથવાણીએ સંસ્મણો વાગોળતાં ધીરુભાઈ અને કોકિલાબેન સાથે વર્ષ-૧૯૯૫માં ચોરવાડ અને કુકસવાડાની ત્રિ-દિવસીય મુલાકાત અંગે વાત કરી હતી અને તે સમયના સાથી, સાક્ષીઓને પણ મંચ પરથી ખાસ યાદ કર્યા હતા.

આ તકે અત્યંત ભાવુક અને ભીના સ્વરે તેમણે જણાવ્યું કે,ધીરુભાઈના ડ્રીમ પ્રોજેક્ટ સમી રિલાયન્સ ઈન્ડ્રસ્ટીઝે જે રીતે વૈશ્વિક હરણફાળ પ્રગતિ કરી છે, તે જ રીતે તેમના વધુ એક સ્વપ્ન જિયો પ્લેટફોર્મ્સે પણ વૈશ્વિક સ્તરે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.અંબાણી પરિવારના મોભી મુકેશભાઈ અને તેમના સંતાનો આકાશ, ઈશા અને અનંતે જે રીતે ધીરુભાઈના સ્વપ્નને અકલ્પનિય પ્રગતિ સાથે સાકાર કરી બતાવ્યું છે તે ન માત્ર અંબાણી પરિવાર પરંતુ, દેશ માટે પણ ગૌરવપૂર્ણ વાત છે. ભુતકાળમાં સરી પડતાં તેમણે એ ક્ષણને પણ ખાસ યાદ કરી હતી કે, જે સમયે રિલાયન્સના આઈપીઓ વખતે રોકાણકારોએ ધીરુભાઈ પર વિશ્વાસ મુક્યો હતો એ જ વિશ્વાસ આજે પણ આ પરિવાર પર અકંબધ છે તે જિયોના ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગ પરથી જણાઈ આવે છે. તેમણે ભૂતકાળ વાગોળતા ઉમેર્યું કે, ધીરુભાઈ જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો આઈપીઓ લાવ્યા ત્યારે તેમણે ચોરવાડવાસીઓને શેર આપવાથી લઈ તેમની તમામ નાની-મોટી ખુશીઓમાં સહભાગી બનાવ્યા હતા. આજે તેમના જ સ્વપ્ન એવા જિયો પ્લેટફોર્મ્સની ઐતિહાસિક સફળતામાં પણ અંબાણી પરિવાર ધીરુભાઈના વતનને ભુલ્યું નથી, તેમની બીજી અને ત્રીજી પેઢીએ સયુંક્ત રીતે આ વારસો જાળવ્યો છે. આ ઉપરાંત તેમણે વર્ષ-૨૦૧૭થી કાર્યરત ધીરુભાઈ અંબાણી મેડિકલ અને કમ્પ્યુટર સેન્ટર, શ્રી એચ.જી.અંબાણી ગર્લ્સ હાઈસ્કૂલ તથા કુકસવાડામાં નવનિર્મિત એચ.જી.અંબાણી હાયર સેકન્ડરી સ્કૂલ સહિત ગ્રામજનોને અંબાણી પરિવાર તરફથી અપાયેલી સુવિધાઓને પણ યાદ કરાવી હતી.

અંતમાં રિલાયન્સ પરિવાર દ્વારા ચોરવાડમાં આયોજિત આ બેવડી ઉજવણીમાં અંબાણી પરિવારના સભ્ય તરીકે ઉપસ્થિત રહેવાની તક આપવા બદલ નથવાણીએ અંબાણી પરિવારનો ફરી આભાર વ્યક્ત કર્યો હતો. આ વૈશ્વિક હરણફાળમાં સહયોગ આપનાર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ રિલાયન્સ અને અંબાણી પરિવાર વતી વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચોરવાડના ૨૫,૦૦૦થી વધુ ગ્રામજનોએ પ્રીતિભોજનનો સ્વાદ માણ્યો હતો. બાદમાં યોજાયેલાં લોકડાયરામાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને ઉષાબેન રાદડિયાએ પોતાની આગવી શૈલી થકી ઉપસ્થિત હજ્જારો શ્રોતાઓને રીતસર નાચવા મજબૂર કરી દિધા હતા. તો, હાસ્ય કલાકાર હિતેશ અંટાળાએ પોતાની તળપદી ભાષામાં હાસ્ય અને રમુજ રજૂ કરી ઉપસ્થિત સૌને પેટ પકડીને હસાવ્યા હતા. આ પ્રસંગે સાંસદ રાજેશ ચુડાસમા તથા ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં વીજળીની માગમાં ૩૭ ટકાનો વધારોઃ ખેતીમાં વપરાશ ૭૨ ટકા વધ્યો

ખેતી ક્ષેત્રે વીજળીનો વપરાશ ગયા વર્ષના ૧૪૬૪ મિલિયન યુનિટથી વધીને ૨૫૨૧ મિલિયન યુનિટ થયો

અમદાવાદ,

નબળા ચોમાસાની સ્થિતિ વચ્ચે ગુજરાતમાં ઓક્ટોબર મહિનામાં ખેતી ક્ષેત્રે વીજળીના વપરાશમાં ૭૨ ટકાનો જંગી વધારો નોંધાયો છે. રાજ્યમાં વીજળીની મહત્તમ માગ પણ ૩૭ ટકા વધીને ૨૯,૮૨૨ મેગા વોટ સુધી પહોંચી હતી. ખેતીમાં સિંચાઈ માટે ભૂગર્ભજળ પર વધતી નિર્ભરતા અને ઔદ્યોગિક વીજ વપરાશમાં થયેલો વધારો આ સ્થિતિ પાછળનાં મુખ્ય કારણો હોવાનું સામે આવ્યું છે. ખેતી ક્ષેત્રે વીજળીનો વપરાશ ગયા વર્ષના ૧૪૬૪ મિલિયન યુનિટથી વધીને ૨૫૨૧ મિલિયન યુનિટ થયો છે. અપૂરતા વરસાદને કારણે ખેડૂતોને સિંચાઈ માટે બોરવેલ અને ટ્યૂબવેલ પર વધુ આધાર રાખવો પડી રહ્યો છે. પરિણામે સિંચાઈ પંપ અને ટ્યૂબવેલ વધુ કલાકો સુધી ચલાવવાની ફરજ પડી રહી છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (જીસીસીઆઈ)ના પ્રમુખ રાજેશ ગાંધીએ વીજ વપરાશમાં થયેલા વધારા માટે ઊંચા તાપમાન, ઠંડકની વધતી જરૂરિયાત, સિંચાઈની માગ અને તહેવારોની મોસમ પહેલાં ઔદ્યોગિક પ્રવૃત્તિમાં થયેલા વધારાને જવાબદાર ગણાવ્યાં છે. તેમણે જણાવ્યું કે હાઈડ્રોપાવરનાં ઉત્પાદનમાં ઘટાડાથી પણ વીજપુરવઠા પર દબાણ વધ્યું છે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ વીજળીના વપરાશમાં નોંધપાત્ર વધારો થયો છે. ગયા વર્ષના ૪,૭૪૩ મિલિયન યુનિટની સરખામણીએ આ વર્ષે વપરાશ વધીને ૬,૦૧૯ મિલિયન યુનિટ થયો છે. આમ, ઔદ્યોગિક વીજ વપરાશમાં ૨૭ ટકાનો વધારો નોંધાયો છે. ઉત્પાદન એકમો અને ઔદ્યોગિક ક્લસ્ટરોમાં વીજળીની સતત વધતી માગને કારણે રાજ્યની વીજવ્યવસ્થા પર દબાણ વધ્યું છે.

પાટણમાં વિદ્યાર્થિનીની છેડતીના કેસમાં શિક્ષકને ૪ વર્ષની સજા : ૨૫ હજારનો દંડ

પીડિત સગીરાને ૫૦ હજારનું વળતર ચૂકવવાનો પણ આદેશ



પાટણ,

પાટણમાં સગીર વિદ્યાર્થિનીની છેડતીના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે શિક્ષક રણજીતકુમાર ચૌધરીને દોષિત ઠેરવી ચાર વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે દોષિત શિક્ષકને ૨૫ હજારનો દંડ ભરવાનો આદેશ પણ આપ્યો છે. જો દંડની રકમ ભરવામાં નહીં આવે, તો વધુ છ મહિનાની કેદ ભોગવવાની રહેશે. આ ઉપરાંત, પીડિત સગીરાને ૫૦ હજારનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ, વર્ષ ૨૦૨૪માં શિક્ષકે પેપર ચેક કરવાના બહાને સગીર વિદ્યાર્થિનીને પોતાના ઘરે બોલાવી હતી. આ ઘટના અંગે પાટણ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારબાદ કેસની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં સ્પેશિયલ પોક્સો જજ એમ.એ. શેખે ૩૯ પાનાંનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે શિક્ષકને દોષિત ઠેરવી ચાર વર્ષની સખત કેદ અને ૨૫ હજારના દંડની સજા સંભળાવી હતી. દંડ ન ભરવામાં આવે તો વધારાના છ મહિનાની કેદની જોગવાઈ પણ ચુકાદામાં કરવામાં આવી છે.

અમદાવાદમાં ઈલેક્ટ્રિક બસોને ઝડપી ચાર્જિંગની સુવિધા મળશે : ૬ ટર્મિનસ પર સ્ટેશન બનશે

એએમટીએસ અને બીઆરટીએસની ઈલેક્ટ્રિક બસોના સંચાલનને વધુ સરળ બનાવવા મહત્વનો નિર્ણય



અમદાવાદ,

અમદાવાદ શહેરમાં એએમટીએસ અને બીઆરટીએસની ઈલેક્ટ્રિક બસોના સંચાલનને વધુ સરળ બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના ૬ બસ ટર્મિનસ પર રૂ. ૪.૮૭ કરોડના ખર્ચે ઓપોર્ચ્યુનિટી ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં પાલડી, વાસણા, વાડજ, રિટ્ઝ હોટેલ, લાલ દરવાજા અને સારંગપુર ટર્મિનસની પસંદગી કરવામાં આવી છે. આ તમામ સ્થળોએ ચાર્જિંગની સુવિધા ઊભી થતાં ઈલેક્ટ્રિક બસોના સંચાલનમાં સરળતા આવશે.

હાલમાં ઈલેક્ટ્રિક બસોને ચાર્જિંગ માટે અલગ સ્થળે લઈ જવાની જરૂર પડતી હોય છે. જોકે, નવા ચાર્જિંગ સ્ટેશન બન્યા બાદ બસોને ચાર્જિંગ માટે લાંબા અંતરે લઈ જવાની જરૂરિયાત ઘટી શકે છે. બસો પોતાના રૂટ પર દોડતી હોય ત્યારે ટર્મિનસ પર મળતા વિરામ દરમિયાન ચાર્જિંગ કરી શકાશે. તેનાથી બસોના સંચાલનમાં સમયની બચત થવાની સાથે મુસાફરોને મળતી સેવામાં પણ સુધારો થવાની શક્યતા છે.

અમદાવાદની સાબરમતી નદીમાં વાસણા બેરેજ પછી ઔદ્યોગિક પ્રદૂષણ હોવાની વ્યાપક ફરિયાદો

સાબરમતી નદીમાં ઔદ્યોગિક ગંદા પાણીનો નિકાલ કરવામાંઆવતા ખેતી પર વિપરિત અસર

અમદાવાદ,

અમદાવાદની સાબરમતી નદીને સ્વચ્છ રાખવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, પરંતુ નદીના કેટલાક વિસ્તારોમાં પ્રદૂષણને લઈને ગંભીર ચિંતાઓ સામે આવી રહી છે. ખાસ કરીને વાસણા બેરેજ પછીના વિસ્તારમાં ઔદ્યોગિક ગંદા પાણીના નિકાલ અને તેના કારણે ખેતી પર થતી અસર અંગે સવાલો ઊભા થયા છે. જો આ પાણીનો ઉપયોગ શાકભાજી ઉગાડવા માટે થતો હોય, તો તેની ગુણવત્તા અને લોકોના આરોગ્ય પર પડતી અસરની તપાસ કરવી



અત્યંત જરૂરી છે.

વાસણા બેરેજથી આગળ સાબરમતીના પાણીમાં ઔદ્યોગિક પ્રદૂષણ હોવાની ફરિયાદો ચિંતાજનક છે. ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ગંદા પાણીનો યોગ્ય નિકાલ ન થાય તો નદીના જળની ગુણવત્તા બગડી શકે છે. પાણીમાં ઓગળેલા ઓક્સિજનનું પ્રમાણ ઘટવાથી જળચર જીવો અને પર્યાવરણને પણ નુકસાન થઈ શકે છે. આ વિસ્તારમાં પાણીની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે વૈજ્ઞાનિક પરીક્ષણ અને નિયમિત દેખરેખ જરૂરી છે.

વાસણા બેરેજથી ધોળકા તરફના વિસ્તારોમાં પ્રદૂષિત પાણીથી ખેતી થતી હોવાના દાવા સામે આવ્યા છે. જો દૂષિત પાણીનો ઉપયોગ શાકભાજીના વાવેતર માટે કરવામાં આવતો હોય, તો તેમાં હાનિકારક રસાયણો કે ભારે ધાતુઓની હાજરી છે કે નહીં તે લેબોરેટરી પરીક્ષણથી તપાસવું જરૂરી છે. આ વિસ્તારોમાં ઉગાડવામાં આવતા શાકભાજી અમદાવાદના બજારો સુધી પહોંચે છે કે નહીં, તેની પણ સંબંધિત વિભાગોએ તપાસ કરવી જોઈએ.

પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય માછીમારોને વહેલી તકે મુક્ત કરાવવા રાજ્ય મંત્રીની અપીલ

માછીમાર સમાજના પ્રશ્નોના ઉકેલ માટે રાજ્યના મંત્રી પરસોતમ સોલંકીએ માછીમાર સમાજના આગેવાનો સાથે કરી CM સાથે મુલાકાત

ગાંધીનગર,

પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય માછીમારોને વહેલી તકે મુક્ત કરાવવા અને માછીમાર સમાજના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે રાજ્યના મંત્રી પરસોતમ સોલંકીએ માછીમાર સમાજના આગેવાનો સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન માછીમારોની મુક્તિ સહિતના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી સમક્ષ માછીમાર સમાજના પ્રશ્નો રજૂ કર્યા

આ મુલાકાતમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના કોળી સેના પ્રમુખ દીપાબેન બાભણિયા, માછીમાર આગેવાન છગનભાઈ બાંભણિયા અને યુવા કોળી સેના પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ આગેવાનોએ મંત્રી પરસોતમ સોલંકી સાથે મળીને મુખ્યમંત્રી સમક્ષ માછીમાર સમાજના પ્રશ્નો રજૂ કર્યા હતા.

પાકિસ્તાનની જેલમાં લાંબા સમયથી બંધ માછીમારોની મુક્તિનો મુદ્દો માછીમાર પરિવારો માટે ચિંતાનો વિષય બન્યો છે. દરિયાઈ સીમા નજીક માછીમારી દરમિયાન પકડાયેલા માછીમારોની વહેલી મુક્તિ થાય અને તેમના પરિવારોને રાહત મળે તે માટે સરકાર દ્વારા જરૂરી પ્રયાસો કરવામાં આવે તેવી માગ ઉઠાવવામાં આવી છે. થોડા દિવસ પહેલાં ઉનાના દેલવાડા ખાતે માછીમાર સમાજની બહેનોએ પણ પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોને છોડાવવા અને સમાજના અન્ય પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ મંત્રી પરસોતમ સોલંકીએ આગેવાનો સાથે મુખ્યમંત્રી સમક્ષ પ્રશ્નો પહોંચાડ્યા હોવાનું જણાવાયું છે.

માછીમાર સમાજના આગેવાનોને આશા છે કે સરકારના હસ્તક્ષેપથી પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોની મુક્તિ માટેના પ્રયાસોને વેગ મળશે. આ ઉપરાંત માછીમારોને દરિયાઈ સીમા, રોજગારી અને અન્ય પડકારો સંબંધિત પ્રશ્નોમાં પણ યોગ્ય રાહત મળે તેવી માગ કરવામાં આવી છે.

રાજકોટનાં પેરા એથ્લીટ સોનલ વસોયાની રાષ્ટ્રીય સ્તરે ઝળહળતી સિદ્ધિ

૧૯મી નેશનલ પેરા કેનો ચેમ્પિયનશિપમાં બે મેડલ જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું

રાજકોટઃ રમતગમત ક્ષેત્રે અડગ મનોબળ, સખત પરિશ્રમ અને દૃઢ નિશ્ચયથી સફળતાનાં શિખરો સર કરી શકાય છે, તે રાજકોટનાં પેરા એથ્લીટ સોનલબેન વસોયાએ સાબિત કરી બતાવ્યું છે. ભોપાલ ખાતે યોજાયેલી ૧૯મી નેશનલ પેરા કેનો ચેમ્પિયનશિપમાં તેમણે બે મેડલ જીતી ગુજરાતનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.



ગત તા. ૨૬થી ૨૮ ઓક્ટોબર દરમિયાન ભોપાલ ખાતે યોજાયેલી આ ચેમ્પિયનશિપમાં સોનલબેન વસોયાએ કાયક બોટની ૨૦૦ મીટર રેસમાં સિલ્વર મેડલ અને કેનો બોટની ૨૦૦ મીટર રેસમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

કોચ શ્રી મયંક ઠાકોરના માર્ગદર્શન હેઠળ ભોપાલના લોઅર લેક ખાતે વોટર સ્પોર્ટ્સની તાલીમ મેળવી રહેલાં સોનલબેન છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતને ૭ નેશનલ અને ૨ ઈન્ટરનેશનલ મેડલ અપાવનાર પેરા એથ્લેટ તરીકે વિશેષ સિદ્ધિ ધરાવે છે. તેમની આ સફળતા સતત મહેનત, શિસ્તબદ્ધ તાલીમ અને પડકારોને પાર કરવાની અડગ ભાવનાનું પ્રેરક ઉદાહરણ છે.

સોનલબેનની આ સિદ્ધિ પાછળ ગુજરાત સ્ટેટ કાયકિંગ એન્ડ કેનોઈ એસોસિએશનના પ્રમુખશ્રી ડૉ. ભગવતસિંહ વનાર, સેક્રેટરીશ્રી ડૉ. પરીક્ષિત ઈચ્છાપોરિયા, એસોસિએશનના કોચ શ્રી કરણ સેલર, સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપ એસોસિએશનના શ્રી કાંતિભાઈ પરીખ, શ્રી ગૌરવભાઈ પરીખ અને શ્રી ચંદુભાઈ ભાટી તેમજ રાજકોટ યુનિક વિકલાંગ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી શૈલેષભાઈ પંડ્યાનો સહયોગ અને માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યાં છે.

સોનલબેન વસોયાની આ સફળતા રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના રમતપ્રેમીઓ માટે ગૌરવની ક્ષણ છે. તેમની સિદ્ધિ અન્ય દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે અને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે નવો ઉત્સાહ પૂરો પાડશે.

વરાછા બેંક દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારી પરિષદમાં ડિરેક્ટર તરીકે નિમણૂક પામવા બદલ દિલીપભાઈ સંઘાણીનું સન્માન



સુરતઃદક્ષિણ ગુજરાત સહકાર પરિવાર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રના અગ્રણી આગેવાન અને માનનીય દિલીપભાઈ સંઘાણી ની International Cooperative Alliance (ICA)માં ડિરેક્ટર તરીકે નિમણૂક થવા બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ કો-ઓપરેટિવ બેંકનો દરજ્જો ધરાવતી ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરત વતી બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ કુકડીયા, વાઈસ ચેરમેનશ્રી રાજેન્દ્રભાઈ બાંભરોલીયા, બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન દિનેશભાઈ નાવડિયા તથા બેંકના ડિરેક્ટર બીપીનભાઈ વિરાણી, ડિરેક્ટર હરિભાઈ કથીરીયા, ડિરેક્ટર ભદ્રેશભાઈ લાખાણી, ડિરેક્ટર વલ્લભભાઈ ચોથાણી, કો-ઓપ્ટ ડિરેક્ટરશ્રી ઋછ શૈલેષભાઈ લાખણકિયા અને કો-ઓપ્ટ ડિરેક્ટરશ્રી ઋછ સંજયભાઈ શેલડિયા સાથે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય બાબુભાઈ વીડિયા, સભ્ય છગનભાઈ અસલાલીયા તેમજ સભ્યશ્રી ઋજી કિરણભાઈ ધાનાણી દ્વારા માનનીય દિલીપભાઈ સંઘાણી નું શાલ, મોમેન્ટો પુષ્પગુચ્છ અને પુસ્તક સાથે સન્માન કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

દિલીપભાઈ સંઘાણી ની આંતરરાષ્ટ્રીય સહકારી પરિષદમાં ડિરેક્ટર તરીકેની નિમણૂક એ ભારતીય સહકારી ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે. તેમની આ નિમણૂકથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય સહકારી ક્ષેત્રનું પ્રતિનિધિત્વ વધુ મજબૂત બનશે અને સહકાર ક્ષેત્રના વિકાસને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત સહિત સહકારી ક્ષેત્રના અનેક આગેવાનો, પ્રતિનિધિઓ અને મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સહકારભાવના, પરસ્પર સંવાદ અને સહકારી ક્ષેત્રની પ્રગતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરનાર રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય સહકારી પરિષદમાં નિમણૂક બદલ વરાછા કો-ઓપ. બેંક દ્વારા દિલીપભાઈ સંઘાણીનું ભવ્ય અભિવાદનદક્ષિણ ગુજરાત સહકાર પરિવારના ઉપક્રમે સહકારી અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણીનું સન્માન કરાયું

'ચાલ ભાઈ ધક્કા માર!' સિવિલની એમ્બ્યુલન્સમાં ફરી ખોટકો



રાજકોટઃરાજકોટ સિવિલ હોસ્પિટલ સતત વિવાદોમાં રહે છે. આજે અહીં બ્લડ ડોનેશન માટે ઉપયોગ લેવાતી એમ્બ્યુલન્સ વેનને ધક્કા મારતા કર્મચારીઓ જોવા મળ્યાં હતા. સિવિલની ખટારા એમ્બ્યુલન્સમાં ફરી ખોટકો આવતા એમ્બ્યુલન્સ ધક્કો મારી ચાલુ કરવી પડી હતી.

રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે આજે સરકારી તંત્ર અને વાહનોની જાળવણીની પોલ ખોલતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હોસ્પિટલ પરિસરમાં આવેલી 'મોબાઈલ બ્લડ ડોનેશન વેન' અચાનક બંધ પડી જતાં તેને ચાલુ કરવા માટે કર્મચારીઓએ રસ્તા પર ધક્કા મારવા પડ્યા હતા.

આ ઘટનાથી હોસ્પિટલ પ્રશાસનની કામગીરી સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ, સિવિલ હોસ્પિટલ હસ્તકની આ અદ્યતન રક્તદાન વાનમાં અચાનક કોઈ યાંત્રિક ખામી સર્જાઈ હતી અથવા તેની બેટરી ડાઉન થઈ ગઈ હતી. કટોકટીના સમયે અને દર્દીઓ માટે રક્ત એકત્રિત કરવા જેવી મહત્વની કામગીરી માટે વપરાતા આ વાહનને સેલ્ફ-સ્ટાર્ટ કરવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા.

આખરે કોઈ અન્ય વિકલ્પ ન મળતા હોસ્પિટલના ત્રણથી ચાર કર્મચારીઓએ ધોમધખતા તાપમાં વાહનને પાછળથી ધક્કા મારીને ચાલુ કરવાનો પ્રયાસ કરવો પડ્યો હતો. આ દ્રશ્ય જોઈને હોસ્પિટલમાં આવેલા દર્દીઓના સગા-સંબંધીઓ અને સ્થાનિક લોકોમાં ભારે આશ્ચર્ય જોવા મળ્યો હતો. લોકો ચર્ચા કરી રહ્યા છે કે જો આવી અદ્યતન અને ઈમરજન્સી સેવાઓ માટેની મોબાઈલ વેનની આ હાલત હોય, તો સામાન્ય એમ્બ્યુલન્સ અને અન્ય તબીબી સુવિધાઓની જાળવણી કેવી રીતે થતી હશે?નિયમિત સર્વિસ અને મેઈન્ટેનન્સના અભાવે જ આવી ઘટનાઓ બનતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

રાજકોટ ડિવિઝનની મહત્વપૂર્ણ સિદ્ધિઃ દ્વારકા સ્ટેશન પર ૧૨ મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજના ૧૧ ગર્ડર ૪.૫ કલાકમાં લોન્ચ

રાજકોટઃપશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના એન્જિનિયરિંગ વિભાગે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દ્વારકા રેલવે સ્ટેશન પર ૧૨ મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ કાર્યમાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આ અંતર્ગત પ્લેટફોર્મ નંબર ૧ અને પ્લેટફોર્મ નંબર ૨ ને જોડતા ભાગમાં ગર્ડર લોન્ચિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ કામગીરી દરમિયાન નિર્ધારિત સ્થળ પર કુલ ૧૧ ગર્ડર સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ જટિલ કામગીરી ૩૦૦ મેટ્રિક ટન ક્ષમતા ધરાવતી મુખ્ય ક્રેન અને વધારાની બેકઅપ ક્રેનની મદદથી સુનિયોજિત રીતે સંપન્ન કરવામાં આવી હતી. સમગ્ર પ્રક્રિયા દરમિયાન નિર્ધારિત સુરક્ષા માપદંડોનું પાલન કરવામાં આવ્યું હતું.

ગર્ડર લોન્ચિંગનું કામ નિર્ધારિત ૪.૫ કલાકના બ્લોક સમયગાળામાં પૂર્ણ કરી લેવામાં આવ્યું હતું, ત્યારબાદ રેલ વ્યવહાર સામાન્ય રીતે પુનઃસ્થાપિત કરવામાં આવ્યો



હતો. આ સિદ્ધિ એન્જિનિયરિંગ વિભાગની કાર્યક્ષમતા, વિવિધ ટીમો વચ્ચેનું ઉત્કૃષ્ટ સંકલન અને સંસાધનોનું અસરકારક સંચાલન દર્શાવે છે.

નોંધનીય છે કે આ અગાઉ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ પ્લેટફોર્મ નંબર ૧ અને સર્ક્યુલેટિંગ એરિયાને જોડતા સ્પાનના ગર્ડર્સનું લોન્ચિંગ કાર્ય પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ રીતે દ્વારકા સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ નિર્માણ કાર્યને નિર્ધારિત સમયમર્યાદા મુજબ આગળ ધપાવવામાં આવી રહ્યું છે.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, "અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દ્વારકા સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓનો વિસ્તાર અને આધુનિકીકરણ અમારી પ્રાથમિકતાઓમાં સામેલ છે. ૧૨ મીટર પહોળા નવા ફૂટ ઓવર બ્રિજથી મુસાફરોને સલામત અને સરળ અવરજવરની સુવિધા મળશે. મર્યાદિત બ્લોક સમયગાળામાં સુરક્ષા ધોરણોનું પાલન કરીને આ પડકારજનક કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવું એ એન્જિનિયરિંગ વિભાગ અને સંબંધિત ટીમોના ઉત્કૃષ્ટ સંકલન તેમજ કાર્યક્ષમતાનું પ્રમાણ છે."

નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણથી દ્વારકા સ્ટેશન પર મુસાફરોની અવરજવર વધુ સરળ બનશે, ભીડ વ્યવસ્થાપનમાં સુધારો થશે તથા સ્ટેશનની મુસાફર સુવિધાઓ અને એકંદર સ્વરૂપને બહેતર બનાવવામાં મદદ મળશે.

ગુજરાત યોગ બોર્ડ રાજકોટની વિવિધ શાળાઓમાં યોગ અને ધ્યાન સત્રો યોજાયા



રાજકોટઃ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી વિવિધ શાળાઓમાં બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે યોગ તથા ધ્યાનના વિશેષ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ મ્યુનિસિપાલિટી યોગ કો-ઓર્ડિનેટર શ્રી મીતાબેન તેરૈયાના જણાવ્યા અનુસાર, આ અભિયાન હેઠળ શ્રી સંત પુનિત મહારાજ પ્રાથમિક શાળા નં. ૮૭, કાંતા વિકાસગૃહ, પી. એન્ડ બી. સ્કૂલ તેમજ શાળા નં. ૬૫ (શ્રમજીવી) સહિતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે યોગાસન અને ધ્યાનના વર્ગો યોજવામાં આવ્યા હતા.

આ સત્રો દરમિયાન ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નિષ્ણાત યોગ કોચ અને ટ્રેનર્સ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની પદ્ધતિઓનું પ્રશિક્ષણ આપી તેનું પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ટ્રેનર્સ દ્વારા નિયમિત યોગાભ્યાસથી થતા શારીરિક સ્વાસ્થ્ય લાભો, રોજિંદા જીવનમાં ધ્યાનના મહત્વ તથા મેદસ્વિતામુક્તિ માટે કસરતના મહત્વ વિશે સવિસ્તાર સમજ આપવામાં આવી હતી.

શાળામાં યોગ અને ધ્યાનના અભ્યાસથી બાળકોમાં શારીરિક સુદ્રઢતા અને લચીલાપણું વધે છે તથા માનસિક એકાગ્રતા અને યાદશક્તિમાં નોંધપાત્ર સુધારો થાય છે. વિદ્યાર્થીઓમાં શિસ્ત તથા સકારાત્મક દ્રષ્ટિકોણનો વિકાસ થાય છે. આ અભિયાન થકી વિદ્યાર્થીઓમાં નાનપણથી જ તંદુરસ્ત અને સંતુલિત જીવનશૈલી કેળવાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

રાજકોટમાં ૨૨ હજારથી વધુ વાહન ધારકો આર.ટી.ઓ નાં વેઈટીંગમાં

પાસ થનારાની ટકાવારી ૧૧માંથી ૨૫ ટકા થઈઃ હજુ પણ કારના ટેસ્ટમાં સૌથી વધુ ફેઈલ

રાજકોટઃ રાજકોટ સહીત રાજયમાં જુદા જુદા શહેરોમાં જયારથી આર.ટી.ઓ કચેરીઓ ખાતે એ.આઈ.ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક શરૂ થયા છે. ત્યારથી ટેસ્ટમાં ફેઈલ થનારાઓની ટકાવારી ખુબ જ વધી જવા પામી છે. જેને કારણે ફેર ટેસ્ટ આપનારાઓનું લીસ્ટ પણ સતત લાંબુ થઈ રહ્યું છે. આથી આર.ટી.ઓ તંત્રની કામગીરી પણ બેવડાઈ છે અને ટ્રેક સતત ધમધમી રહ્યો છે.

રાજકોટની જ વાત કરીએ તો અત્રેની આરટીઓ કચેરીમાં દોઢ માસ કરતા વધુ સમયથી ૨૨ હજારથી વધુ વાહન ધારકો ટેસ્ટ આપવાની પ્રતિક્ષામાં છે.આથી આ વેઈટીંગ ઘટાડવા માટે સ્થાનિક



આરટીઓ વિભાગ દ્વારા ચાલુ સપ્તાહનાં શનિ-રવિની રજામાં પણ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક સવારે ૮ થી સાંજે ૬ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

આરટીઓ અધિકારી એઆઈ ટાંકના જણાવ્યા મુજબ આ બે દિવસ દરમ્યાન ૧૫૦૦ જેટલા વાહન ધારકોની ડ્રાઈવીંગ પરીક્ષા લેવાશે. જેથી વેઈટીંગમાં થોડો ઘટાડો થઈ શકે. વધુમાં તેઓએ એવુ પણ જણાવેલ હતું કે આટલુ વધુ વેઈટીંગ ટેસ્ટમાં સતત ફેઈલ થનારા વાહન ચાલકોનાં કારણે છે. અનેક એવા ઉમેદવાર છે જે ૩ થી ૪ વખત ફેઈલ થયા છે.

જોકે શ્રી ટાંકે એવુ પણ જણાવેલ હતું કે હવે ધીમે ધીમે પાસ થનારાઓની ટકાવારી વધવા લાગી છે. છેલ્લા કેટલાંક સમયથી રાજકોટ જીલ્લામાં ૧૧ ટકામાંથી વધીને પાસ થનારા લોકોની ટકાવારી ૨૨ થી ૨૫ ટકા વધવા પામી છે. જોકે ઉલ્લેખનીય બાબત એ છે કે સૌથી વધુ કારના ટેસ્ટમાં લોકો ફેઈલ થાય છે. આજની સ્થિતિએ પણ કારના ટેસ્ટમાં ફેઈલ થનારા ૮૦ ટકા જેટલા છે જોકે ટુ વ્હીલરનુ રીઝલ્ટ સારૂ છે. અને લોકો હવે સતત ટુ વ્હીલરના ટેસ્ટમાં પાસ થવા લાગ્યા છે.

ઓસ્ટ્રેલિયા ખાતે ધર્મપ્રચાર પ્રવાસ પૂર્ણ કરી વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર વડોદરા પરત પધાર્યા

વડોદરા : વિશ્વભરમાં સનાતન હિન્દુ ધર્મ, પુષ્ટિમાર્ગીય સંસ્કૃતિ અને ભારતીય સંસ્કારોના પ્રચાર-પ્રસાર માટે સતત કાર્યરત વૈષ્ણવાચાર્ય પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે છ દિવસીય ધર્મપ્રચાર પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કરી વડોદરા પરત પધાર્યા છે.

પૂજ્યશ્રીના આ પ્રવાસ દરમિયાન સિડની ખાતે આવેલ દક્ષિણ ગોળાર્ધની સૌથી વિશાળ પુષ્ટિમાર્ગીય હવેલી 'ફર્સ્ટ કૃષ્ણધામ સંકુલ'ના પ્રથમ પાટોત્સવની અત્યંત ભવ્ય અને ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ ઐતિહાસિક પ્રસંગે ઓસ્ટ્રેલિયામાં વસતા વૈષ્ણવ પરિવારોમાં વિશેષ ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો.૨ એકરથી વધુ વિસ્તારમાં નિર્મિત ભવ્ય VYO કૃષ્ણધામ સંકુલ

સિડની ખાતે બે એકરથી વધુ વિશાળ વિસ્તારમાં વિકસિત VYO કૃષ્ણધામ સંકુલ આજે ઓસ્ટ્રેલિયામાં વસતા વૈષ્ણવ પરિવારો માટે આસ્થા, સંસ્કાર, સત્સંગ અને સામાજિક એકતાનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે.

દક્ષિણ ગોળાર્ધની સૌથી વિશાળ પુષ્ટિમાર્ગીય હવેલી તરીકે ઓળખાતા આ સંકુલના પ્રથમ પાટોત્સવની ઉજવણી પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીની અધ્યક્ષતા અને પાવન સાન્નિધ્યમાં યોજાઈ હતી.આ પ્રસંગે ૧૧૦૦થી વધુ વૈષ્ણવો અને ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી ઠાકોરજીના દર્શન, સત્સંગ તથા વિવિધ ધાર્મિક



કાર્યક્રમોનો લાભ લીધો હતો.પૂજ્યશ્રીનાં વચનામૃત દ્વારા જીવનમાં ભક્તિ, સંસ્કાર અને આધ્યાત્મિકતાનો સંદેશ

પ્રથમ પાટોત્સવના અવસરે પૂજ્યશ્રી દ્વારા ત્રણ દિવસ સુધી વિશેષ વચનામૃતનું આયોજન કરવામાં આવ્યું હતું.પોતાનાં પ્રેરણાદાયી વચનામૃતમાં પૂજ્યશ્રીએ શ્રીમદ્ ભાગવતજી, શ્રીમદ્ ભગવદ્ ગીતા તથા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોના આધારે જીવનમાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે સમર્પણ, નિઃસ્વાર્થ સેવા, સદાચાર અને પારિવારિક સંસ્કારોનું મહત્વ સમજાવ્યું હતું.

વિશેષ કરીને વિદેશમાં વસતા ભારતીય પરિવારોને સંબોધતાં પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે, વિદેશની ધરતી ઉપર રહીને પણ આપણી આવનારી પેઢીને ભારતીય સંસ્કૃતિ, માતૃભાષા, ધર્મ અને સંસ્કારો સાથે જોડાયેલી રાખવી એ દરેક પરિવારની મહત્વપૂર્ણ જવાબદારી છે.પૂજ્યશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, હવેલી માત્ર દર્શન અને પૂજાનું સ્થાન નથી, પરંતુ આવનારી પેઢીને સંસ્કાર આપતું, પરિવારોને જોડતું અને સમાજને સકારાત્મક દિશા આપતું આધ્યાત્મિક કેન્દ્ર છે.

પાટોત્સવ દરમિયાન બાળકો અને યુવાનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.બાળકોએ ભારતીય સંસ્કૃતિ, ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ તથા ધાર્મિક પરંપરાઓને ઉજાગર કરતી સુંદર કૃતિઓ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.પૂજ્યશ્રીએ બાળકોને આશીર્વાદ પાઠવી વિદેશમાં વસતા પરિવારો દ્વારા નવી પેઢીને ધર્મ અને સંસ્કૃતિ સાથે જોડવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ડ્રાયફ્રૂટના ભાવમાં ૫૦ ટકા વધારો છતાં દિવાળી હેમ્પર માટે અઢળક ઓર્ડર

રાજકોટઃદિવાળી એટલે ઉત્સવ, ઉમંગ અને આપ-લેનો અવસર. તહેવારના આ માહોલમાં પોતાના કર્મચારીઓ, વેપારી મિત્રો અને સ્વજનોને ભેટ આપવાની પરંપરા આજે પણ એટલી જ જીવંત છે. એક તરફ મોંઘવારીના કારણે ઘરવપરાશની અનેક ચીજવસ્તુઓના બજેટમાં કાપ મૂકાઈ રહ્યો છે.

તો બીજી તરફ દિવાળીના ગિફ્ટ હેમ્પર માટે લોકોનો ઉત્સાહ ઓછો થયો નથી. ખાસ કરીને ડ્રાયફ્રૂટના ભાવમાં ગત વર્ષની સરખામણીએ ૫૦ ટકા સુધીનો વધારો થયો હોવા છતાં બજારમાં ગિફ્ટ હેમ્પરના ઓર્ડરનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. જોકે, વધતા ભાવ વચ્ચે ગ્રાહકોની પસંદગીમાં ફેરફાર આવ્યો છે. મોંઘા પિસ્તા અને અન્ય ડ્રાયફ્રૂટના સ્થાને હવે ચોકલેટ, કૂકીઝ, બેરીઝ અને વિવિધ પ્રકારનાં સીડ્સને હેમ્પરમાં સ્થાન મળી રહ્યું છે.

દિવાળી નજીક આવતાં જ શહેરની ઓફિસો, વેપારી



પેઢીઓ અને ઉદ્યોગોમાં કર્મચારીઓ માટે બોનસ તથા ભેટની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દર વર્ષે કંપનીઓ અને ઉદ્યોગકારો પોતાના કર્મચારીઓને કાજુ, બદામ, કિશમિશ અને પિસ્તાથી ભરેલા ગિફ્ટ હેમ્પર આપતા હોય છે.

સમયની સાથે આ ભેટ આપવાની રીતમાં પણ નવીનતા આવી છે. પહેલાં સામાન્ય બોક્સમાં ડ્રાયફ્રૂટ પેક કરીને આપવામાં આવતાં હતાં, જ્યારે હવે આકર્ષક પેકિંગ, ખાસ પ્રકારની બરણીઓ અને અલગ-અલગ વસ્તુઓના કોમ્બિનેશનવાળા હેમ્પર તૈયાર કરાવવામાં આવી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, દિવાળીના ગિફ્ટ હેમ્પર માટે અંદાજે ૧૫ દિવસ અગાઉથી તૈયારીઓ શરૂ કરવામાં આવે છે અને મોટાભાગના ઓર્ડર તહેવારના બે દિવસ પહેલાં પહોંચાડવામાં આવે છે.

ડ્રાયફ્રૂટના વેપારીઓ નું કહેવું છે કે ગત વર્ષની સરખામણીમાં આ વખતે ડ્રાયફ્રૂટમા ૫૦ ટકા વધારો થયો છે ઈરાન અને અમેરિકાના યુદ્ધના કારણે ભાવ આસમાને પહોંચ્યા છે. મોટું કારણ સપ્લાય છે યુદ્ધ ના કારણે ડોલર ના ભાવ વધ્યા છે અને સાથે ક્ધટેન્ટર ના ભાડા મા વધારો થયો છે. આ ઉપરાંત ઓર્ડર મુજબ માલ મળતાં સમય વધારે લાગે છે. પરંતુ તેની અસર ઓર્ડર ઉપર નથી થઈ આ વર્ષે પણ વિવિધ ઓફિસ અને ઉદ્યોગકારો તરફથી અઢળક ઓર્ડર આવ્યા છે. બદામ અમેરિકા, કાજુ આફ્રિકા, પિસ્તા ઈરાન થી આવે છે.

ધર્મેન્દ્ર રોડ બાદ હવે લાખાજીરાજ રોડ પણ રોશનીથી ઝળહળી ઉઠ્યો

રાજકોટઃદિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહેતાં રાજકોટમાં તહેવારની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે. બજારોમાં ખરીદીનો માહોલ જામવા લાગ્યો છે, ત્યારે શહેરની જૂની અને ધમધમતી બજારોને આકર્ષક રોશનીથી શણગારવામાં આવી રહી છે. ધર્મેન્દ્ર રોડ અને કડિયાવાળ નાકા બાદ ગઈકાલે લાખાજીરાજ રોડ પર પણ રોશનીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

મેયર નેહલ શુક્લના હસ્તે રોશનીનો પ્રારંભ થતાં સમગ્ર બજાર ઝળહળતી લાઈટોથી શોભી ઊઠ્યું હતું. દિવાળીના



આશરે ૧૫ દિવસ પહેલાંથી જ ખરીદી માટે લોકો મોટી સંખ્યામાં બજારોમાં ઉમટી પડતા હોય છે. કપડાં, ઘરવપરાશની વસ્તુઓ અને તહેવારની તૈયારીઓ માટેની વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે લાખાજીરાજ રોડ સહિતની જૂની બજારોમાં લોકોની અવરજવર વધવા લાગી છે.બજારના રસ્તાઓ અને દુકાનોને રોશનીથી શણગારવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં દિવાળીનો ઉત્સવી માહોલ છવાયો છે. લાખાજીરાજ રોડ પર રોશનીના ઉદ્ઘાટન પ્રસંગે મેયર નેહલ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળિયા, ભાજપના સિનિયર નેતા કશ્યપ શુક્લ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દિવાળીના તહેવારને આવકારવા બજારોમાં કરવામાં આવેલી આ રોશનીથી વેપારીઓ અને ખરીદી માટે આવતા નાગરિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

મુક્ત માર્ગ, ઝડપી ભારતઃ ટોલ વ્યવસ્થાનું નવું સ્વરૂપ

પરિવહન એ કોઈ પણ દેશના અર્થતંત્રની જીવાદોરી છે. ભારતમાં દરરોજ લાખો વાહનો લાંબા અંતરની મુસાફરી કરે છે. આ મુસાફરી દરમિયાન ટોલનાકાં પર રોકાવું પડે એ ઘણી વાર સમય, ઇંધણ અને ધીરજ ની ત્રણેયની ખોટ સર્જે છે. સરકારી આંકડા મુજબ દેશના ટોલનાકાંમાંથી વાર્ષિક ૨૪ થી ૨૫ હજાર કરોડ રૂપિયાની આવક થાય છે, પણ આ વસૂલાત પાછળ જ ૧૦ થી ૧૫ ટકા રકમ વહીવટમાં ખરાઈ જાય છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે આઈઆઈએમ-કોલકાતાના એક અભ્યાસ અનુસાર ટોલનાકે થતા વિલંબને કારણે દર વર્ષે આશરે ૬૦ હજાર કરોડ રૂપિયાનું ઇંધણ વ્યર્થ બળી જાય છે.FASTag એ આ સમસ્યાના ઉકેલ તરીકે રજૂ થયો હતો. પ્રારંભિક તબક્કે વાહનને બેરિયર પાસે ધીમું કરવું પડતું હતું, જેનાથી કતારો રહેતી. પરંતુ હવે નંબર પ્લેટ ઓળખતા કેમેરા સાથે FASTag જોડાઈ જતાં અવરોધરહિત ટોલ વસૂલાત શક્ય બની છે. વાહન ધીમું કર્યા વગર, ઊભું રહ્યા વગર ટોલ પસાર કરી શકે છે.

ખાનગી કાર, જીપ અને વાન માટે FASTag વાર્ષિક પાસની સુવિધા પણ ઉપલબ્ધ છે. જોકે આ સુવિધા ફક્ત પાત્ર બિનવ્યાપારી વાહનો માટે છે; તમામ વાહનોને તે લાગુ પડતી નથી.અહીં એ સ્પષ્ટ સમજવું જરૂરી છે કે FASTag વાર્ષિક પાસ અને અવરોધરહિત ટોલ વસૂલાત લ આ બે સંપૂર્ણપણે અલગ વ્યવસ્થાઓ છે. વાર્ષિક પાસ ચોક્કસ શરતોને આધીન ટોલ ચુકવણીની પદ્ધતિ બદલે છે, જ્યારે અવરોધરહિત વ્યવસ્થા વાહનને રોક્યા વગર ચુકવણી પૂર્ણ કરે છે.નવી વ્યવસ્થા ઘડતી વખતે સરકારી આવક ટકાવી રાખવી એટલી જ જરૂરી છે જેટલી નાગરિકોનો સમય અને પૈસા બચાવવા. ટોલની આવક માર્ગોની જાળવણી અને વિકાસ પાછળ વપરાય છે, તેથી કોઈ પણ વિકલ્પમાં આવક ઘટવી ન જોઈએ અને રસ્તાઓની ગુણવત્તા પણ ટકવી જોઈએ. નવી પદ્ધતિથી થતી બચત, વહીવટી ખર્ચમાં થતો ઘટાડો અને વાહનચાલકોને મળતી રાહત લ આ ત્રણેયનું સ્વતંત્ર મૂલ્યાંકન થવું જોઈએ.આજના ભારતને ફક્ત નવા રસ્તાઓ જ નહીં, વધુ સ્માર્ટ પરિવહન વ્યવસ્થા પણ જોઈએ. સાચા વિકાસનો અર્થ એ છે કે નાગરિકનો સમય બચે, ઇંધણનો વ્યય ઘટે, પ્રદૂષણ ઓછું થાય અને જાહેર નાણાંનો મહત્તમ ઉપયોગ થાય. ટોલનાકાંની હાલની વ્યવસ્થામાં સુધારો કરવો કે સંપૂર્ણપણે નવી પદ્ધતિ અપનાવવી લ એ નિર્ણય અભ્યાસ અને પુરાવા પર આધારિત હોવો જોઈએ. સરકાર, પરિવહન નિષ્ણાતો, વીમા ક્ષેત્ર, ઉદ્યોગજગત અને સામાન્ય નાગરિકો સાથે ચર્ચા–વિચારણા કરીને આ દિશામાં આગળ વધી શકાય.

ટોલટેક્સ વસૂલવાનો હેતુ માર્ગ વિકાસ માટે નાણાં મેળવવાનો છે, લોકોને બિનજરૂરી વિલંબમાં ફસાવવાનો નહીં. જો નવીન વિચારસરણી, યોગ્ય આયોજન અને આધુનિક ટેક્નોલોજીના સંયોજનથી ટોલ વસૂલાત સરળ બનાવી શકાય, તો દેશની ઉત્પાદકતા વધારવામાં પણ મદદ મળશે. સમયની બચત એ જીવનની બચત છે, ઇંધણની બચત એ પર્યાવરણની બચત છે, અને વહીવટી ખર્ચમાં ઘટાડો એ જાહેર નાણાંનો વધુ સારો ઉપયોગ છે.

ઊંચેરા આભને આંબતા કલાના કિરણો...



ભાવનગર શહેર એક કલા પ્રેમી અને કલાની સાધના કરતુ શહેર છે. જ્યાં દરેક ક્ષેત્રમાં કોઈપણ વસ્તુને કલાત્મકતાનો ઓપ આપવામાં આવે છે. રોડની સાઈડમાં આવેલી દીવાલ હોય તો ત્યાં સમાજને સંદેશ પુરા પાડતા ચિત્રો, અમુક સમયે રોડ પણ સકારાત્મક પ્રેરણા આપતી રંગોળી કે પછી કોઈપણ મોટી ઈવેન્ટ્સ હોય ત્યાં કલા છલકાતી જોવા મળે છે. બસ આવી કલા સાધના આજે આભને આંબતી જોવા મળી. સીદસર થી લાખણકા ડેમ તરફ જતાં એક ઓવરહેડ પાણીની ટાંકી જોવા મળે છે. જેના પર ખરેખર ખુબ જ જીણવટ ભરી અને બારીકાઈ સાથેનું સુંદર ચિત્ર દોરવામાં આવ્યું છે. દૂરથી ખુબ જ અદભુત લાગતી આ કલા પર સૂર્યનાં કિરણો જયારે પડે છે ત્યારે મન પ્રફુલ્લિત થઈ જાય છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ખરેખર ભાવનગરની કલાને આંબતી કરી છે કે જેના પર કિરણો પડતા સોનેરી કલાના દર્શન થાય છે. ધન્ય છે ભાવનગરની કલા પ્રિય જનતાને.....

વિદુરજીનો ઉપદેશ

વિદુરે ધૃતરાષ્ટ્રને નીતિની વાત કરી. તમે અજાતશત્રુ મહાત્મા યુધિષ્ઠિરને તેમનો ભાગ આપી દો. ભીમરૂપી કાળા નાગથી તો તમે પણ ઘણા ગભરાઓ છો; તેમના નાના ભાઈઓ સહિત તેઓ પ્રતિશોધ માટે ફુંફાડા મારી રહ્યા છે. તમને ખબર નથી શ્રીકૃષ્ણે પાંડવોને અપનાવી લીધા છે.મહાભારતમાં વિદુરનીતિ બહુ જ પ્રસિદ્ધ છે. મહાભારતના વિદુરજી પોતે સ્પષ્ટ વક્તા છે અને જ્ઞાની છે. શ્રીમદ્ ભાગવતજીમાં વિદુરજી સ્પષ્ટ વક્તા અને જ્ઞાની સાથે ભગવાનના ભક્ત તરીકે પ્રસ્તુત થાય છે. ભગવાનને અત્યંત પ્રિય પાત્ર એટલે વિદુરજી. જયારે ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને જ્ઞાન આપ્યું તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને કહ્યું હતું કે, 'મારો ભક્ત વિદુર મળે તો તેમને આ જ્ઞાન આપજો'. શ્રીમદ્ ભાગવતજીના તૃતિય સ્કંધના પ્રથમ અધ્યાયમાં વિદુરજીની તિર્થયાત્રાનું વર્ણન છે. વિદુરજી કોઈ સામાન્ય વ્યક્તિ નહોતા. હસ્તિનાપુરના મંત્રી હતાં. ભગવાનના ભક્ત હતાં. માટે જયારે ભગવાન શ્રીકૃષ્ણ શાંતિદુત બની હસ્તિનાપુરમાં આવ્યા તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું કે, હે દુર્યોધન ! પાંડવોને રહેવા માટે પાંચ ગામ તો આપો.! તે સમયે દુર્યોધને કહ્યું કે, સોંયના અણી જેટલી જમીન પણ પાંડવોને નહીં મળે. પાંડવોએ જે કંઈ લેવું હશે એ યુદ્ધ કરીને મેળવવું પડશે. એ બધી વાત જવાદો ! છપ્પનભોગ તૈયાર છે. ભગવાન બોલ્યાં હે દુર્યોધન ! તને ખબર નથી કે વ્યક્તિ ક્યારે ભોજન કરે ? એક તો આપત્તિના સમયે ભોજન કરવું જ પડે અવું હોય ત્યારે વ્યક્તિ જમે અને બીજું કે જો જમાડવાવાળાનો ભાવ હોય ત્યારે વ્યક્તિ ભોજન કરે. અત્યારે આ બન્નેમાંથી એકેય પરિસ્થિતિનો હું અહેસાસ કરતો નથી. હું નથી અત્યારે આપત્તિમાં કે નથી તને મારા ઉપર કોઈ ભાવ ! તો હું શું કામ ભોજન કરું? દુર્યોધનના છપ્પનભોગનો ત્યાગ કરી ભગવાન વિદુરજીના મહેલમાં આવ્યાં. કુંતાજીને મળી વિદુરજીને મળી ભગવાન નિકળ્યા. તે સમયે ધૃતરાષ્ટ્રે વિદુરજીને બોલાવ્યાં.

સંતે પ્રસન્નતાનું રહસ્યોદ્ઘાટન કર્યું

એ યુવાન સંતની કુટીર પાસે આવીને ઊભો છે. કુટીરની બહારનું દ્રશ્ય એ એકચિત્તે નિહાળી રહ્યો છે. 'વાહ ! કલકલ વહેતી નદી નિર્મળ સરિતાને કિનારે તે રળિયામણા અને શાંત ઉપવનના સાન્નિધ્યે આ કુટીર આવેલી છે. વૃક્ષોની ડાળો પર બેઠેલાં પક્ષીઓનો કલરવ પૂરા વાતાવરણને સંગીતમય બનાવે છે. ફૂલો પર બેસીને મધુર રસ ચૂસતા ભ્રમરોને તેનો નાદ કર્ણમધુર છે. નદીની લહેરોને સ્પર્શીને આવતો મંદ સમીર તનમનને તરબતર કરે તેવો છે, પરંતુ આટલું આહલાદક અને સુંદર વાતાવરણ હોવા છતાં મારા મનને કેમ શાંતિ નથી અને હું જ્યારે જ્યારે અહીં આવું છું, મને આ સંતના દર્શન કરું છું ત્યારે મને એવું લાગે છે કે, આ સંત હંમેશાં પ્રસન્ન જ હોય છે. મને સંત જેવી સંપૂર્ણ પ્રસન્નતાના માલિક બનવાની ઝંખના છે તે ક્યારે પૂર્ણ થશે ? હા, ઘર કે ઓફિસના વાતાવરણમાંથી બહાર નીકળી જ્યારે જ્યારે અહીં આવું ત્યારે થોડીક હળવાશનો અનુભવ થાય છે, પણ તે ઘડી-બે ઘડી. ઓફિસ, ઘર વગેરેની પ્રવૃત્તિનું સ્મરણ થતાં નિરાકુળ દશા સરી જાયપ આવું સતત ચાલ્યા કરે.' એટલામાં સંત બહાર આવે છે અને યુવકને પૂછે છે, 'ભાઈ, તું ક્યારે આવ્યો ? અને આમ ગંભીર વિચારમગ્ન મુખમુદ્રા ? શેના વિચારે ચડી ગયો છે ?' યુવાને ગુરૂજીને વંદન કર્યા અને કહે કે, 'એક વાતની મને મૂંઝવણ છે. ગુરૂજીએ સ્મિત સાથે કહ્યું, 'ભાઈ, આજે આપણે આ મૂંઝવણને ઉકેલી દેવી છે. મને કહે શી વાત છે ?'

'ગુરૂજી, હું જ્યારે જ્યારે અહીયા આવું ત્યારે ત્યારે મેં હંમેશાં તમારી પ્રસન્ન મુખમુદ્રાનાં જ દર્શન કર્યાં છે. ક્યારેક તમારા મુખ પર મેં ઉદાસી, પ્રતિકૂળતા, ગ્લાનિ કે લગીરે દુઃખ-દર્દવાળી રેખાઓ જોઈ જ નથી. હા, અહીં તમે એકાંતમાં રહો, સ્વતંત્ર વિચરણ કરો છો, સંસારની જવાબદારીથી મુક્ત છો એ પણ પ્રસન્નતાનું એક કારણ હોય, પણ સાથે સાથે તમે છદ્મસ્થ શરીરધારી છો, ક્યારેક શરીર પીડા આપે, ક્યારેક સ્વાસ્થ્ય બરાબર ન હોય, માટે ઘણીવાર તમારે પણ પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડતો હોય છતાં તમારી પ્રસન્નતાની અખંડતા અને સાતત્ય હું જઈ શકું છું. તમારી આ પ્રસન્નતાનું રહસ્ય શું ? ગુરૂજી, આવી પ્રસન્નતાનો હું સ્વામી કઈ રીતે બની શકું ? મને તેનો સચોટ ઉપાય બતાવો.' ગુરૂ કહે, 'ચાલ મારી સાથે.' યુવક અને સંત થોડું આગળ ચાલ્યા પછી સંત કહે, 'તું આ પથ્થર ઊંચકી લે.' યુવાને તે પથ્થર ઉંચકી લીધો. સંત કહે, 'જ્યાં સુધી તને પ્રસન્નતાની અનુભૂતિ ન થાય ત્યાં સુધી તું આ પથ્થર ઉપાડીને જ ચાલજે, જેવી અનુભૂતિ થાય ત્યારે તરત આ પથ્થર છોડી દેજે.' થોડું આગળ ચાલ્યા. સંત કહે, 'તો રસ્તાની બન્ને બાજુ ઊભા પાકથી લહેરાતાં ખેતરો, મા વસુંધરાની માનવ, પશુ-પંખીની ક્ષુધા સંતોષવીપ આ અનુપમ ભેટ છે. જો કેવું સુંદર વાતાવરણ છે ! યુવક નિરુત્તર આગળ ચાલે છે. આગળ જતાં નદી આવે છે. સંત કહે, 'ભાઈ, ખળખળ વહેતી આ સરિતાના નીરમાંથી પ્રગટ થતું સંગીત માણવા જેવું છે ! જો ભાઈ, સમગ્ર સૃષ્ટિના જીવોની તૃષા છીપાવવા લોકમાતાના ઉપકારના સાતત્યનું દર્શન કેવું રળિયામણું છે ! છતાં તારા મુખ પર પ્રસન્નતાના ભાવો કેમ નથી ?' બે-ત્રણ કિલોમીટર આગળ ચાલ્યા. નપાણિયા પ્રદેશમાં પ્રવેશ્યા. બંજર જમીન સડક કિનારે છૂટાછવાયાં પર્ણવિહીન વૃક્ષો, સૂમસામ રસ્તો. સંત કહે, 'હવે આ પથ્થર નીચે મૂકી દે અને આગળ ચાલ.' બે-પાંચ ડગલાં ચાલ્યા પછી સંત યુવકને પૂછે છે, 'હવે કેવું લાગે છે ?' યુવક કહે, 'હું હળવો થયો. મને પ્રસન્નતાની અનુભૂતિ થઈ રહી છે.' સંત કહે, 'તેં જ્યાં સુધી તે પથ્થર ઉપાડ્યો હતો ત્યાં સુધી આહલાદક પ્રકૃતિ, સૌંદર્યસભર વાતાવરણમાં પણ તને પ્રસન્નતા ના મળી, કારણ કે તું પથ્થરના ભાર સાથે ચાલતો હતો. એક પથ્થર મૂકતાં બંજર રસ્તો સારું વાતાવરણ ન હોવા છતાં પ્રસન્નતા મળી, કારણ ભાર ગયો, હળવાશ આવી તેથી પ્રસન્નતા મળી.'

વિશેષ

આપણે ઇચ્છાઓ, અપેક્ષાઓના પોટલા સાથે ચાલીએ છીએ. રાગ, દ્વેષ, લોભ, માન, માયા, ક્રોધના કષાયના ભાર સાથે જીવનમાં ચાલીએ છીએ જેથી પ્રસન્નતાની અનુભૂતિ થતી નથી. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓનો ભાર વેંઢારીને ચાલીએ છીએ જેથી જીવનમાં પ્રસન્નતા ગુમાવીએ છીએ. યાદ રહે, સરળતા જ જીવનનું સૌંદર્ય છે. આહાર પ્રત્યેની આસક્તિ ઓછી, અન્યને અભયદાન આપીએ, પરિગ્રહ અને વાસના પાતળી પડે તો પ્રસન્નતા આપણા દરવાજા પર ઊભી હશે. પ્રસન્નતાના રહસ્યોદ્ઘાટન કરનાર સંતને યુવક કહે, 'હે કલ્યાણમિત્ર ગુરૂભગવંત, હવે મને સમજાયું કે, પ્રસન્નતાનો ભંડાર તો મારી ભીતરમાં જ છે.'

બાયોટેકનોલોજી : કચરાને સંપત્તિમાં ફેરવવાનો જાદુ

આપણા શહેરોમાં રોજેરોજ જે કચરો એકઠો થાય છે એને આપણે ફેંકી દઈએ છીએ, પણ એ કચરો ખરેખર નકામો છે ખરો? આ સવાલનો જવાબ હવે બદલાઈ ગયો છે. જે ઉકરડા આપણને દૂરથી દુર્ગંધ આપતા હતા અને આંખોને અશોભનીય લાગતા હતા, એ જ ઉકરડા આજે બાયોટેકનોલોજીના વરદાનથી આર્થિક સધ્ધરતાના સોપાન બની શકે છે.

શહેરી ઘન કચરો એટલે કે સીટી ગાર્બેજ આજે માથાના દુખાવા જેવો બન્યો છે, પણ સાચી રીતે જોઈએ તો એમાંથી કુદરતી ખાતરથી માંડીને પાવર જનરેશન સુધીની શક્યતાઓ છુપાયેલી છે. આપણે ફક્ત દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. ભાવનગર, રાજકોટ, જામનગર જેવા શહેરોમાં ઘન કચરાના નિકાલની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે, પણ આ જ સમસ્યા સમાધાનનો દ્વાર પણ છે. શહેરોમાં નગરજનો દ્વારા રોજેરોજ ફેંકવામાં આવતા કચરાને સીટી ગાર્બેજ કહેવામાં આવે છે, જયારે કારખાનાઓ અને ઉદ્યોગનગરમાંથી નીકળતા કચરાને ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ કહેવાય છે. આ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ ઘન, પ્રવાહી અથવા વાયુ રૂપમાં હોઈ શકે છે અને એ ખૂબ જ જોખમી પ્રદૂષણ ફેલાવે છે. ગુજરાતની ઔદ્યોગિક વસાહતો જે પ્રદૂષણ ફેલાવે છે તેનો કોઈ સચોટ ઉપાય હજુ આવ્યો નથી. ગત વર્ષોમાં અમુક ઔદ્યોગિક વિસ્તારને ક્રિટિકલ પોલ્યુશન ઝોનમાં મૂકવામાં આવ્યો અને ગુજરાતના ઘણા ઔદ્યોગિક એકમોને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ક્લોઝર નોટિસો આપવામાં આવી છે, જે દર્શાવે છે કે ઔદ્યોગિક પ્રદૂષણનો પ્રશ્ન કેટલો ગંભીર છે.

જો આપણે માત્ર સીટી ગાર્બેજ એટલે કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની વાત કરીએ તો આ પ્રશ્ન પણ ઉકેલવો જરાય સહેલો નથી. ભાવનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સોલિડ વેસ્ટના નિકાલનું કામ ખૂબ સારી રીતે થાય છે, પરંતુ આ કચરાનો જે રીતે સાર્થક ઉપયોગ થવો જોઈએ તે હજુ થઈ શકતો નથી. ભાવનગરમાં રૂવાપરીના મંદિર પાસે તથા નારી ગામ પાસે કચરાના નિકાલની સાઇટ આવેલી છે. ચાવડી ગેટ પાસે સીટી ગાર્બેજ ને પ્રોસેસિંગ કરવાનો પ્લાન્ટ આવેલો છે.સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા શહેરી વિસ્તારની બહાર રોજેરોજ ખડકાતા આવા ઘન કચરાના વિશાળકાય ઢગલાઓમાંથી આવતી માથું ફાડી નાખે એવી બદબૂથી વાતાવરણ પ્રદૂષિત થાય છે અને વરસાદી બાષ્પીભવનને કારણે આ કચરા દ્વારા જમીન તથા ભૂગર્ભ જળ સુધ્ધા પ્રદૂષિત થઈ ગયા છે. વાસ્તવમાં આ માટે કાયદાઓ પણ છે. ધી મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ રૂલ્સ ૨૦૦૦નો હાલ માત્ર ૧.૪ ટકા જ અમલ થાય છે એમ કેન્દ્રનું પ્રદૂષણ બોર્ડ પોતે સ્વીકારે છે. આ સ્થિતિ ખરેખર શરમજનક છે.

હવે સવાલ એ થાય છે કે આ કચરાનું કરવું શું? જવાબ એ છે કે કચરાના પ્રકાર પ્રમાણે તેની પ્રોસેસિંગ કરીને તેમાંથી અનેક ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે. ઓર્ગેનિક સીટી ગાર્બેજ એટલે કે વનસ્પતિજન્ય તેમજ જૈવિક કચરો, જેમાં સડેલા ફળો, બગડેલા શાકભાજી અને એગ્રીકલ્ચર વેસ્ટનો સમાવેશ થાય છે, તેમાંથી કિંમતી ખાતર બની શકે છે જેના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનને આવક થઈ શકે છે. ઘન કચરામાંથી વીજ ઉત્પાદન પણ થઈ શકે છે. પ્લાસ્ટિક અને તેના જેવો કચરો રીસાયકલ થઈ શકે છે. ઈલેક્ટ્રોનિક વેસ્ટ ખાસ કરીને બેટરી અને અજાણ્યા કેમિકલો હેઝાર્ડ વેસ્ટમાં આવે છે, જે અતિ જોખમી હેઝાર્ડસ મટિરિયલની કક્ષામાં આવે છે. આમ, ઉકરડા જેવી આ અણઉકેલ સમસ્યાના સમાધાન પણ છે. આ આફતને અવસરમાં પલટી નાખવાનો જાદુ હવે હાથવગો છે.બાયોટેકનોલોજીના વિકાસ બાદ હવે સીટી ગાર્બેજમાંથી કુદરતી ખાતરથી માંડી પાવર જનરેશન થઈ શકે છે. અમુક અણગમતા કચરાનું રિસાયક્લિંગ આર્થિક આવક ઉભી કરે છે. બાયોટેકનોલોજી દ્વારા આ સમસ્યા દૂર કરવાની અનેક રીતો છે. જૈવિક કચરાને એનારોબિક ડાયજેશન પ્રક્રિયા દ્વારા બાયોગેસમાં ફેરવી શકાય છે, જેમાંથી વીજળી અને ખાતર બંને મળે છે. કમ્પોસ્ટિંગ દ્વારા ઓર્ગેનિક કચરાને ખાતરમાં ફેરવી શકાય છે. બાયોરિમીડિએશન દ્વારા પ્રદૂષિત જમીન અને જળને સાફ કરી શકાય છે. એન્ઝાઇમ આધારિત પ્રક્રિયાઓ દ્વારા પ્લાસ્ટિક જેવા કચરાનું વિઘટન

આસપાસ યોપાસ
સુરેશ ભટ્ટ

થઈ શકે છે. આમ, બાયોટેકનોલોજી એ કચરાને સંપત્તિમાં ફેરવવાનું શક્તિશાળી સાધન છે.

જો આ સમસ્યાનો વહેલાસર યોગ્ય ઉપાય નહીં થાય તો વિશ્વમાં બીમારીના કિસ્સાની સંખ્યા માઝા મુકશે એમાં બેમત નથી. પ્લાનિંગ કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ૧ જૂન ૨૦૧૪ના રોજ પ્રકાશિત કરેલા રિપોર્ટ ઓફ ટાસ્ક ફોર્સ ઓન વેસ્ટ ટુ એનર્જીમાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે અપાયેલા ઘન કચરાના આંકડા એટલા ચોંકાવનારા છે કે છેલ્લા ત્રણ વર્ષમાં એ ચિત્ર એનાથી પણ વધુ ભયાનક થઈ ગયાનો અંદાજ માંડી શકાય તેમ છે. આ અહેવાલ એ છે કે ભારતના ૪૯૩૫ શહેરોમાં રહેતા લગભગ ૩૦.૭૦ કરોડ લોકો રોજનો સરેરાશ ૧,૮૦,૦૦૦ ટન કચરો પેદા કરે છે. એટલે કે રોજ દેશની માત્ર ૩૧.૧૫ ટકા શહેરી વસ્તી વ્યક્તિદીઠ ૪૫૦ ગ્રામના હિસાબે દર વર્ષે ૬,૮૦,૦૦,૦૦૦ ટન કચરો પેદા કરે છે. આ કચરામાં બંગલાવાળાઓને આરોપાતો કચરો, રસ્તા પરથી કચરો વીણનારાઓ દ્વારા ઉઠાવી લેવાતો કચરો તથા ઈલેક્ટ્રોનિક્સ, મેડિકલ વેસ્ટ અને ઔદ્યોગિક કચરા દ્વારા ફેંકાતો કચરો તો ગણતરીમાં લેવાયો જ નથી. આટલા કચરાનો નિકાલ કરવા માટે લગભગ ૧૨૫૦ ચોરસ કિલોમીટર જમીન જોઈએ. શું સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું તંત્ર, જે પોતે ખાડે ગયેલું હોય એમને માટે આટલા વિશાળ જથ્થાના ઘન કચરાનો નિકાલ કરવો શક્ય છે ખરો? ચોંકાવનારી બાબત તો એ છે કે આ આંકડા શહેરી વિસ્તારના માત્ર ૩૧.૧૫ ટકા લોકોના જ છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતી અન્ય ૬૮.૮૫ ટકા પ્રજા જેટલો કચરો પેદા કરે છે એનો તો હિસાબ પ્લાનિંગ કમિશન પણ નથી લગાવી શક્યું! એનાથી પણ વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે જે ઝડપે કચરાના ઉત્પાદનમાં વધારો થઈ રહ્યો છે એ જોતા ૨૦૩૧માં પ્રતિદિન અંદાજે ૪,૫૦,૧૩૦ ટનથી વધુ એટલે કે વર્ષે ૧૯.૫ કરોડ ટન કચરો પેદા થશે, જેના નિકાલ માટે અંદાજે ૬૫ હજાર હેક્ટર જમીન જોઈશે. શું આટલી જમીન ફાળવવી શક્ય છે? ૨૦૫૦માં પ્રતિદિન ૧૧,૯૫,૦૦૦ ટન કચરો એકઠો થવાની શક્યતા છે એમ આ અહેવાલ સત્તાવાર રીતે સ્વીકારે તો એ વાત પણ સ્વીકારે છે કે શહેરી વિસ્તારમાંથી માંડ ૬૮ ટકા કચરો એકઠો કરવાની વ્યવસ્થા થઈ છે. બાકીના ૩૨ ટકા કચરો તો ભગવાન ભરોસે છોડી દેવાય છે. આ ૬૮ ટકામાંથી પણ માત્ર ૨૮ ટકાનો જ નિકાલ થાય છે! આ તમામ પ્રકારના કચરામાં હજુ ઈલેક્ટ્રોનિક, મેડિકલ વેસ્ટ અને ઔદ્યોગિક ઝેરી ઘન કચરાનો તો ઉમેરો જ નથી કરાયો, જે સ્વાસ્થ્યની રીતે સૌથી વધુ જોખમી છે.

સત્તાવાર અહેવાલમાં વિવિધ રાજ્યો દ્વારા કચરો એકઠો કરવાની અને તેના વૈજ્ઞાનિક નિકાલની થતી પ્રક્રિયાના દર્શાવાયેલા આંકડાઓ પર એક નજર નાખવા જેવી છે. સહેલાણીઓનું ગમતું સ્થળ ગોવા પ્રતિદિન નિકાલ કરવા પોગ્ય માત્ર ૧૮૩ ટન ઘન કચરો પેદા કરે છે અને પર્યટકો ખરાબ છાપ લઈને પરત ન જાય એ માટે એમાંથી ૧૮૨ ટનનો એટલે કે ૯૩.૪૫ ટકા કચરાનો તે જ દિવસે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી દેવાય છે. જ્યારે ૮૧.૯૦ ટકા સાથે આંધ્રપ્રદેશ બીજા અને ૭૩.૫૩ ટકા સાથે ચંડીગઢ ત્રીજા ક્રમે છે. ગુજરાતમાં પ્રત્યેક દિવસ સરેરાશ ૮૩૩૬ ટન કચરો ઉત્પન્ન થાય છે. એમાંથી સરેરાશ ૭૩૭૮ ટન કચરો એકઠો થાય છે પણ માત્ર ૧૧૬ ટન કચરાનો જ પદ્ધતિસર નિકાલ થાય છે, એટલે કે માત્ર ૧.૩૯ ટકા! આ આંકડો ગુજરાત જેવા વિકસિત રાજ્ય માટે ખરેખર ચિંતાજનક છે.

આ સમસ્યાનો ઉકેલ ફક્ત સરકાર પર નાખી દેવાથી નહીં થાય. આપણા શહેરોને નીટ એન્ડ ક્લીન કરવા માટે હવે પાયાના સ્તરથી સામૂહિક રીતે કામ કરવું પડશે. વ્યક્તિગત સ્વચ્છતા સૌ જાળવે અને



આભાર - નિહારીકા રવિયા ઘરઘરમાં જાગૃતિ આવે તો ભાવનગર-રાજકોટ જેવા શહેરો સ્વચ્છ અને સુંદર અવશ્ય બની શકે છે. પ્રજાની જવાબદારી છે કે ઓછામાં ઓછો કચરો પેદા કરે અને પ્રવાહી, પ્લાસ્ટિક, ખાદ્ય જેવા વિવિધ પ્રકારમાં જુદો કરીને જ સ્થાનિક તંત્રને પહોંચાડે, જે સભાનભર્યું છે. સ્વચ્છતા એ ફક્ત સરકારી કામ નથી, એ આપણી સામૂહિક જવાબદારી છે. જો આપણે સૌ મળીને કચરાને સંપત્તિમાં ફેરવવાની કલા શીખીએ તો ઉકરડા ખરેખર આર્થિક સધ્ધરતાના સોપાન બની શકે છે. બાયોટેકનોલોજી, રિસાયક્લિંગ અને યોગ્ય વ્યવસ્થાપન દ્વારા આપણે આ સમસ્યાને સંપૂર્ણપણે દૂર કરી શકીએ છીએ. જરૂર છે ફક્ત ઈચ્છાશક્તિ અને જાગૃતિની. આપણે જો આજે જ પગલાં નહીં લઈએ તો આવતી પેઢી માટે આ સમસ્યા વધુ ગંભીર બનશે એમાં કોઈ શંકા નથી. પરંતુ જો આપણે સમય રહેતા સુધી સાચી દિશામાં પ્રયત્નો કરીએ તો ઉકરડા પણ આપણને આર્થિક રીતે સધ્ધર બનાવી શકે છે.

કોલકાતા નાઈટ રાઇડર્સ હાર્દિક પંડ્યા માટે શ્રેષ્ઠ વિકલ્પ હોવાનો રવિચંદ્રન અશ્વિનનો મત

મુંબઈ,

આઈપીએલ ટ્રેડ વિન્ડોમાં હાર્દિક પંડ્યાની આસપાસ ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. એવી અટકળો ચાલી રહી છે કે મુંબઈ ઈન્ડિયન્સનો વર્તમાન કેપ્ટન હાર્દિક ફ્રેન્ચાઈઝી છોડી શકે છે. અહેવાલો અનુસાર, પાંચથી છ ટીમો તેને સાઇન કરવાનો પ્રયાસ કરી રહી છે. દરમિયાન, ભારતના ભૂતપૂર્વ સ્પિનર રવિચંદ્રન અશ્વિને કોલકાતા નાઈટ રાઇડર્સ (કેકેઆર) ને હાર્દિક માટે શ્રેષ્ઠ વિકલ્પ ગણાવ્યો છે. તેમનું માનવું છે કે હાર્દિકને કેકેઆરની કેપ્ટનશીપ પણ આપી શકાય છે.

હાર્દિકનું નામ ચેન્નાઈ સુપર કિંગ્સ ,કેકેઆર અને તેની ભૂતપૂર્વ ટીમ, ગુજરાત ટાઇટન્સ સાથે પણ જોડવામાં આવી રહ્યું છે. અગાઉ, એવી અટકળો હતી કે કેપ્ટનશીપ કલમને કારણે ગુજરાતમાં તેમનું વાપસી અટકાવવામાં આવ્યું હતું. જો કે, અશ્વિન કહે છે કે હવે હાર્દિક માટે તેની આગામી ફ્રેન્ચાઈઝીમાં કેપ્ટનશીપ ફરજિયાત આવશ્યકતા નથી.અશ્વિને પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે કેકેઆર હાર્દિક માટે એક આદર્શ ટીમ બની શકે છે. તેમણે સંભવિત ટ્રેડ વિકલ્પો પણ સૂચવ્યા. અશ્વિનના મતે, કેકેઆર હાર્દિકના બદલામાં વરુણ ચક્રવર્તી, હર્ષિત રાણા અથવા રિંકુ સિંહ જેવા ખેલાડીઓ પર વિચાર કરી શકે છે. જોકે, તેમણે ઉમેર્યું કે અભિષેક નાયર



કેકેઆર સાથે હોય ત્યારે વરુણને ટ્રેડ કરવું મુશ્કેલ બની શકે છે.

અશ્વિને કહ્યું, "કેકેઆરમાં ઘણી સંભાવના છે, કારણ કે હાર્દિક પણ ત્યાં કેપ્ટન બની શકે છે. તેઓ તેની જગ્યાએ વરુણ ચક્રવર્તીને ઓફર કરી શકે છે. પરંતુ જ્યાં સુધી અભિષેક નાયર છે, મને નથી લાગતું કે વરુણ કેકેઆર છોડી દેશે. હર્ષિત રાણા અને રિંકુ સિંહ અન્ય વિકલ્પો હોઈ શકે છે."અશ્વિને બીજી એક રસપ્રદ શક્યતા વ્યક્ત કરતા કહ્યું કે ગુજરાત ટાઇટન્સ હાર્દિકના બદલામાં રાશિદ ખાનને મુંબઈ ઈન્ડિયન્સને ટ્રેડ કરી શકે છે. તેમના મતે, મુંબઈને ભારતીય વિકેટકીપરની જરૂર છે અને બોલિંગ વિભાગ, જે તાજેતરના વર્ષોમાં નબળો પડી ગયો છે, તેને મજબૂત બનાવવાની જરૂર છે. તેમણે પંજાબ કિંગ્સ તરફથી અઝમતુલ્લાહ ઉમરઝાઈ માટે સંભવિત વેપારની પણ ચર્ચા કરી. રાજસ્થાન રોયલ્સ અંગે, અશ્વિને યશસ્વી જયસ્વાલ, સેમ કુરન અને અન્ય ઘણા ખેલાડીઓને સંભવિત વિકલ્પો તરીકે સૂચિબદ્ધ કર્યા.

અશ્વિન હાર્દિકને ખરીદવાની રેસમાં છ ટીમો હોવાની વાત સાથે અસંમત હતો. તેમના મતે, લખનૌ સુપર જાયન્ટ્સ રેસમાં નથી. તેમણે CSK, KKR, રાજસ્થાન રોયલ્સ, ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સને સંભવિત દાવેદાર તરીકે સૂચિબદ્ધ કર્યા.

આયર્લેન્ડ ક્રિકેટ ટીમના લેગ-સ્પિનર બેન વ્હાઇટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી

નવીદિલ્હી,

આયર્લેન્ડ ક્રિકેટ ટીમના ખેલાડી અને પ્રખ્યાત લેગ-સ્પિનર બેન વ્હાઇટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. બેન વ્હાઇટ માત્ર ૨૮ વર્ષનો છે અને આયર્લેન્ડ ટીમનો મુખ્ય સભ્ય રહ્યો છે. તેણે છેલ્લે ડિસેમ્બર ૨૦૨૫ માં બાંગ્લાદેશ સામે પોતાના દેશ માટે રમ્યો હતો, જે મેચ આયર્લેન્ડ જીતી ગયો હતો. બેન વ્હાઇટે ૨૦૨૧ માં દક્ષિણ આફ્રિકા સામે પોતાની પ્રથમ મેચ રમીને પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીની શરૂઆત કરી હતી.



બેન વ્હાઇટને ત્રણેય ફોર્મેટમાં આયર્લેન્ડ માટે રમવાની તક મળી છે અને તે ત્રણ ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમનો ભાગ રહ્યો છે. પોતાની નિવૃત્તિ અંગેના એક નિવેદનમાં, બેને કહ્યું, "હું ક્રિકેટ આયર્લેન્ડનો આભાર માનવા માંગુ છું કે તેણે મને મારા દેશનું પ્રતિનિધિત્વ કરવાની અને ઉચ્ચતમ સ્તરે ક્રિકેટ રમવાનું મારું બાળપણનું સ્વપ્ન પૂર્ણ કરવાની તક આપી. ત્રણ આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપમાં આયર્લેન્ડનું પ્રતિનિધિત્વ કરવું અને ટેસ્ટ ક્રિકેટ રમવું એ એવી વસ્તુ હતી જેની મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી." પરંતુ હું હંમેશા આનો ખૂબ ગર્વ કરીશ અને રસ્તામાં મળેલા અનુભવો અને યાદો માટે આભારી રહીશ.

ઋતિક રોશને તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાનને શ્રેષ્ઠ માતા ગણાવી : પુત્રોના ઉછેર બદલ પ્રશંસા કરી

મુંબઈ,

ઋતિક રોશન અને સુઝાન ખાન ચૌદ વર્ષના લગ્નજીવન પછી ૨૦૧૪ માં અલગ થઈ ગયા. બંને સારા મિત્રો રહે છે અને ઘણીવાર જાહેર કાર્યક્રમોમાં સાથે જોવા મળે છે. તેઓ ખાસ પ્રસંગોએ સોશિયલ મીડિયા ટિપ્પણીઓ દ્વારા એકબીજાને ટેકો આપવાનું ચાલુ રાખે છે. તાજેતરમાં જ, ઋતિકે તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન માટે એક હૃદયસ્પર્શી જન્મદિવસની નોંધ લખી. તેમાં, તેણે વ્યક્ત કર્યું કે સુઝાને જીવનમાં જે કંઈ મેળવ્યું છે તેના પર તે કેટલો ગર્વ અનુભવે છે. ઋતિકની ગર્લફ્રેન્ડ, સબા આઝાદ, લાલ હૃદયવાળા ઈમોજી સાથે પોસ્ટ પર ટિપ્પણી કરી."જેલર ૨" ના



અભિનેતા ઋતિકે સુઝાન સાથેના પોતાના કેટલાક ફોટા શેર કર્યા છે, જેમાં તેમના પુત્રો, હેહાન અને હૃધાન સાથેનો એક ફોટો પણ શામેલ છે. તેણે કેપ્શનની શરૂઆત આ રીતે કરી, "આ ઇચ્છા થોડી મોડી પડી છે, પરંતુ તે હજુ પણ મારા હૃદયના ઊંડાણમાંથી છે. જન્મદિવસની શુભેચ્છાઓ, સુઝાન!" હું ઈચ્છું છું કે આ વર્ષ તમારા માટે એટલો જ પ્રેમ, હૂંફ, ખુશી અને જાદુઈ ક્ષણો લાવે જે તમે તમારી આસપાસના લોકોને સુંદર અને ઉદારતાથી આપો છો.આ જ પોસ્ટમાં, ઋતિકે આગળ લખ્યું, "તમે જે જીવન જીવ્યા છો, તમે જે પડકારોનો સામનો કર્યો છે અને આજે તમે જે વ્યક્તિ બન્યા છો તેના પર મને ખૂબ ગર્વ છે. તમારી પાસે ખરેખર માતાનો જુસ્સો છે." સમાપન કરતાં, ઋતિકે સુઝાનને તેના બાળકો માટે "શ્રેષ્ઠ માતા" ગણાવી અને લખ્યું, "તમે રે અને રિઝ્ઝની શ્રેષ્ઠ માતા છો, અને હું ખૂબ ભાગ્યશાળી અનુભવું છું કે મને એવી માતા મળી છે જે તમારા જેવી સકારાત્મકતા અને તેમના જીવનમાં પ્રકાશ લાવે છે. તમે ક્યારેય જીવનના તેજસ્વી પાસાને જોવાનું બંધ કરતા નથી! તમે ખરેખર અદ્ભુત છો. જેમ પપ્પા કહે છે, ફક્ત અદ્ભુત લોકો જ અદ્ભુત કાર્યો કરી શકે છે! અને તમે ખરેખર અદ્ભુત કાર્યો કરો છો. તમારી પાસે વધુ શક્તિ રહે!" હું ઈચ્છું છું કે 'ધ ચારકોલ પ્રોજેક્ટ' વિશ્વના દરેક શહેર સુધી પહોંચે જ્યાં તમારું હૃદય પહોંચવાનું સપનું જુએ છે.

દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ દૂસરા અંગે ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી પાસેથી વિગતો માંગી

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલી ને ફિલ્મ "દૂસરા" માં ચોક્કસ સામગ્રી ઓળખવા કહ્યું છે જે કથિત રીતે તેમના વ્યક્તિત્વના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. ન્યાયાધીશ તેજસ કારિયાએ ગુરુવારે નિર્દેશ જારી કર્યા. કોર્ટે ફિલ્મ નિર્માતાઓ સામે ગાંગુલીના મુકદ્દમાને ૨ નવેમ્બરના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ કર્યો છે.

કોર્ટે પ્રતિવાદીઓને ફિલ્મનો પેન ડ્રાઇવ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો. આ ફિલ્મ એક મધ્યમ વર્ગની રાજસ્થાની છોકરીની કાલ્પનિક વાર્તા કહે છે,





જે ક્રિકેટર સાથે સંકળાયેલી કેટલીક રમતગમતની ઘટનાઓથી પ્રેરિત છે. ગાંગુલી ઉપરાંત, લવ ફિલ્મ્સ એલએલપી પણ આ કેસમાં વાદી છે.લવ ફિલ્મ્સ એલએલપી ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન પર બાયોપિક "દાદા" બનાવી રહી છે. તેણે આરોપ લગાવ્યો છે કે "દૂસરા" તેના "કરાર અધિકારોનું ઉલ્લંઘન કરે છે." કોર્ટે વાદીઓને તેમની આગામી ફિલ્મ "દાદા" ની હસ્તપ્રત સીલબંધ પરબિડીયુંમાં સબમિટ કરવા અને સમજાવવા કહ્યું કે પ્રતિવાદીઓની ફિલ્મ તેમના કરારના અધિકારોનું ઉલ્લંઘન કેવી રીતે કરે છે. "દૂસરા" ફિલ્મ રિલીઝ થયા પછી પણ વાદીઓના વકીલે વચગાળાના મનાઈ હુકમની રાહત માંગી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે ફિલ્મ હજુ સુધી ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ નથી.વાદીઓના વકીલે જણાવ્યું હતું કે ફિલ્મ સૌરવ ગાંગુલીના જીવન પર આધારિત છે અને તેમની છબીનો સંમતિ વિના દુરુપયોગ કરવામાં આવ્યો છે. વકીલે જણાવ્યું હતું કે ઇન્ટરમિશન પછીનો ભાગ ૨૦૦૨ ની નેટવેસ્ટ મેચ વિશે છે. પ્રતિવાદીઓના વકીલે વાંધો ઉઠાવતા કહ્યું હતું કે તેઓએ રમતગમતની ઈવેન્ટમાંથી ક્લિપના કોપીરાઇટ ધારકો પાસેથી પરવાનગી મેળવી હતી.

લસિથ મલિંગાએ મુંબઈ ઈન્ડિયન્સ છોડી દીધું, કોચિંગ સેટઅપમાંથી વધુ બે વ્યક્તિઓને દૂર કરવામાં આવ્યા

મુંબઈ,

બધી ફ્રેન્ચાઈઝીઓએ ૨૦૨૭ માં ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૦મી સીઝન માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેમાં કેટલીક તેમના કોચિંગ સેટઅપમાં ફેરફાર સાથે શરૂઆત કરી છે. આવો જ એક ફેરફાર મુંબઈ ઈન્ડિયન્સનો છે, જેની છેલ્લી કેટલીક સીઝન ખરાબ રહી છે. મહેલા જયવર્ધનેના મુખ્ય કોચિંગ પદ પરથી વિદાય પછી, મુંબઈ ઈન્ડિયન્સે કિરોન પોલાર્ડને તેમના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા. તેમના કોચિંગ સેટઅપમાં હવે કેટલાક વધુ ફેરફારો જોવા મળ્યા છે, જેમાં દિગ્ગજ ફાસ્ટ બોલર લસિથ મલિંગાની વિદાયનો સમાવેશ થાય છે. પારસ મ્હામ્બ્રે અને કાર્લ હોપકિન્સન પણ ટીમ છોડી ચૂક્યા છે.

મુંબઈ ઈન્ડિયન્સ માટે ખેલાડી તરીકે રમનાર લસિથ મલિંગા નિવૃત્તિ પછી ફ્રેન્ચાઈઝના કોચિંગ સેટઅપનો ભાગ બન્યા, વિવિધ ભૂમિકાઓમાં સેવા આપી. મલિંગાએ ફ્રેન્ચાઈઝના ચાર આઈપીએલ-ટાઈટલ અને ૨૦૧૧ ચેમ્પિયન્સ લીગ ૨૦ વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ મલિંગા મુંબઈ ઈન્ડિયન્સમાં માર્ગદર્શક અને કોચ તરીકે પાછો ફર્યો. મલિંગાને વિશ્વ ક્રિકેટના શ્રેષ્ઠ ઝડપી બોલરોમાંના એક માનવામાં આવે છે, જેમણે અનેક વિશ્વ રેકોર્ડ બનાવ્યા છે. મલિંગા ઉપરાંત, પારસ મ્હામ્બ્રે પણ મુંબઈ ઈન્ડિયન્સના કોચિંગ સેટઅપનો મુખ્ય ભાગ રહ્યા છે, જે અગાઉ ૨૦૧૦ થી ૨૦૧૭ સુધી ફ્રેન્ચાઈઝ સાથે રહ્યા હતા અને ત્યારબાદ ૨૦૨૪ માં મુંબઈ ઈન્ડિયન્સ કોચિંગ સેટઅપમાં પાછા ફર્યા હતા.

લસિથ મલિંગા અને પારસ મ્હામ્બ્રે ઉપરાંત, મુંબઈ ઈન્ડિયન્સ કોચિંગ સેટઅપમાંથી દૂર કરાયેલા ત્રીજા સભ્ય કાર્લ હોપકિન્સન છે, જેઓ ૨૦૨૫ સીઝન પહેલા કોચિંગ સેટઅપમાં જોડાયા હતા અને ફિલ્ડિંગ કોચનું પદ સંભાળ્યું હતું. હવે, મુંબઈ ઈન્ડિયન્સે પણ હોપકિન્સનથી અલગ થઈ ગયા છે. ૧૬ ડિસેમ્બરે મિની પ્લેયર ઓક્શન પહેલા મુંબઈ ઈન્ડિયન્સ તેમના કોચિંગ સેટઅપમાં કોને નિયુક્ત કરે છે તેના પર બધાની નજર રહેશે.

અભિનેત્રી સાઈ પલ્લવી ભગવાન રામની માફક આત્મનિરીક્ષણ કરી શકે તેવો જીવનસાથી ઇચ્છે છે

મુંબઈ,

'રામાયણ'ની રિલીઝ માટે ફક્ત એક અઠવાડિયું બાકી હોવાથી, આખી ટીમ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. ૫ નવેમ્બરના રોજ રિલીઝ થનારી આ મેગા-બજેટ ફિલ્મમાં, રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકા ભજવશે, જ્યારે સાઈ પલ્લવી સીતાની ભૂમિકા ભજવશે. કન્નડ સુપરસ્ટાર યશ રાવણની ભૂમિકા ભજવશે, અને સની દેઓલ બજરંગબલીનું પાત્ર ભજવશે. આ દરમિયાન, કલાકારો ફિલ્મના પ્રમોશન માટે "કૌન બનેગા કરોડપતિ ૧૮" ના સેટની મુલાકાતે ગયા હતા, જ્યાં અમિતાભ બચ્ચને "રામાયણ" ટીમને ફિલ્મ અને તેમના અંગત જીવન વિશે હળવાશથી પ્રશ્નો પૂછ્યા



હતા. આ દરમિયાન, બિગ બીએ સાઈ પલ્લવીને તેના લગ્ન વિશે પણ પૂછ્યું. તેમણે તેણીને પૂછ્યું કે જો તેણી લગ્ન કરે તો તેણી તેના ભાવિ જીવનસાથીમાં કયા ગુણો ઇચ્છશે. સાઈએ જવાબ આપ્યો કે એક સારો માણસ તેના માટે સૌથી મહત્વપૂર્ણ છે, અને તેણીએ કેટલાક અન્ય ગુણોનો પણ ઉલ્લેખ કર્યો.

"કૌન બનેગા કરોડપતિ ૧૮" ના સ્ટેજ પર, અમિતાભ બચ્ચને સાઈ પલ્લવીને તેના જીવનસાથી વિશે પ્રશ્ન કર્યો, "જો તમે ક્યારેય લગ્ન કરવાનું નક્કી કરો છો, તો તમે કેવા પ્રકારનો વ્યક્તિ પસંદ કરશો?" સાઈએ જવાબ આપ્યો, "પહેલા, તે એક સારો વ્યક્તિ હોવો જોઈએ. તે ખૂબ સ્વાર્થી કે સ્વાર્થી ન હોવો જોઈએ. એવી વ્યક્તિ જે આત્મનિરીક્ષણ કરી શકે, પોતાની અંદર જોઈ શકે અને પોતાના કાર્યોનો હિસાબ લઈ શકે. તેણે સમજવું જોઈએ કે જીવનમાં તે ક્યાં છે. લોકો ભૂલો કરી શકે છે, પરંતુ તેઓ તેને સુધારવા સક્ષમ હોવા જોઈએ. તેઓ એવા ન હોવા જોઈએ જે કહે, 'તેણે આ કર્યું, તેથી મેં તે કર્યું.' મારી પાસે ખૂબ લાંબી યાદી છે. સૌથી અગત્યનું, તે એક સારો વ્યક્તિ હોવો જોઈએ, અને જો તે રસોઈ શીખે છે, તો તે શ્રેષ્ઠ છે."શો દરમિયાન, અમિતાભ બચ્ચને સાઈ પલ્લવીને તેના શિક્ષણ વિશે પણ પ્રશ્ન કર્યો અને પૂછ્યું કે તેણીએ મેડિકલનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી અભિનયને કારકિર્દી તરીકે કેમ પસંદ કર્યો. સાઈ પલ્લવીએ હસીને કહ્યું, "ભગવાન પોતે લખ્યું છે કે મારે અભિનય કરવો જોઈએ." સાઈનો જવાબ સાંભળીને, બિગ બી થોડા મૂંઝવણમાં મુકાઈ ગયા, તેથી રણબીરે જવાબ આપ્યો, "તે ભગવાનનો પ્રિસ્ક્રિપ્શન હતો, સાહેબ, તેણીએ અભિનય કરવો જોઈએ." આ સાંભળીને, દર્શકો, જેમાં બિગ બી પણ સામેલ હતા, ખડખડાટ હસી પડ્યા. સાઈ પલ્લવીએ જ્યોર્જિયાની તિબિલિસી સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાંથી મેડિસિનનો અભ્યાસ કર્યો હતો, પરંતુ પછીથી અભિનય પસંદ કર્યો.

સાઈ પલ્લવી હાલમાં નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત "રામાયણ" માટે સમાચારમાં છે.

શબ્દ શોધો

ડ	શિ	ક	ડી	ર	ર	બા	સ	ભો	પ્રા	ચી	કુ
ર	મ	કા	ધ	આ	વ	ધ	પ્ર	ર	સા	ણ	જ્ઞા
કુ	બિ	રી	તી	બા	ત	સા	ભો	એ	બ	ન	ફ
ન	ગી	તા	પ	સ	બં	ગી	ચ	ધ	રો	બં	કા
ર	ક્ષ	સ	કા	બં	ખ	મ	મ	બા	ફ	બ	ગુ
ધ	શિ	અ	જ્ઞા	વા	ક	અ	ચી	ણિ	શ	લા	ડ
જ્ઞા	બં	શિ	વિ	ગ	પ્ર	ફ	લ	જ	મ	મ	ર
મા	ણ	રી	ઝ	લ	સ	કા	લ	ડો	રો	ગં	કા
ગુ	બા	લ	ક	ળો	ભા	જ્ઞા	ઐ	વિ	ર	ન	અ
અં	મ	ચ	ક	ચા	ર	દ	બિ	કી	ગ	હિ	સ
બા	લ	ના	ર	ભો	આ	ભ	વા	ક	ભો	ળો	અ
ધ	ળ	ળ	મ	ગુ	મા	ન	બા	લ	ઓ	ક	એ

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

પિતા અભિનેતા સૈફ અલી ખાને ક્યારેય મારા ફિલ્મ કરાર પર વાટાઘાટો કરી નથી : સારા અલી



મુંબઈ,

અભિનેત્રી સારા અલી ખાન તેની ફિલ્મ "ઉડતા તીર" માટે સમાચારમાં છે. દરમિયાન, તેણીએ તેના કૌટુંબિક પૃષ્ઠભૂમિ વિશે ચાલી રહેલી ચર્ચાને સંબોધિત કરી છે. તેણીએ સ્પષ્ટતા કરી કે તેના પિતા, અભિનેતા સૈફ અલી ખાને ક્યારેય તેના ફિલ્મ કરાર પર વાટાઘાટો કરી નથી. તેણીએ એક પ્રખ્યાત ફિલ્મ પરિવારમાંથી આવવાના બેવડા પાસાઓની ચર્ચા કરી.ફિલ્મફેર સાથેની વાતચીતમાં, સારાએ કહ્યું, "હું મારી સિંગલ માતા સાથે રહું છું. મારા પિતા ક્યારેય મારા કરાર પર વાટાઘાટો કરવા માટે કોઈ ઓફિસ ગયા નથી, ન તો તેમણે ક્યારેય કોઈને તેમની ફિલ્મોમાં મને કાસ્ટ કરવા વિનંતી કરી. જ્યારે મને 'કેદારનાથ' દરમિયાન કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો, ત્યારે મેં તે જાતે ઉકેલી. તે સમયે કોઈ મારી સાથે નહોતું. તે બેધારી તલવાર જેવું છે, કારણ કે મારો કોઈ ગોડફાધર ઇન્ડસ્ટ્રીમાં નહોતો."

સારાએ સ્વીકાર્યું કે તેના પરિવારને કારણે તેને ચોક્કસ ફાયદા મળ્યા છે. તેણીએ કહ્યું કે તે એટલી ભોળી કે ભ્રમિત નથી કે તેના પરિવારની પૃષ્ઠભૂમિએ શરૂઆતમાં જે તકો આપી હતી તે ચૂકી જાય. જો કે, તે એમ પણ માને છે કે સતત ચકાસણી તેના પર અપેક્ષાઓનો બોજ મૂકે છે.સારાએ ભારપૂર્વક જણાવ્યું કે "ભત્રીજાવાદ" શબ્દને સંપૂર્ણપણે નકારાત્મક અર્થ આપવામાં આવ્યો છે.

પરિણીતી ચોપરા-જેનિફર વિંગેટે મનોવૈજ્ઞાનિક થ્રિલર શાક : ટ્રસ્ટ નો વનની ઉજવણી કરી

મુંબઈ,

પરિણીતી ચોપરાએ હવે ઓટીટી ડેબ્યૂ કર્યું છે. તેણીએ સપ્ટેમ્બરમાં પ્રીમિયર થયેલા નેટફ્લિક્સના "શાકઃ ટ્રસ્ટ નો વન" સાથે ઓટીટી ડેબ્યૂ કર્યું છે. આ મનોવૈજ્ઞાનિક થ્રિલરમાં પરિણીતી સાથે જેનિફર વિંગેટ પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. આ શ્રેણીને દર્શકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવી હતી, અને તાજેતરમાં, પરિણીતી ચોપરા અને જેનિફર વિંગેટે "શાક" ની સફળતાની ઉજવણી આખી ટીમ સાથે કરી હતી, જેના વીડિયો રિલીઝ થયા હતા. ઉજવણી દરમિયાન કેક કાપવાના સમારંભની એક વિડિઓ ક્લિપ પણ સામે આવી હતી, જેમાં જેનિફર પરિણીતીની પાછળ ઉભી જોવા મળી હતી. આ વિડિઓ રિલીઝ થયા પછી,



કેટલાક વપરાશકર્તાઓએ પરિણીતીની ટીકા કરી હતી, અને આરોપ લગાવ્યો હતો કે તેણીએ જેનિફર વિંગેટને આગળની હરોળમાં ઊભા રહેવા માટે જગ્યા આપી ન હતી. શરૂઆતમાં, જેનિફર વિંગેટે આ આરોપોનો જવાબ આપ્યો હતો, લોકોને નકારાત્મકતા ન ફેલાવવા વિનંતી કરી હતી. હવે, પરિણીતી ચોપરાએ પોતે એક પોસ્ટ શેર કરીને ટ્રોલિંગનો જવાબ આપ્યો છે.

જેનિફર વિંગેટે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી જેમાં લોકોને નકારાત્મકતા ન ફેલાવવા વિનંતી કરવામાં આવી હતી. પોસ્ટમાં, જેનિફરે સ્પષ્ટતા કરી હતી કે તેના અને પરિણીતી વચ્ચે કોઈ વિવાદ કે મતભેદ નથી.

રાજકોટના સદભાવના બળદ આશ્રમમાં હજારો અબોલ જીવોને આશ્રય

દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં ખેડૂતોની આંખોમાં આંસુ, બળદોની આંખોમાં વેદના અને જીવદયાની અવિરત સેવા

રાજકોટ

સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ઓછા વરસાદ અને દુષ્કાળ જેવી પરિસ્થિતિએ ખેડૂતોની મુશ્કેલીઓ વધારી છે. એક તરફ પાણીની અછત અને બીજી તરફ ઘાસચારાની વધતી જરૂરિયાત વચ્ચે ખેડૂતો માટે પોતાના વહાલસોયા બળદોનો નિભાવ કરવો મુશ્કેલ બની રહ્યો છે. આવી સંવેદનશીલ પરિસ્થિતિમાં રાજકોટના કાલાવડ રોડ પર દેવગામ નજીક આવેલું સદભાવના બળદ આશ્રમ હજારો બળદો માટે આશ્રયસ્થાન બનીને સામે આવ્યું છે. આશ્રમ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, છેલ્લા ૨૦ દિવસમાં જ આશરે ૬,૦૦૦ બળદોનો ઉમેરો થયો છે અને હાલમાં આશ્રમમાં ૮,૦૦૦થી વધુ બળદોને આશ્રય આપવામાં આવી રહ્યો છે. અગાઉ આશ્રમમાં આશરે ૧,૫૦૦થી ૨,૦૦૦ બળદોની સંખ્યા રહેતી હતી, પરંતુ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં પાણી અને ઘાસચારાની અછતના કારણે બળદોને સાચવવામાં મુશ્કેલી અનુભવતા ખેડૂતો તેમને આશ્રમમાં લાવી રહ્યા છે. પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છ સહિતના વિસ્તારોના ખેડૂતોની





મુશ્કેલીઓ વચ્ચે આ સેવાકાર્યનું મહત્ત્વ વધી ગયું છે.

ખેડૂત માટે બળદ માત્ર ખેતીમાં કામ કરતું પશુ નથી, પરંતુ વર્ષો સુધી જીવનસંઘર્ષમાં સાથ આપનાર સાથી છે. અનેક પરિવારોમાં બળદને પરિવારના સભ્યની જેમ ઉછેરવામાં આવે છે. ખેડૂત પોતાના બળદને નામથી ઓળખે છે, તેની આદતો જાણે છે અને તેની સાથે વર્ષોનો આત્મીય સંબંધ ધરાવે છે. આવી સ્થિતિમાં જ્યારે પાણી અને ઘાસચારાની અછતને કારણે પોતાના બળદને આશ્રમમાં મૂકવાનો નિર્ણય લેવો પડે છે, ત્યારે ખેડૂત માટે આ ક્ષણ અત્યંત પીડાદાયક બની જાય છે.આશ્રમ સાથે જોડાયેલા સેવાકર્મીઓના જણાવ્યા અનુસાર, કેટલાક ખેડૂતો બળદોને આશ્રમમાં મૂકયા પછી પણ તેમની યાદમાં વ્યથિત રહે છે. કેટલાક ખેડૂતો તો બળદ વિના ઘર કે વાડી સૂની લાગતી હોવાની લાગણી સાથે તેમને પાછા લઈ જવા પણ આવે છે.આશ્રમમાં ૮,૦૦૦થી વધુ બળદોની સંભાળ રાખવી એ માત્ર આશ્રય પૂરું પાડવાનું કાર્ય નથી, પરંતુ દરરોજ વિશાળ પ્રમાણમાં ઘાસચારો, પાણી, માનવબળ અને આર્થિક સંસાધનોની જરૂરિયાત ઊભી કરતું સેવાકાર્ય છે. આશ્રમના જણાવ્યા મુજબ, એક બળદને સરેરાશ આશરે ૨૫ કિલો ઘાસચારો આપવામાં આવે છે અને સમગ્ર આશ્રમ માટે દરરોજ ૧૦,૦૦૦ મણથી વધુ ઘાસચારાની જરૂર પડે છે. મગફળીનો પાલો, મગફળીનો ભૂકો, લીલો ઘાસચારો અને અન્ય ઉપયોગી ચારો બળદોના નિભાવ માટે એકત્રિત કરવામાં આવે છે. ઓછા વરસાદના કારણે ઘાસચારાની ઉપલબ્?ધતા અને ભાવ બંને પર અસર થતી હોવાથી આટલી મોટી જરૂરિયાત પૂરી કરવી પડકારરૂપ બની રહે છે. બળદોને નિયમિત ભોજન મળી રહે તે માટે દાતાઓ, ખેડૂતો, પશુપ્રેમીઓ અને જીવદયાપ્રેમીઓનો સહયોગ મહત્ત્વનો છે. આશ્રમ દ્વારા ઘાસચારાનું દાન આપવા ઇચ્છતા સેવાભાવી નાગરિકોને આગળ આવવા અપીલ કરવામાં આવી છે.

બળદોના નિભાવમાં ઘાસચારા જેટલું જ મહત્ત્વ પાણીનું છે. આશ્રમના જણાવ્યા મુજબ, ૮,૦૦૦થી વધુ બળદોને પીવા માટે દરરોજ આશરે પાંચ લાખ લિટરથી વધુ પાણીની જરૂરિયાત ઊભી થાય છે. એક બળદ દૈનિક સરેરાશ ૬૦થી ૭૦ લિટર પાણી પી શકે છે. આટલી મોટી સંખ્યામાં બળદોને સમયસર પાણી મળી રહે તે માટે આશ્રમ દ્વારા આઠ ટ્રેક્ટર-ટેન્કરની મદદથી પાણી પહોંચાડવામાં આવે છે. પાણીનાં ટાંકા અને અવેડા ભરવાની કામગીરી સતત ચાલુ રાખવામાં આવે છે. ત્યારે આશ્રમ દ્વારા વધુ જગ્યા અને જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

હજારો બળદોના ભોજન, પાણી, સારવાર, દવાઓ અને અન્?ય જરૂરી વ્યવસ્થાઓ પાછળ આશ્રમને દરરોજ આશરે રૂ.૧૨ લાખનો ખર્ચ થતો હોવાનું સંસ્થાએ જણાવ્યું છે.આશ્રમ સાથે સંકળાયેલા સેવાકર્મીઓના જણાવ્યા મુજબ, બળદોની સંખ્યા વધતાં વધુ જમીન અને સુવિધાઓની જરૂરિયાત ઊભી થઈ છે. હિતેશભાઈ ગામઢા સહિત નરેન્દ્રસિંહજી અને હરદેવસિંહજી દ્વારા બળદોના આશ્રય માટે જમીનનો સહયોગ આપવામાં આવ્યો છે.આશ્રમના જણાવ્યા મુજબ, આશરે ૩૫ એકર જેટલી જગ્યા બળદોની સંભાળ અને આશ્રય માટે ઉપલબ્ધ કરવામાં આવી છે. અહીં બળદોને રાખવા માટે શેડ, અવેડા અને અન્?ય જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે. કમ્પાઉન્ડ વોલ બનાવવા પાછળ આશરે રૂ.૧૫ લાખનો ખર્ચ થયો હોવાનું પણ સંસ્થાએ જણાવ્યું છે.

સદભાવના બળદ આશ્રમનો લાંબા ગાળાનો સંકલ્પ ગુજરાતમાં નિરાધાર અને અસહાય બળદોને વ્યાપક પ્રમાણમાં આશ્રય આપવાનો છે. સંસ્થાના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં એક લાખ બળદોને સાચવી શકાય તેવી ક્ષમતા વિકસાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ માટે વધારાની જમીન અને જરૂરી સુવિધાઓ વિકસાવવાની દિશામાં કામગીરી થઈ રહી છે.સદભાવના બળદ આશ્રમનો એક લાખ બળદોને આશ્રય આપવાનો સંકલ્પ માત્ર એક સંસ્?થાનું લક્ષ્ય નથી, પરંતુ જીવદયા અને માનવતાની ભાવનાને વ્યાપક બનાવવાનો પ્રયાસ છે.સદભાવના બળદ આશ્રમનો સંપર્ક : કાલાવડ રોડ, ખીરસરા અને દેવગામની ધાર, ગુફેશ્વર મહાદેવ મંદિર નજીક, ભૂમિ એગ્રોની પાછળ, રાજકોટ. મોબાઇલ : ૮૫૩૦૪૩૦૦૯૬ / ૮૩૨૦૪૦૮૯૦૮.

રાજકોટમાં ૨૦ ડિસેમ્બરે વહાલુડીના વિવાહ: ગુંજશે શરણાઈના સૂર: કરિયાવર અર્પણ કરવા દાતાઓને અપીલ

માતા-પિતાની છત્રછાયા વિના ઉછરેલી ૨૨ દીકરીઓના જીવનમાં ખુશીઓનાં તોરણ બંધાશે

રાજકોટ,

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ, ઢોલરા દ્વારા છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે ડિસેમ્બર મહિનામાં સમાજના સહયોગથી માતા-પિતા વિહોણી અથવા પિતા વિહોણી દીકરીઓના જાજરમાન લગ્નોત્સવ વહાલુડીના વિવાહનું આયોજન કરવામાં આવે છે.



૨૦ ડિસેમ્બર, રવિવારે 'વહાલુડીના વિવાહ-૯' યોજાશે. આ લગ્નોત્સવમાં ૨૨ દીકરીઓને સમાજના દાતાઓના સહયોગથી દરેક દીકરીને વોશિંગ મશીન, ટીવી, ફ્રિજ, સિલાઈ મશીન, એરકુલર સહિતની આશરે ૨૫૦ જેટલી વસ્તુઓનો કરિયાવર ભેટ આપવામાં આવે છે. માતા-પિતાની છત્રછાયા વિના ઉછરેલી દીકરીઓના જીવનમાં સુખ, તોહ અને હૂંફનાં અજવાળાં પાથરવા માટે માનવતા જેના લોહીમાં વહે છે એવા સુખી અને માનવતાપ્રેમી દાતાઓને પોતાની અનુકૂળતા મુજબ કરિયાવરમાં કોઈ વસ્તુ લઈ આપી દીકરીઓના આશીર્વાદ મેળવવા જાહેર અપીલ કરવામાં આવે છે

કરિયાવર અર્પણ કરવા માંગતા દાતાઓ અને સ્વજનોએ વિશેષ માહિતી, પૂછપરછ અને સહયોગ માટે સંસ્થાપના મુકેશ દોશી ૯૮૨૫૦ ૭૭૭૨૫, અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬, સુનિલ વોરા ૯૮૨૫૨ ૧૭૩૨૦, નલિન તન્ના ૯૮૨૫૭ ૬૫૦૫૫ નો સંપર્ક સાધવા જણાવાયું છે.

એસ. જી.વી.પી.ગુરુકુલ વાવડી-રાજકોટ ખાતે ભવ્ય અને દિવ્ય શરદપૂર્ણિમા રાસોત્સવ સંપન્ન





રાજકોટ:

રાજકોટના વાવડી સ્થિત એસ.જી.વી.પી. ગુરુકુલ ખાતે માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા તથા બાલકૃષ્ણ સ્વામીના માર્ગદર્શન હેઠળ ભવ્ય શરદપૂર્ણિમા રાસોત્સવ અપૂર્વ ઉત્સાહ અને ભક્તિસભર વાતાવરણમાં ઉજવાયો હતો. ઉત્સવના પ્રારંભે ઠાકોરજીનું પંચોપચાર પૂજન કરીને કાર્યક્રમનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પવિત્ર અવસરે વિશ્વવિહારીદાસજી સ્વામીએ સુંદર કથા-વાર્તા દ્વારા ભક્તોને હરિભક્તિનો રસ પાયો હતો. ત્યારબાદ એસ.જી.વી.પી. ગુરુકુલ વાવડી તથા એસ.જી.વી.પી. ગુરુકુલ રીબડાના નટખટ બાળકો દ્વારા અલગ-અલગ રાસ-નૃત્યોની મનમોહક પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત સહુ દર્શકોએ ખૂબ જ માણી હતી. આ પ્રસંગે પરમ માધવપ્રિયદાસજી સ્વામીએ ટેલિફોનિક માધ્યમથી દિવ્ય આશીર્વાદ પાઠવી ઉત્સવની શોભા વધારી હતી. ત્યારબાદ રીબડા ગુરુકુલના સંચાલક ધર્મવત્સલદાસજી સ્વામીએ તમામ યજમાન ભક્તોને હાર્દિક આશીર્વાદ પાઠવ્યા હતા. આ દિવ્ય સમારોહમાં વેદાંતસ્વરૂપદાસજી સ્વામી, હરિનાદન સ્વામી તથા ઋષિકેશ સ્વામીની પાવન ઉપસ્થિતિ રહી હતી. સાથેસાથે, એસ.જી.વી.પી. ગુરુકુલના ટ્રસ્ટી નવિનભાઈ દવે (મોરબી), મધુભાઈ ડોંગા, પરષોત્તમભાઈ બોળા, ભાજપ અગ્રણી રાજાભાઈ વાવડી તથા વસંતભાઈ લિંબાસિયા સહિતના આગેવાનો અને શ્રેષ્ઠીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વાવડી ગામ તેમજ આજુબાજુની સોસાયટીઓમાંથી મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનોએ પધારીને શરદપૂર્ણિમા ઉત્સવ અને મહાપ્રસાદનો દિવ્ય લાભ લીધો હતો. આ ઉત્સવ દરમિયાન ભગવાન સમક્ષ ચાર આરતી ઉતારવામાં આવી હતી અને ચાર અલગ-અલગ ભોગ-થાળ ધરાવાયા હતા. વિશેષરૂપે ત્રીજી આરતી સમૂહમાં યોજાઈ હતી, જેમાં સહુ ભક્તોએ સાથે મળીને ભગવાનની આરતી ઉતારતા એક અદ્ભુત અને દિવ્ય આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો. ત્યારબાદ છેલ્લે તમામ ભક્તોએ સાથે મળીને સામુહિક રાસ લીધો હતો અને રાસોત્સવનો ભરપૂર આનંદ માણ્યો હતો. અંતમાં, ઉપસ્થિત તમામ ભક્તોએ શરદપૂર્ણિમાના પર્વની પરંપરા મુજબ દૂધ-પૌઆનો દિવ્ય પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી

રાજકોટ: વોકહાર્ટ હોસ્પિટલની ગૌરવપૂર્ણ યાત્રાનાં ૨૦ વર્ષ પૂર્ણ

નિષ્ણાત ડૉક્ટરો સુપર-સ્પેશિયાલિટી સેવાઓ આધુનિક સારવાર સાથે ૧૪ લાખથી વધુ ઓ પી ડી અને બે લાખ વધુથી ઇમરજન્સી દર્દીઓને સારવાર

રાજકોટ:રાજકોટ અને સૌરાષ્ટ્રના આરોગ્યક્ષેત્રમાં છેલ્લા બે દાયકાથી મહત્વપૂર્ણ સેવા આપી રહેલી વોકહાર્ટ હોસ્પિટલ્સ (એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ), રાજકોટએ સફળતાપૂર્વક ૨૦ વર્ષની આરોગ્યસેવાની સફર પૂર્ણ કરી છે. આ સમયગાળા દરમિયાન હોસ્પિટલે ૨૦ લાખથી વધુ દર્દીઓને આરોગ્યસેવા પૂરી પાડી, રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના હજારો પરિવારો સાથે વિશ્વાસનું મજબૂત બંધન ઊભું કર્યું છે. આજે વોકહાર્ટ હોસ્પિટલનાં સેન્ટર હેડ ડૉ. દુષ્યંત પટેલ, માર્કેટિંગ હેડ પાર્થ પટેલ અને મીડિયા કન્સલ્ટન્ટ હાર્દિકા જોશી લીલા ન્યૂઝ નેટવર્ક લી. ની મુલાકાતે આવ્યા હતા. અને ડૉ. દુષ્યંત પટેલ અને પાર્થ પટેલે બે દાયકાની સફરની માહિતી આપી હતી.

હોસ્પિટલની ૨૦ વર્ષની આ સફરમાં ૧૪ લાખથી વધુ દર્દીઓ અને બે લાખ જેટલા ઇમરજન્સી દર્દીઓએ સારવાર મેળવી છે. આ ઉપરાંત હૃદયરોગ, ક્રિટિકલ કેર, કેન્સર, ગેસ્ટ્રો, જનરલ સર્જરી સહિત વિવિધ ગંભીર અને જટિલ બીમારીઓ માટે હજારો દર્દીઓને વિશિષ્ટ સારવાર આપવામાં આવી છે. સમય સાથે બદલાતી આરોગ્ય જરૂરિયાતોને અનુરૂપ વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટ દ્વારા આધુનિક ટેકનોલોજી, અનુભવી નિષ્ણાત તબીબો અને દર્દી કેન્દ્રિત સારવારને સતત પ્રાથમિકતા આપવામાં આવી છે. આજે હોસ્પિટલમાં કાર્ડિયાક સાયન્સિસ, ન્યૂરોસાયન્સિસ, ઓન્કોલોજી, ઓર્થોપેડિક્સ, ગેસ્ટ્રોસાયન્સિસ, યુરોલોજી, ક્રિટિકલ કેર, જનરલ અને મિનિમલ એક્સેસ સર્જરી સહિતની મલ્ટિસ્પેશિયાલિટી અને સુપર-સ્પેશિયાલિટી સેવાઓ ઉપલબ્ધ છે.

વોકહાર્ટ હોસ્પિટલ પાસે હાલમાં ૨૨૭ બેડ, ૪૮ ક્રિટિકલ-કેર બેડ ૦૭ આધુનિક ઓપરેશન થિયેટર, બે હાઈ-એન્ડ કેથ લેબ, ૧૨૮-સ્લાઈસ ઝૂસ્કેનર અને ૧.૫ ટેસ્લા સ્?કૈ સહિત અદ્યતન ડાયગ્નોસ્ટિક અને ડાયાલિસિસ સુવિધાઓ ઉપલબ્ધ છે. ખાસ કરીને તબીબી કટોકટીની પરિસ્થિતિઓમાં સમયસર સારવાર પૂરી પાડવામાં હોસ્પિટલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ૨૪૭ ઇમરજન્સી અને ક્રિટિકલ કેર સેવાઓ દ્વારા ગંભીર અને જટિલ કેસોમાં દર્દીઓને તાત્કાલિક સારવાર આપવામાં આવે છે. વિવિધ સ્પેશિયાલિટીના તબીબો વચ્ચેના સંકલનથી મલ્ટિડિસિપ્લિનરી સારવારની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

આ પ્રસંગે વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટના સેન્ટર હેડ ડૉ. દુષ્યંત પટેલે જણાવ્યું હતું કે, "વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટ હસ્પિટલ્સ માટે ૨૦ વર્ષ પૂર્ણ થવું અત્યંત મહત્વપૂર્ણ પડાવ છે. આ સફર અમારા દર્દીઓના વિશ્વાસ, ડૉક્ટરો અને સમગ્ર આરોગ્યસેવા ટીમના સમર્પણ તથા રાજકોટ અને સૌરાષ્ટ્રમાં સતત વધુ સારી અને અદ્યતન આરોગ્યસેવા ઉપલબ્ધ કરાવવાની અમારી પ્રતિબદ્ધતાનું પરિણામ છે.

વોકહાર્ટ હોસ્પિટલે પોતાની આ સેવાયાત્રામાં વર્ષોથી જોડાયેલા તમામ તબીબો, સર્જનો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ કર્મચારીઓ, વહીવટી ટીમ, સહયોગી કર્મચારીઓ અને આરોગ્યક્ષેત્રના તમામ ભાગીદારો પ્રત્યે હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કર્યો છે. તેમની કુશળતા, નિષ્ઠા, સેવાભાવ અને સતત સમર્પણથી અનેક દર્દીઓના જીવનમાં આશાનો દીપ પ્રગટ્યો છે હોસ્પિટલ દ્વારા વિવિધ સામાજિક, સેવાકીય, શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ વિશેષ આભાર વ્યક્ત



કરવામાં આવ્યો છે. આરોગ્ય જાગૃતિ, દર્દી સહાય, રક્તદાન, મેડિકલ કેમ્પ અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓમાં આ સંસ્થાઓએ આપેલો સહકાર હોસ્પિટલની સેવાઓને વધુ વ્યાપક અને અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ રહ્યો છે.

બે દાયકાથી હોસ્પિટલની સેવાઓ, આરોગ્ય અભિયાનો અને લોકહિતની પ્રવૃત્તિઓને સમાજ સુધી પહોંચાડવા માટે મીડિયા જગતનો હોસ્પિટલ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે જ હોસ્પિટલની આ સમગ્ર યાત્રાના કેન્દ્રસ્થાને રહેલા દર્દીઓ અને તેમના પરિવારો પ્રત્યે વિશેષ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી છે. દર્દી ઓના પરિવારો એ સારવાર દરમિયાન દર્શાવેલો વિશ્વાસ, ધીરજ અને સહકાર હોસ્પિટલ માટે સતત પ્રેરણાસ્રોત રહ્યો છે.

વોકહાર્ટ હોસ્પિટલનો સંદેશ છે કે, "અમારા માટે દરેક દર્દી માત્ર એક કેસ કે નોંધણી નંબર નથી; દરેક દર્દી અમારા પરિવારનો એક ભાગ છે. તેમની પીડા દૂર કરવી એ અમારી જવાબદારી છે, તેમની આશા અમારું પ્રેરણાબળ છે અને તેમનું સ્વસ્થ જીવન અમારી સૌથી મોટી સફળતા છે." સમગ્ર હોસ્પિટલ મેનેજમેન્ટ વતી રાજકોટ વોકહાર્ટ હોસ્પિટલના સેન્ટર હેડ ડૉ. દુષ્યંત પટેલ તથા સેલ્સ એન્ડ માર્કેટિંગ હેડ પાર્થ પટેલ સૌરાષ્ટ્ર-કચ્છના અવિરત વિશ્વાસ બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો છે અને આવનારા વર્ષોમાં પણ લોકોના આરોગ્યની સંભાળ માટે હંમેશાં પ્રતિબદ્ધ રહેવાની નેમ વ્યક્ત કરી છે.

રાજકોટના પ્રણવાનંદ સંસ્કૃત ભવનમાં સ્થાપનના ૫૦ વર્ષ નિમીતે વ્યાખ્યાન યોજાયું



રાજકોટ, શ્રી પ્રણવાનંદ સંસ્કૃત ભવન ખાતે પૂર્વ કુલપતિ પ્રાધ્યાપક ડો. કમલેશભાઈ જોશીપુરા ના પ્રમુખ સ્થાને દુર્ગા સપ્તશતી માં દેવી મહિમા વિષય પર એક વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાઈ ગયો,

આ તકે શ્રી જોશીપુરાએ શક્રાદય સ્તુતિના શ્લોકો સાથે જણાવ્યું કે આપણે મહાકાલી મહાલક્ષ્મી અને મા સરસ્વતીનું પૂજન કરીએછીએ માતાજી આતતાયીઓ અને અનિષ્ટોનો સંહાર કરેછે. આપણને સદગુણો ની પ્રાપ્તિ થાય છે.દૈવી સંપત્તિ પ્રાપ્ત થાય છે અને દુર્ગુણો-માંથી અને ભયથી મુકત થઈએ છીએ. પ્રા.ડો મોલીયાએ પણ દુર્ગા સપ્તશતી ના માં માતાજી એ રાક્ષસોનો સંહાર કર્યો તેની વાત વિદ્વતા પૂર્ણછતાય સરળ ભાષામાં સમજાય એવી રીતે કરી અર્પિતભાઈ ઘોડા અને હિમાંશુભાઈ ઘોડાએ ભજન રજુ કર્યું હતું અને પદ્મજાબેન રાજ્યગુરુ નયનાબેન છાયા ઝંખનાબેન ઘોડા અરવિંદભાઈ રાયચુરા, ચંદુભાઈ ડોડીયા, અધ્વર્યુભાઈ વગેર ઉપસ્થિત રહ્યાં હતા.

રાજકોટમાં એડવર્ટાઈઝિંગ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા રાજુભાઈ જુંજાનો આજે જન્મદિવસ

યશસ્વી જીવનના ૫૬ વર્ષ પૂર્ણ કરીને ૫૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે

રાજકોટ,

છેલ્લા ૩૧ વર્ષથી એડવર્ટાઈઝિંગ વ્યવસાય અને સામાજિક ક્ષેત્રે સક્રિય રાજુભાઈ નોંધાભાઈ જુંજાનો આજે જન્મદિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૫૬ વર્ષ પૂર્ણ કરીને ૫૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. તેઓ પત્રકારત્વ ક્ષેત્રે 'સાંજ સમાચાર' દૈનિકમાં ૧૬ વર્ષ સેવા આપ્યા બાદ તેમણે વર્ષ ૧૯૯૪માં ભરતભાઈ જોષી સાથે મળીને 'સિમ્પલ એડ એન્ડ કોમ્યુનિકેશન'ની સ્થાપના કરી હતી, જે આજે અગ્રગણ્ય એડ એજન્સી તરીકે ઓળખાય છે.



તેઓ બૃહદ્ રાજકોટ પ્રતિષ્ઠાન અને સાર્વજનિક સેવા સમિતિના પ્રમુખ તેમજ સરદારનગર રોડ વેપારી એસોસિયેશનના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. સમૂહલગ્ન, રક્તદાન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, સ્વચ્છતા અને ટ્રાફિક જાગૃતિ અભિયાન સહિતની અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય રહ્યા છે.યુવાનોને સરકારી ભરતીની તૈયારીમાં મદદરૂપ થવા, સમાજમાંથી કુરિવાજો દૂર કરવા અને શિક્ષણને પ્રોત્સાહન આપવા તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે મિત્રો, સ્નેહીજનો, વેપારીઓ અને શુભેચ્છકો તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે.

ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણીના નિવાસ સ્થાને ૩૦થી વધુ સંતોનું પાવન આગમન



રાજકોટ:

ગુજરાત પ્રદેશ ભાજપના અગ્રણી અને સૌરાષ્ટ્રના ખેડૂત આગેવાન ચેતનભાઈ રામાણીના નિવાસ્થાને રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુલના વડા મહંત દેવકૃષ્ણદાસજી સ્વામી, દેવપ્રસાદદાસજી સ્વામી, હરિપ્રિય સ્વામી તેમજ જ્ઞાન સ્વામી સહિત ૩૦થી વધુ પૂજ્ય સંતશ્રીઓનું પાવન આગમન થયું હતું.આ પ્રસંગે રામાણી પરિવાર દ્વારા સંતશ્રીઓનું ભક્તિભાવપૂર્વક સ્વાગત અને સત્કાર કરવામાં આવ્યા હતા. સંતશ્રીઓના સાનિધ્યમાં યોજાયેલા આ ધાર્મિક પ્રસંગમાં રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, સંજયસિંહ રાણા, ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠિયા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહી આશીર્વાદ મેળવ્યા હતા.

રાજકોટમાં સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે ત્રણ દીવસ જયપૂર ફૂટ કેમ્પ યોજાશે

રાજકોટ,રાજકોટ શહેરમાં સરગમ ક્લબ અને અમેરીકા નિવાસી ડો. રાજેશભાઈ પટેલ અને શ્રીમતી ઉષાબેન પટેલ તેઓના જન્મ દિવસ નિમિતે જયપુર ફૂટ કેમ્પમાં સહયોગ આપેલ છે અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા ૦૧/૧૧/૨૦૨૬ રવિવાર થી ૦૩/૧૧/૨૦૨૬ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે.

કેમ્પનો લાભ લેવા ઇચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

કેમ્પનો લાભ લેવા ઇચ્છતા લોકોને તા ૦૧/૧૧/૨૬ રવિવાર ના રોજ સવારે ૮ કલાકે ખાસ સરગમ ભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા. ૦૧/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૮ વાગ્યે ખાસ ઉપસ્થિત રહેવું.આ કેમ્પમાં મુખ્ય સહયોગ અમેરીકા નિવાસી ડો. રાજેશભાઈ પટેલ અનેશ્રીમતી ઉષાબેન પટેલ તેઓના જન્મ દિવસ નિમિતે મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં તા. ૭ થી ૧૫ નવેમ્બભર દિવાળી વેકેશન જાહેર

રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે તા. ૦૭/૧૧/૨૦૨૬ ને શનિવારથી તા. ૧૫/૧૧/૨૦૨૬ ને રવિવારના સમયગાળા સુધી દિવાળીના તહેવારો નિમિતે રજા જાહેર કરવામાં આવી છે. જેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય અને ભવનોમાં વહીવટી કાર્ય તા. ૧૬/૧૧/૨૦૨૬ ના સોમવારના રોજ રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની સબંધિત તમામએ નોંધ લેવી

હિંસક પ્રવૃત્તિઓ કરતા લોકો માટે ઉત્તર પ્રદેશ સરકારે નિયમો વધુ કડક બનાવ્યા

હિંસક સત્તાપલટાના વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેનારાઓને સરકારી નોકરી નહીં મળે : ઉત્તર પ્રદેશ સરકાર



લખનૌ,

ઉત્તર પ્રદેશ સરકારે સરકારી નોકરીઓમાં સીધી ભરતી માટે ચારિત્ર્ય ચકાસણીના નિયમો વધુ કડક બનાવ્યા છે. આ ફેરફારને કારણે, "હિંસક સત્તા પરિવર્તન" માટે આહ્વાન કરનારા લોકો સરકારી નોકરી મેળવવા માટે અયોગ્ય ઠરી શકે છે. યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળની સરકારનું આ પગલું તાજેતરના એક વિરોધ પ્રદર્શન દરમિયાન "સત્તા પરિવર્તન" માટેના કથિત આહ્વાનોને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે લેવામાં આવ્યું છે. આ નિર્ણયની સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો દ્વારા આકરી ટીકા કરવામાં આવી છે.

આ નિર્દેશ રાજ્યના નિમણૂક વિભાગના અગ્ર સચિવ એમ. દેવરાજે જારી કર્યો છે. તેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, માત્ર રાજકીય વિચારધારાને કારણે, અથવા કોઈ વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર (FIR) નોંધાયેલી હોય કે તપાસ ચાલુ હોય તેવા કારણોસર જ ઉમેદવારને અયોગ્ય ઠેરવી શકાય નહીં.

માત્ર રાજકીય વિચારધારા અસ્વીકારનું કારણ બની શકે નહીં

આદેશ અનુસાર, કોઈ પણ વ્યક્તિને માત્ર તેમની રાજકીય માન્યતાઓના આધારે સરકારી નોકરી માટે અયોગ્ય ગણી શકાય નહીં.

જો કે, જે વ્યક્તિઓ એવા સંગઠનો સાથે સંકળાયેલા હોય કે જેનો ઉદ્દેશ્ય હિંસક માધ્યમો દ્વારા વર્તમાન સામાજિક વ્યવસ્થાને બદલવાનો છે, તેમને સરકારી સેવામાં નિમણૂક માટે અયોગ્ય ગણી શકાય છે.

આદેશમાં વધુમાં જણાવાયું છે કે, ૨૧ વર્ષની ઉંમર પછી અને ચકાસણીની તારીખના અગાઉના ત્રણ વર્ષ દરમિયાન આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ એ વાતનો પુરાવો ગણી શકાય કે તે વ્યક્તિ હજુ પણ તેમાં સક્રિયપણે સામેલ છે. અલબત્ત, જો તે સમયગાળા દરમિયાન વ્યક્તિના વર્તનમાં બદલાવ આવ્યો હોવાના નક્કર અને સકારાત્મક પુરાવા મળે, તો સ્થિતિ અલગ હોઈ શકે છે.

એફઆઈઆર કે તપાસ બાકી હોવી એટલે આપોઆપ અયોગ્યતા નહીં

સરકારે સ્પષ્ટ કર્યું છે કે, માત્ર એફઆઈઆર (FIR) નોંધાવી દેવાથી કે તપાસ બાકી હોવાથી કોઈ ઉમેદવાર આપોઆપ નિમણૂક માટે અયોગ્ય બની જતો નથી.

આ નિર્ણય સૂચવે છે કે, માત્ર કોઈ ફોજદારી તપાસ ચાલુ હોવાના આધારે ચારિત્ર્ય ચકાસણીમાં ઉમેદવારને આપોઆપ અસ્વીકાર ન કરવો જોઈએ.

વરિષ્ઠ નાગરિકો માટેની કલ્યાણ યોજનાઓ માટે કેન્દ્ર સરકારે ૭૮ કરોડ રૂપિયા ફાળવ્યા

નવી દિલ્હી,

દેશના વરિષ્ઠ નાગરિકો માટે સારા સમાચાર છે. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે વરિષ્ઠ નાગરિક કલ્યાણ યોજના હેઠળ ૭૫૫ પ્રોજેક્ટ્સ માટે ૭૭.૯૮ કરોડ રૂપિયાની સહાય (ગ્રાન્ટ-ઈન-એઈડ) મંજૂર કરી છે. વધુમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે 'અટલ વયો અભ્યુદય યોજના' (છફરૂછરૂ) ના એક ભાગ એવા 'ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામ ફોર સિનિયર સિટિઝન્સ' (IPSrC) હેઠળ ભંડોળ જાહેર કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૧માં શરૂ કરાયેલી, છફરૂછરૂ એ મંત્રાલયની એક મહત્વપૂર્ણ યોજના છે, જે વરિષ્ઠ નાગરિકો સન્માન, સુરક્ષા અને સ્વતંત્રતા સાથે જીવી શકે તે સુનિશ્ચિત કરીને "ગૌરવપૂર્ણ વૃદ્ધાવસ્થા" અને "પોતાના પરિવેશમાં રહીને વૃદ્ધાવસ્થા" ને પ્રોત્સાહન આપે છે.

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ સહાયનો ઉદ્દેશ્ય સંસ્થાકીય સંભાળ અને સંબંધિત સુવિધાઓ દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે સેવા પ્રદાન કરવાની વ્યવસ્થા અને કલ્યાણકારી પગલાંને વધુ મજબૂત બનાવવાનો છે. ભારતમાં વરિષ્ઠ નાગરિકોની વસ્તી ૨૦૩૬ સુધીમાં ૨૩ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે, તેથી વ્યાપક અને સરળતાથી ઉપલબ્ધ સહાયક પ્રણાલીઓની જરૂરિયાત વધી રહી છે. મંત્રાલયે કહ્યું કે, આ યોજના સંસ્થાકીય માળખાને મજબૂત કરીને અને સામુદાયિક ભાગીદારીને પ્રોત્સાહન આપીને આ વસ્તી વિષયક પડકારને પહોંચી વળવાનો પ્રયાસ કરે છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, ભારતમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના ૧૦.૩૮ કરોડ લોકો હતા, જેમાં ૫.૧૧ કરોડ પુરુષો અને ૫.૨૭ કરોડ મહિલાઓનો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, 'લોન્ગીટ્યુડિનલ એજિંગ સ્ટડી ઇન ઇન્ડિયા' (LASI) દર્શાવે છે કે મોટી સંખ્યામાં વૃદ્ધ વ્યક્તિઓમાં શારીરિક કે કાર્યક્ષમતા સંબંધિત મર્યાદાઓ જોવા મળે છે, જે વિશ્વસનીય સંભાળ, આરોગ્ય સેવાઓ અને સમુદાય-આધારિત સહાયની જરૂરિયાત પર ભાર મૂકે છે.

બાંગ્લાદેશ વાયુસેનાના ભૂતપૂર્વ અધિકારી નદીમાંથી મૃત હાલતમાં મળી આવ્યા



ઢાકા,

બાંગ્લાદેશ વાયુસેનાના એક પૂર્વ અધિકારીનો મૃતદેહ બુધવારે ઢાકામાં તુરાગ નદીમાંથી મળી આવ્યો હતો. આ ઘટનાના એક દિવસ પહેલા જ તેમના પરિવારે ફ્લાઇટ લેફ્ટનન્ટ ગુમ થયા હોવાની જાણ કરી હતી.

બાંગ્લાદેશના સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, સ્થાનિક લોકો દ્વારા ઈમરજન્સી કોલ કરવામાં આવ્યા બાદ ટોંગી બંદર ઘાટ વિસ્તારમાંથી ફ્લાઇટ લેફ્ટનન્ટ તહસીફ સૌરીનો મૃતદેહ મળી આવ્યો હતો. તેમનો મોબાઈલ ફોન અને કાંડા ઘડિયાળ મળી આવતા અધિકારીની ઓળખ થઈ શકી હતી. 'ધ ડેઈલી સ્ટાર' સાથે વાત કરતા કોન્સ્ટેબલ રકીબે જણાવ્યું હતું કે, મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ તે સ્પષ્ટ થશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પોતાના નિવેદનોથી અવિશ્વાસ અને ઝેરી વાતાવરણ ઉભું કરે છેઃ નિર્મલા સીતારમણ

નિર્મલા સીતારમણે ટાટા ગ્રુપ અંગેની ટિપ્પણીઓ બદલ રાહુલ ગાંધીની આકરી ટીકા કરી





નવી દિલ્હી,

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ટાટા ગ્રુપ અંગે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનો વળતો જવાબ આપ્યો હતો. તેમણે રાહુલ ગાંધી પર વ્યાપારી અને કાનૂની બાબતોનું રાજકીયકરણ કરવાનો આરોપ લગાવ્યો અને તેમને ઉદ્યોગપતિઓને ઉશ્કેરીને અવિશ્વાસ અને નકારાત્મકતા ફેલાવવાથી દૂર રહેવાની સલાહ આપી.

'દરેક મુદ્દાનું રાજકીયકરણ કરવાનું ટાળો': નિર્મલા સીતારમણ

'ઠ' (ટ્વિટર) પર એક પોસ્ટમાં, સીતારમણે રાહુલ ગાંધીના તે આક્ષેપોનો જવાબ આપ્યો જેમાં તેમણે કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની આગેવાની હેઠળની સરકાર ભારતીય ઉદ્યોગો સાથે 'રમકડાં' જેવો વ્યવહાર કરી રહી છે અને ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે એન. ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ઉદ્યોગપતિઓ બોલતા ડરે છે. સીતારમણે કહ્યું, "વિપક્ષના નેતા (ૈ) તરીકે, હું તમને સલાહ આપું છું કે દરેક મુદ્દાનું રાજકીયકરણ કરવાનું ટાળો. વળી, વ્યાપારી અને કાનૂની બાબતોને હળવાશથી 'ગુનાહિત' ગણાવી દેવી તે સ્વીકાર્ય નથી. તમે વારંવાર ભારતીય ઉદ્યોગો અને આપણા ઉદ્યોગસાહસિકોની સફળતાઓની ટીકા કરી છે. શું હવે તમે આપણા ઉદ્યોગપતિઓને ઉશ્કેરીને તેમની સાથે મળીને અવિશ્વાસ અને નકારાત્મકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છો?" તેમણે કહ્યું, "દાયકાઓ સુધી, તમારી પાર્ટીએ 'લાઇસન્સ-ક્વોટા રાજ' દ્વારા ભારતીય ઉદ્યોગસાહસિકોની ભાવનાને દબાવી દીધી હતી અને કરોડો ભારતીયોને ગરીબીમાં ધકેલી દીધા હતા.

ન્યાયતંત્ર અને CJI પર ટિપ્પણી કરવા બદલ સંજય રાઉતે સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માંગી

નવી દિલ્હી/મુંબઈ,

શિવસેના (UBT) ના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે ન્યાયતંત્ર અને ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓ બદલ સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માંગી છે. આ અગાઉ, બુધવાર, ૨૮ ઓક્ટોબરના રોજ સર્વોચ્ચ અદાલતે શિવસેના (UBT) સાંસદને કોર્ટની અવમાનના કાર્યવાહીના સંદર્ભમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો. આ કાર્યવાહી તેમના દ્વારા સોશિયલ મીડિયા પર ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) અને ન્યાયતંત્ર વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓને કારણે શરૂ કરવામાં આવી હતી.

ન્યાયમૂર્તિ અરવિંદ કુમાર અને ન્યાયમૂર્તિ વિપુલ એમ. પંચોલીની ખંડપીઠે પત્રકાર નિખિલ વાગલેને પણ - જેમની સામે અવમાનનાની નોટિસ જારી કરવામાં આવી છે - સંજય રાઉતની સાથે તે જ તારીખે કોર્ટ સમક્ષ વર્ચ્યુઅલ રીતે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે તેમને ૧૭ નવેમ્બરના રોજ બપોરે ૨ વાગ્યે હાજર રહેવા જણાવ્યું છે. ખંડપીઠે મૌખિક અવલોકન કર્યું હતું કે આ બાબત સમગ્ર સંસ્થાને લગતો મુદ્દો ઉઠાવે છે.

૧૬ ઓક્ટોબરના રોજ, સુપ્રીમ કોર્ટે આ મામલે રાઉત અને વાગલેને 'શો-કોઝ' (કારણ દર્શાવો) નોટિસ જારી કરી હતી, પરંતુ આગામી સુનાવણીમાં તેમને વ્યક્તિગત રીતે હાજર રહેવામાંથી મુક્તિ આપી હતી, કારણ કે કોર્ટે પહેલા તેમના જવાબો પર વિચાર કરવાનું નક્કી કર્યું હતું.

કેન્દ્ર સરકારને મસ્જિદમાં નમાજ માટે પરવાનગી આપવા દબાણ કરી શકાતું નથી : દિલ્હી હાઈકોર્ટ

દિલ્હી હાઈકોર્ટે રેસકોર્ષ મસ્જિદમાં નમાજ માટે પરવાનગી આપવાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે રેસકોર્ષ મસ્જિદમાં નમાજ માટે પરવાનગી આપવાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે વિસ્તારમાં તોડી પાડવાનું કામ ચાલી રહ્યું છે અને જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારને મસ્જિદમાં નમાજ માટે પરવાનગી આપવા દબાણ કરી શકાતું નથી.

જસ્ટિસ અનિશ દયાલની બેન્ચ મસ્જિદમાં નમાજ પઢતા સૈયદ અહેમદ સઈદ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજદારે આરોપ લગાવ્યો હતો કે લોકોને મસ્જિદમાં પ્રવેશતા અટકાવવામાં આવી રહ્યા છે. તોડી પાડવાની આશંકા વ્યક્ત કરતાં તેમણે સુરક્ષા અને નમાજ માટે પ્રવેશ ખોલવાની માંગ કરી.

કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા વકીલ આશિષ દિક્ષિતે કોર્ટને જણાવ્યું હતું કે દિલ્હી વકફ બોર્ડની અરજી પર નિર્ણય ન આવે ત્યાં સુધી મસ્જિદ તોડી પાડવામાં આવશે નહીં. જોકે, આસપાસના વિસ્તારમાં તોડી પાડવાના કામ ચાલુ હોવાથી લોકોને અંદર જવા દેવામાં આવી શકતા નથી.

સરકારે એ પણ નિર્દેશ કર્યો હતો કે લોકોને આ વિસ્તારમાં મંદિરમાં પ્રવેશવાની મંજૂરી નથી. કોર્ટે પૂછ્યું, "જો તોડી પાડવા દરમિયાન કોઈ ઘાયલ થાય છે, તો વળતર કોણ આપશે?" કોર્ટે સંમતિ આપી હતી કે સુરક્ષાની ચિંતાઓને કારણે સરકારની દલીલ વાજબી છે.

અરજીમાં જણાવાયું છે કે મસ્જિદ ૧૫૦ વર્ષથી વધુ જૂની છે. તે ૧૯૭૭ માં વકફ મિલકત તરીકે નોંધાયેલ હતી. અરજદારના મતે, તેને દિલ્હી સરકાર દ્વારા ૨૦૦૯ માં જારી કરાયેલી સૂચના હેઠળ ગ્રેડ-૨ હેરિટેજ સાઇટ તરીકે પણ નિયુક્ત કરવામાં આવી છે.

નીટ પેપર લીક કેસઃ કોર્ટે ૧૪ આરોપીઓ સામે આરોપો ઘડવાનો આદેશ અનામત રાખ્યો

ચકચારી કેસમાં કોર્ટ હવે ૧૮ નવેમ્બરે પોતાનો નિર્ણય આપશે

નવીદિલ્હી,

નીટ યુજી પેપર લીક કેસમાં એક મહત્વપૂર્ણ કાનૂની વિકાસ થયો છે. રાઉઝ એવન્યુ કોર્ટે આ કેસમાં આરોપીઓ સામે આરોપો ઘડવાનો આદેશ અનામત રાખ્યો છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનએ આ કેસમાં કુલ ૧૪ વ્યક્તિઓને આરોપી તરીકે નામ આપ્યા છે.

આ કેસમાં કોર્ટ હવે ૧૮ નવેમ્બરે પોતાનો નિર્ણય આપશે. આ નિર્ણય કેસમાં આગળની ન્યાયિક કાર્યવાહીની દિશા નક્કી કરશે. સીબીઆઈએ શરૂઆતમાં જુલાઈમાં ૧૩ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ત્યારબાદ, ૧૪મા આરોપી શેષરાવ બજરંગ સૂર્યવંશી સામે પણ પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. કોર્ટે ઓગસ્ટ ૨૦૨૬માં મુખ્ય ચાર્જશીટની નોંધ લીધી હતી. કોર્ટે પ્રારંભિક પુરાવાઓની કાળજીપૂર્વક તપાસ કરી છે. સીબીઆઈએ નીટ યુજી પ્રશ્નપત્ર લીકની તપાસ માટે મે ૨૦૨૬માં કેસ નોંધ્યો હતો.

કોર્ટ દ્વારા આરોપો ઘડવાનો આદેશ અનામત રાખવો એ એક મહત્વપૂર્ણ ન્યાયિક તબક્કો છે. આ પ્રક્રિયામાં, કોર્ટ મૂલ્યાંકન કરે છે કે આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધાર અને પુરાવા છે કે નહીં. જો કોર્ટ આરોપો ઘડે છે, તો સંડોવાયેલા વ્યક્તિઓ સામે ઔપચારિક ન્યાયિક કાર્યવાહી શરૂ થશે.

પાકિસ્તાનમાં એમ્બ્યુલન્સની અંદર ઓક્સિજન સિલિન્ડર ફાટતાં ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત





ઈસ્લામાબાદ,

દક્ષિણ પાકિસ્તાનમાં સરકારી સંચાલિત તબીબી સુવિધામાં પાર્ક કરેલી એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સિલિન્ડર વિસ્ફોટ થયો હતો, જેમાં સુવિધાના એક દર્દી સહિત ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા, એમ પોલીસ અને હોસ્પિટલના અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

જિલ્લા પોલીસ વડા આરિફ અઝીઝે જણાવ્યું હતું કે સિંધ પ્રાંતના થરપારકર જિલ્લામાં રાત્રે વિસ્ફોટ થયો હતો. તેમણે કહ્યું કે પીડિતોમાં તબીબી સુવિધાના સ્ટાફ, દર્દીઓ અને તેમના સંબંધીઓનો સમાવેશ થાય છે. સ્થાનિક પોલીસ અધિકારી ખલીલ અબ્રોએ જણાવ્યું હતું કે વિસ્ફોટ થયો ત્યારે દર્દીઓને બીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા હતા. સોશિયલ મીડિયા અને ટેલિવિઝન સ્ટેશનો પરની છબીઓમાં એક વાહનમાં આગ લાગી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું, જેનો એક દરવાજો ખુલ્લો હતો. બીજી છબી એક ઈમારતની બહાર તેની કાળી ફ્રેમ દર્શાવે છે જ્યારે લોકો નજીકમાં ઉભા હતા.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું અને કારણ નક્કી કરવા માટે તાત્કાલિક, પારદર્શક તપાસની હાકલ કરી, તેમના કાર્યાલયના એક નિવેદન અનુસાર.

તેમણે અધિકારીઓને સમાન ઘટનાઓને રોકવા માટે સલામતીના પગલાં મજબૂત કરવા પણ વિનંતી કરી, પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી.

ફિલિપાઈન્સમાં આસિયાન સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો

અમેરિકા દ્વારા પાકિસ્તાનને એફ-૧૬ જેટ માટે પેકેજ આપવા સામે પણ નારાજગી વ્યક્ત કરી

ઈસ્લામાબાદ,

ફિલિપાઈન્સમાં આસિયાન સંરક્ષણ પ્રધાનોની બેઠક (એડીએમએમ-પ્લસ) માં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આતંકવાદનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવ્યો હતો. તેમણે ઓપરેશન સિંદૂરને આતંકવાદ સામેની ભારતની લડાઈના ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. તેમણે યુએસના યુદ્ધ સચિવ પીટ હેગસેથ સાથેની મુલાકાત દરમિયાન અમેરિકા દ્વારા પાકિસ્તાનને ૠ-૧૬ જેટ માટે પેકેજ આપવા સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી. આ સમગ્ર ઘટનાક્રમથી પાકિસ્તાની નિષ્ણાતો નારાજ થયા છે. પાકિસ્તાની રાજકીય વિવેચક કમર ચીમા કહે છે કે રાજનાથ સિંહના નિવેદનો સત્યથી ઘણા દૂર છે.

પોતાની યુટ્યુબ ચેનલ પરના એક વીડિયોમાં, કમર ચીમાએ રાજનાથ સિંહના ભાષણ અને પીટ હેગસેથ સાથેની મુલાકાતમાં પાકિસ્તાનના ઉલ્લેખની ચર્ચા કરી. તેમણે રાજનાથ સિંહના બધા નિવેદનોને ખોટા ગણાવવાનો અથવા ફગાવી દેવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે રાજનાથ સિંહના ભાષણમાં પાકિસ્તાનના ઉલ્લેખ તેમના સ્થાનિક સમર્થકોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવ્યા હતા.



કમર ચીમાએ કહ્યું, "રાજનાથ સિંહ આતંકવાદના મુદ્દા પર પાકિસ્તાનને ધમકી આપી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે અમે પાકિસ્તાનને ફાઇટર જેટ માટે અમેરિકાના સપોર્ટ પેકેજ પર સવાલ ઉઠાવ્યા હતા. આ નિવેદનો યોગ્ય લાગતા નથી કારણ કે આપણી સામે અમેરિકા-ભારત સંબંધોછે, અને ભારત પાસે આતંકવાદ પર પણ કહેવા માટે કંઈ નથી.

ચીમા કહે છે, "રાજનાથ સિંહે આતંકવાદ વિશે વાત કરી હતી, પરંતુ ભારતીય સેનાએ ક્યારેય વિશ્વની કોઈપણ સેના સાથે મળીને કોઈ આતંકવાદ વિરોધી કાર્યવાહી કરી નથી. તેથી રાજનાથ સિંહ આતંકવાદ સામે લડવાની વાત કેવી રીતે કરી રહ્યા છે તે આપણી સમજની બહાર છે." ભારતે પહેલા આ મોરચે પોતાની સિદ્ધિઓ જાહેર કરવી જોઈએ."

કમર ચીમાએ કહ્યું કે રાજનાથ સિંહે એફ-૧૬ પર કહ્યું છે કે દિલ્હી પાકિસ્તાનને આ જેટ પૂરા પાડવા બદલ અમેરિકાથી નાખુશ છે. મને નથી લાગતું કે તેમણે હેગસેથને આનો ઉલ્લેખ કર્યો હોય. જો એવું હોત, તો સંયુક્ત નિવેદનમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોત. છેલ્લા અઢી વર્ષમાં, મને યાદ નથી કે ભારતે પાકિસ્તાન માટે એફ-૧૬ આધુનિકીકરણ પેકેજ વિશે અમેરિકાને કોઈ પ્રશ્ન પૂછ્યો હોય.

ભારતને ઘેરવાનો પ્રયાસ કરતા, કમર ચીમાએ કટાક્ષ કર્યો, "જો અમેરિકા ભારતની સ્થિતિને એટલી સ્વીકારી રહ્યું છે કે તેઓ પાકિસ્તાન વિશે ફરિયાદ કરી રહ્યા છે, તો પછી બંને દેશો વેપાર સોદો કેમ કરી શકતા નથી?" હુંસ્પષ્ટપણે કહીશઃ પાકિસ્તાન અમેરિકા પાસેથી ટેકનોલોજી મેળવી રહ્યું છે. મને નથી લાગતું કે અમેરિકનો આવા મુદ્દા પર ભારતની વાત સાંભળી રહ્યા છે.

મમતાએ વિપક્ષ ગઠબંધનના ૧લી નવેમ્બરના ચલો દિલ્હી રામલીલા માર્ચને સમર્થન આપ્યું

લોકશાહીનું રક્ષણ કરવા અને આપણા બંધારણને બચાવવા માટે સાથે ઊભા રહેવા વિનંતી કરી



નવી દિલ્હી,

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે ૧ નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનાર કથિત મત ચોરી સામેના ભારતીય જૂથના વિરોધ પ્રદર્શનને ટેકો આપ્યો.

ઠ પર એક પોસ્ટમાં, તેમણે વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, કામદારો અને નાગરિક સમાજના સભ્યોને વિરોધ પ્રદર્શનમાં જોડાવા અપીલ કરી.

"જ્યારે મતદાન જોખમમાં હોય છે, ત્યારે મૌન કોઈ વિકલ્પ નથી," તેમણે લોકોને "આપણા લોકશાહીનું રક્ષણ કરવા અને આપણા બંધારણને બચાવવા" માટે સાથે ઊભા રહેવા વિનંતી કરી.

મમતા બેનર્જીએ ઈલેક્ટ્રોનિક મતદાન મશીનો (EVM), મતદાર ડેટા, મતદાર યાદીઓ અને ગણતરી પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠાવ્યા, તેમને ચિંતાના વિષયો તરીકે સૂચિબદ્ધ કર્યા.

તેમણે એમ પણ કહ્યું કે વિપક્ષી જૂથ કથિત ચૂંટણી અનિયમિતતાઓ સામેની લડાઈમાં એક થશે, તેને દરેક ભારતીયના મતદાનના અધિકારનું રક્ષણ કરવાની લડાઈ તરીકે વર્ણવશે. "વોટ ચોરી સામેની લડાઈ એ દરેક ભારતીયના પસંદગીના અધિકારનું રક્ષણ કરવાની લડાઈ છે," તેમણે કહ્યું, પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં કથિત મત ચોરી જવાબો માંગે છે.

કથિત "વોટ ચોરી", મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે INDIA બ્લોકની ૧ નવેમ્બરની રેલી માટે દિલ્હીના રામલીલા મેદાનમાં તૈયારીઓ ચાલી રહી છે.

આ રેલી વિપક્ષી પ્રવૃત્તિઓની શ્રેણીને અનુસરે તેવી અપેક્ષા છે, જેમાં એક મોક સંસદનો સમાવેશ થાય છે જેમાં INDIA બ્લોકના નેતાઓ જ્ઞાનેશ કુમારને પ્રતીકાત્મક રીતે "મહાભિયોગ" કરવાનો ઈરાદો ધરાવે છે.

ગુરુવારે અગાઉ, કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકશાહી અને બંધારણનું રક્ષણ કરવા માંગતા લોકોને ૧ નવેમ્બરના રોજ 'ચલો દિલ્હી રામલીલા માર્ચ'માં જોડાવા અપીલ કરી હતી. તેમણે આ કૂચને કથિત ચૂંટણીલક્ષી ગેરરીતિઓને રોકવા અને બંધારણીય મૂલ્યોનું રક્ષણ કરવાના સામૂહિક પ્રયાસ તરીકે વર્ણવી હતી.

ધોરાજીમાં બે બાઈક સામ સામે અથડાયા બાદ બે જૂથ વચ્ચે મારામારી

અથડામણમાં એક જૂથના ૪ અને બીજા જૂથના ૫ લોકોને ઈજા થતાં સારવાર માટે ખસેડાયા

ધોરાજી : અહીંના ગેલેકસી ચોક-પોસ્ટ ઓફિસ રોડ પર બેન્ક એટીએમ તરફ જઇ રહેલાં વિહિપ બજરંગદળના કાર્યકરના બાઇક સાથે ઇ-બાઇક અથડાઇ જતાં નજીવી બાબતે બોલાચાલી થઇ અને મામલો વણસી જતાં બે જૂથના ટોળા ઊમટી પડયાં હતાં. આ વેળા સામ સામે ઢીકા પાટુંનો માર મારવા ઉપરાંત હાથના કડાથી હુમલા થતાં એક જૂથના ચાર અને બીજા જૂથના પાંચને ઇજા થતાં સારવારમાં ખસેડયાં હતા. આ બનાવમાં વિહિપના કાર્યકરને માથામાં ચા બનાવવાનો ડોયો લાગી ગયાનું જણાવાયું છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેરની વિશ્વકર્મા સોસાયટીમાં રહેતાં વિહિપ બજરંગદળના કાર્યકર અર્જુન શૈલેષભાઇ પાલ એટીએમ તરફ બાઇક પર જઇ રહ્યાં હતાં. આ વેળા શહેઝાદનું ઇ-બાઇક અથડાઇ જતાં બન્ને વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો તંગ થઇ જતાં બન્ને જૂથના ટોળા એકત્ર થઇ ગયા હતા. એ વખતે ઢીકા પાટુંં અને હાથાપાઇ થઇ હતી. તેમજ એક જૂથના લોકોએ હાથમાં પહેરેલા કડા ફટકાર્યાના આક્ષેપ થયા છે. આ બનાવના પગલે મોસીનમિયાં ઇબ્રાહીમમિયાં સૈયદ બહારપુરાવાળાએ અર્જુન શૈલેષ પાલ, રાજેશ હરેશભાઇ પાલ, શૈલેષ યોગેશ્વર પાલ તેમજ મનીષ નવીનભાઇ પાલ સહિતના ચાર સામે ઢીકા પાટુંનો માર માર્યાની અને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કરી છે.

સામે પક્ષે અર્જુન શૈલેષભાઇ પાલે ફન્ટી કાદરી, મોહસીન કલીવાલા, રસીદ રફાઇ તેમજ શબીર ખલીફા મળી કુલ પાચ સામે ઢીકા પાટુંનો માર માર્યાની અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ થઇ છે. બુધવારે બનેલા બનાવમાં થોડીવાર શહેરમાં તંગદીલી સર્જાઇ ગયા બાદ પરિસ્થિતિ શાંત અને કાબુમાં આવી ગઇ છે.

ડીજીએફટીના અધિકારીની શંકાસ્પદ આત્મહત્યા અંગે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધાયો

રાજકોટમાં ડીજીએફટી કચેરીના જોઈન્ટ ડિરેક્ટર જવરીમલ બિશ્નોઈના શંકાસ્પદ મૃત્યુ કેસમાં નવો વળાંક આવ્યોઃ હવે હાઈકોર્ટના આદેશથી CID ક્રાઈમ બ્રાન્ચે અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ : રાજકોટના ગિરનાર ટોકીઝની બાજુમાં આવેલી ડીજીએફટી એટલે કે ડીરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડની કચેરીના જોઇન્ટ ડીરેક્ટર અને ઇન્ડિયન ટ્રેડ સર્વિસના અધિકારી જવરીમલ બિશ્નોઇને ગઇ તા. ૨૪-૩-૨૦૨૩ના રોજ સીબીઆઇએ રૂા. ૫ લાખની લાંચ લેતા ઝડપી લીધા બાદ બીજા દિવસે સીબીઆઇની કસ્ટડીમાં જ પોતાની જ કચેરીના ચોથા માળેથી ઝંપલાવી આત્મહત્યા કરી લીધાનું પોલીસમાં જાહેર થયું હતું. હવે હાઇકોર્ટના આદેશથી સીઆઇડી ક્રાઇમ બ્રાંચે જવરીમલ બિશ્નોઇની હત્યા અંગે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

તેના પત્ની સુમનબેન (ઉ.વ.૪૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે સંતાનમાં પુત્ર આદિત્ય (ઉ.વ.૨૧) અને પુત્રી આરઝુ (ઉ.વ.૧૯) છે. તેના પતિ ૨૦૨૨ના મે મહિનાથી ડીજીએફટી કચેરીમાં જોઇન્ટ ડીરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે પરિવાર સાથે રૈયા હીલ ખાતે સોપાન લકઝુરીયામાં ભાડાના ફલેટમાં રહેતા હતા. ગઇ તા. ૨૪-૩-૨૦૨૩ના રોજ સવારે નવેક વાગ્યે તેના પતિ નિત્યક્રમ મુજબ નોકરીએ ગયા બાદ બપોરે ઘરે જમવા આવ્યા હતા

જમીને ઓફિસે જવા નીકળ્યા હતા. સાંજના પાંચેક વાગ્યે તે પુત્રી સાથે ઘરે હતા ત્યારે ડોરબેલ વાગી હતી. સેફટી ડોરમાંથી જોતાં ત્રણથી ચાર માણસો દેખાયા હતા. જેમણે પોતાની ઓળખ સીબીઆઇના માણસો તરીકે આપી દરવાજો ખોલવાનું કહ્યું હતું. જેથી તેમને આઇડી અને વોરન્ટ બતાવવાનું કહેતાં ઇન્કાર કરી દીધો હતો. આ દરમિયાન પતિને ત્રણથી ચાર વખત કોલ કર્યા હતા. પરંતુ રિસીવ થયા ન હતા. બાદમાં ફોન સ્વીચ ઓફ થઇ ગયો હતો.

સાંજે છએક વાગ્યે પુત્ર કોલેજેથી ઘરે આવ્યો ત્યારે તેની સાથે બીજા ત્રણથી ચાર માણસો પણ આવ્યા હતા. જેમને તેના પુત્રએ કોણ છો પૂછતાં સીબીઆઇના માણસો તરીકે ઓળખ આપી હતી. તેના પુત્રએ પણ આઇડી અને વોરન્ટ બતાવવાનું કહેતાં ઇન્કાર કર્યો હતો. તેના પુત્રને આ લોકોએ કહ્યું કે તારા પપ્પાને અટક કર્યા છે, હવે અમદાવાદ લઇ ગયા છીએ, તમારા ઘરની જડતી કરવાની છે એટલે દરવાજો ખોલાવ.

તે સાથે જ તેના પુત્રએ એડવોકેટનો સંપર્ક કર્યો હતો. જેમણે સીબીઆઇના અધિકારીઓ સાથે વાત કરાવવાનું કહ્યું હતું. પરંતુ તે લોકોએ વાત કરી ન હતી. સાથોસાથ દરવાજો ખોલવાનું કહ્યું હતું. જો દરવાજો નહીં ખૂલે તો જબરદસ્તીથી દરવાજો ખોલાવવો પડશે તેમ પણ કહ્યું હતું. જેને કારણે બંને પક્ષો વચ્ચે રાતના ૧૧ વાગ્યા સુધી દલીલબાજી ચાલી હતી.



તે દરમિયાન બીજા પાંચથી છ માણસો, ફલેટ માલિક અતુલ જોશી અને લોક ખોલનારને લઇ આવ્યા હતા. લોક ખોલાવી તમામ ઘરમાં પ્રવેશ્યા હતા અને જડતી શરૂ કરી દીધી હતી. એટલું જ નહીં ત્રણેક જેટલા કોરા કાગળમાં તેને સહી કરવાનું કહેતાં ના પાડી હતી. તેણે પતિ સાથે વાત કરાવવાનું કહ્યું હતું પછી જ સહી કરશે તેમ પણ કહ્યું હતું.

તે વખતે સીબીઆઇના એક અધિકારીએ સ્પીકરમાં ફોન રાખ્યો હતો. પરંતુ પતિ સાથે વાત કરાવી ન હતી. આ દરમિયાન પતિની ચીસો સંભળાતી હતી. તેના પતિ બહુ દર્દમાં હોય તેવું લાગ્યું હતું. તેના પતિ કહેતા કે સાહેબ મારા ફેમિલીને ખોટા કેસમાં ફસાવો નહીં. જેથી સામાવાળાઓએ તેના પતિને ગાળો ભાંડી કહ્યું કે તમે ખોટા માણસ સાથે પંગો લીધો છે.

સવારે ૯.૩૦ સુધી ઘરની જડતી ચાલી હતી. જો કે તેણે સહી કરવાની ના પાડી દીધી હતી. બાદમાં સીબીઆઇના માણસો જતા-જતા રહ્યા હતા.

થોડીવાર બાદ સોશિયલ મીડિયા મારફત પતિ પર કેસ થયાની અને તે ઓફિસની બારીમાંથી નીચે પડી જતાં ઇજા થયાની જાણ થઇ હતી. બાદમાં પતિ મૃત્યુ પામ્યાની માહિતી મળી હતી.

વાડીમાં ચાલતા જુગારધામ પર દરોડો, ૭ મહિલા સહિત કુલ ૧૧ ઝડપાયા

પટમાંથી ૫.૬૮ લાખ રોકડા, ૫ મોબાઈલ અને ૧ અર્ટિગા કાર જપ્ત

રાજકોટ : પાટણવાવ પોલીસ મથકની હદમાં આવતા નાગલખડા ગામની સીમમાં આવેલી વાડીમાં ધમધમતા જુગારધામ પર એલસીબીએ દરોડો પાડી સાત મહિલા સહિત કુલ ૧૧ આરોપીઓને રૂા. ૧૨.૨૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. કેટલા સમયથી આ જુગારધામ ચાલતુ હતું તે અંગે હવે પોલીસ તપાસ કરશે.

એલસીબીના પીએસઆઇ કે.એમ. ચાવડાને એવી માહિતી મળી હતી કે સિરાજ નુરમામદ સમા (રહે. હાડફોડી ગામ, તા. ઉપલેટા) તેના જ ગામના જાવીદ ગફારભાઇ સમા સાથે મળી નાગલખડા ગામની સીમમાં આવેલી પોતાની વાડીમાં જુગારધામ ચલાવે છે. જેના આધારે ગઇકાલે રાત્રે દરોડો પાડયો હતો.

સ્થળ પરથી સંચાલક સિરાજ, ઇમરાન આમદ મંધરા (રહે. જૂનાગઢ), ધર્મેશ મનુભાઇ ગોહેલ (રહે. રાજકોટ), સિકંદર હુસેન પઠાણ (રહે. જૂનાગઢ), હંસાબેન ધનજીભાઇ પરમાર (રહે. જામનગર), રેશમાબેન ઇમરાન મંધરા (રહે. જૂનાગઢ), નયનાબેન રાજેશભાઇ બૂધ (રહે. જામનગર), એકતાબેન ઉર્ફે અંકિતાબેન જીજ્ઞોશ મણવર (રહે. રાજકોટ), રેશમાબેન હારૂનભાઇ ઠેબા (રહે. ઉપલેટા), વર્ષાબા પુષ્પરાજસિંહ ચુડાસમા (રહે. રાજકોટ) અને ભારતીબેન તુલસીભાઇ રાઠોડ (રહે. પોરબંદર) ઝડપાયા હતા.

જ્યારે જાવીદ નાસી જતાં તેને વોન્ટેડ દર્શાવ્યો છે. પટ્ટમાંથી રૂા. ૫.૬૮ લાખની રોકડ મળી હતી. જેના પરથી મોટાપાયે જુગાર રમાતો હોવાનુ સ્પષ્ટ બન્યું છે. પાંચ મોબાઇલ ફોન, અર્ટિગા કાર પણ કબજે કરાઇ હતી.

સંચાલક સિરાજ સામે જુગારનો એક, ઇમરાન સામે પણ જુગારનો એક ગુનો નોંધાયો છે. હંસાબેન સામે જુગારના ચાર, નયનાબેન સામે પણ ચાર, રેશમાબેન સામે પાંચ, ભારતીબેન સામે ચાર અને વોન્ટેડ જાવીદ સામે એક ગુનો નોંધાયો છે. જેના પરથી સ્પષ્ટ છે કે મોટાભાગના આરોપીઓ જુગાર રમવાના શોખીન છે.

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સિઝનના પ્રારંભે જ મરચાની હરાજી અટકી, કંતાનના વજન કાપ સામે ખેડૂતોનો હોબાળો

રાજકોટ:



મળતી માહિતી અનુસાર, ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં નવી સિઝનના મરચાંની આશરે ૭૦૦ ભારીની પહેલી આવક થઈ હતી. જોકે, હરાજી શરૂ થતાં જ વેપારીઓ દ્વારા મરચાંની પ્રત્યેક ભારી દીઠ ૫૦૦ ગ્રામ કંતાનનું વજન બાદ કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. બજારમાં એક કંતાન ૧૨૦ રૂપિયામાં આવતું હોવા છતાં વેપારીઓ દ્વારા અન્યાયી રીતે વજન કાપવામાં આવતો હોવાનો આક્ષેપ કરીને ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો.

ખેડૂતોએ સ્પષ્ટ માગણી કરી હતી કે, કાં તો કંતાન સહિતનું પૂરેપૂરું વજન જોખવામાં આવે અથવા તો એક કંતાન દીઠ ૧૨૦ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવે. આ માગ સાથે આશરે ૫૦ જેટલા ખેડૂતો યાર્ડની ઓફિસ પાસે નીચે જમીન પર બેસી ગયા હતા અને માગણીઓ ન સંતોષાય ત્યાં સુધી હરાજી શરૂ ન થવા દેવાની ચીમકી ઉચ્ચારી હતી.

મામલો ઉગ્ર બનતાં જ ગોંડલ યાર્ડના ડિરેક્ટરો પ્રફુલ ટોળીયા, જીતુ જીવાણી તેમજ દલાલ મંડળના પ્રમુખ યોગેશ ક્યાડા અને સેક્રેટરી તરુણ પાંચાણી સહિતના અગ્રણીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજીને હોદ્દેદારો પણ ખેડૂતો સાથે નીચે જમીન પર બેસી ગયા હતા અને તેમની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી હતી.

યાર્ડ સત્તાધીશો દ્વારા ખેડૂતોને આશ્વાસન આપવામાં આવ્યું છે કે, ખેડૂતો અને વેપારીઓ વચ્ચે સંયુક્ત બેઠક યોજીને વજન કાપના આ પ્રશ્નનો વહેલી તકે સુખદ અને ન્યાયી નિરાકરણ લાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે.

માળિયામાંથી વસ્તુ ઉતારતા પટકાતા યુવાનનું મોત

કારખાનામાં આગમાં દાઝેલા યુવકનું સારવાર દરમિયાન મોત

રાજકોટ:

મવડીની વલ્લભ વિદ્યાનગર સોસાયટીમાં રહેતા ૨૯ વર્ષીય વિમલ હિંમતભાઈ રાવરાણી પોતાના ઘરે ટેબલ પર ચઢીને માળીયામાંથી વસ્તુ ઉતારી રહ્યા હતા તે દરમિયાન અચાનક સંતુલન ગુમાવવાથી તેઓ નીચે જમીન પર પટકાયા હતા. માથામાં ગંભીર ઈજા થવાને કારણે તેમને બેભાન હાલતમાં તત્કાલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ યુવકના આકસ્મિક મૃત્યુથી મૂળ ગોંડલના ધરાળા ગામના પરિવારમાં ભારે શોક છવાઈ ગયો છે.

કોઠારીયા રોડ પરના સ્ક્રેપના કારખાનામાં આગ લાગી

ગત તા.૧૮ ઓક્ટોબરની મોડી રાત્રે કોઠારીયા રોડ પર સાઈબાબા સર્કલ પાસે આવેલા એમ.આઈ. સ્ટીલ નામના સ્ક્રેપના કારખાનામાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા ત્રણ મજૂરો પૈકી જંગલેશ્વરમાં રહેતા ૧૯ વર્ષીય મંગેશ તિલકરામ ગૌતમનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અપરણિત અને મજૂરી કામ કરતા યુવકના અચાનક મૃત્યુથી તેના પરિવારમાં હૈયાફાટ રૂદન છવાયું છે. જ્યારે આજીડેમ પોલીસે સમગ્ર માને લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટઃ શાન્શા સ્પામાંથી ફૂંટણખાનાનો પર્દાફાશ

ડમી ગ્રાહક મોકલી પોલીસની રેડ, ૫ યુવતીઓ મુક્ત, સંચાલક -રિસેપ્શનિસ્ટ ઝડપાયા



રાજકોટઃરાજકોટમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે સ્પાની આડમાં ચાલતું વધુ એક ફૂંટણખાનું ઝડપી પાડ્યું છે. શહેરના અમીન માર્ગ પરના 'શાન્શા સ્પા'માં પોલીસે ડમી ગ્રાહક બની દરોડો પાડતા ફૂંટણખાનાનો પર્દાફાશ થયો હતો જે દરમિયાન પોલીસે આ દેહ વ્યાપારના ગેરકાયદેસર વ્યવસાયમાં ફસાયેલી ૫ યુવતીઓને મુક્ત કરાવવામાં આવી હતી તો સંચાલક અને રિસેપ્શનિસ્ટને ઝડપી પાડવામાં આવ્યા છે જ્યારે ૨ શખ્સો વોન્ટેડ જાહેર કરાયા છે.

શહેરના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમને બાતમી મળી હતી કે અમીન માર્ગ પરના 'શાન્શા સ્પા' ના સંચાલકો દ્વારા યુવતીઓને રાખી મસાજના નામે બહારથી ગ્રાહકો બોલાવી દેહવ્યાપારનો ધંધો કરાવવામાં આવે છે. આ હકીકતના આધારે પોલીસે ડમી ગ્રાહક મોકલીને ખાતરી કરતા હકીકત સાચી સાબિત થઈ હતી.

અહીં સ્પામાં એન્ટ્રી ફી પેટે ગ્રાહક પાસેથી રૂ.૧,૦૦૦ લેવામાં આવતા હતા. જ્યારે ગ્રાહક સાથે શરીર સંબંધ બાંધીને વધારાની સર્વિસના નામે અલગથી રૂ.૨,૫૦૦ વસૂલવામાં આવતા હતા. પોલીસે રેડ દરમિયાન સ્થળ પરથી રોકડ અને ૨ મોબાઈલ મળી રૂ.૧૫,૫૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તેમજ દેહવ્યાપારના ધંધામાં ફસાયેલી ૫ યુવતીઓને મુક્ત કરાવવામાં આવી છે.

આ કેસમાં ઈમોરલ ટ્રાફિકિંગ પ્રિવેન્શ એક્ટ - ૧૯૫૬ની કલમ ૩, ૪ અને ૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં આરોપીઓ આદિત્ય પ્રફુલભાઈ મજેઠીયા અને કિશ હિતેષભાઈ રૂઘાણીને વોન્ટેડ જાહેર કરાયા છે તો પોલીસે સ્પા સંચાલક પ્રતિક શૈલેષભાઈ મજેઠીયા અને રિસેપ્શનિસ્ટ અને ટેલીકોલર રવિનાબેન રામજીભાઈ વાઘેલાની ધરપકડ કરવામાં આવી છે.

મંડપ સર્વિસના ગોડાઉનમાં લાગેલી આગથી ૧ કરોડનું નુકસાન



રાજકોટઃરાજકોટમાં જામનગર રોડ પર આવેલી માધાપર ચોકડી પાસે, ભરત ઓઈલ મિલ (સમર્થ પેકેજિંગ ગોડાઉન) ખાતે આવેલા ઝેડ ઈવેન્ટના મંડપ સર્વિસ અને ડેકોરેશનના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ લાગી હતી.આ ગોડાઉનમાં ફાઈબરના સેટ-અપ, ફાઈબરની મંદિર થીમ, ઈજીપ્ત થીમ, ચાઈના થીમ, રોમન થીમ તેમજ અન્ય ફાઈબરનો સામાન અને પ્લાયવુડનો જથ્થો મોટા પ્રમાણમાં મોજૂદ હતો. જ્વલનશીલ સામગ્રી હોવાને કારણે આગે ટૂંક સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગની આ ઘટનામાં રૂ. ૧ કરોડનું નુકસાન થયું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

ઘટના અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી જાણવા જોગ વિગત મુજબ, રાજકોટના અરજદાર જયેશ સુભાષ મકાતીના મોટા બાપાના દીકરા ધર્મેશ કિશોર મકાતીનું આ ગોડાઉન છે. ગઈકાલે તારીખ ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ સાંજના ૭:૦૦ વાગ્યાની આસપાસ અરજદાર મોરબી ખાતે હતા, ત્યારે ગોડાઉનમાં મેનેજર તરીકે ફરજ બજાવતા ભીમજી મુકેશ પરમારનો ફોન આવ્યો હતો. તેમણે ગોડાઉનમાં આગ લાગી હોવાની જાણ કરી હતી, જેથી અરજદાર તુરંત ત્યાં દોડી આવ્યા હતા.આગની આ ભયાનક દુર્ઘટનાની જાણ થતાં જ રામાપીર ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર જવાનોની સમયસૂચકતા અને ભારે જહેમતને કારણે આગ આસપાસના વિસ્તારમાં વધુ ફેલાતી અટકી હતી, જેથી મોટી દુર્ઘટના ટળી હતી.

રિક્ષાનાં પેસેન્જરે જૂનાગઢના વૃધ્ધની રૂા.૧૭.૪૦ લાખની મત્તા તફડાવી લીધી

ગોંડલ ચોકડીથી રિક્ષામાં બેઠા,રાજકોટમાં પુત્રને મળવા આવ્યા હતા

રાજકોટ : જૂનાગઢમાં રહેતાં માલદેભાઈ રામભાઈ રાવલીયા (ઉ.વ.૭૦)ની રૂા.૧૭.૪૦ લાખની મત્તા રાજકોટમાં રિક્ષામાં બેઠેલા પેસેન્જરે તફડાવી લીધાનો બનાવ ધ્યાને આવ્યો છે. ગાંધીગ્રામ-૨ પોલીસે ગુનો નોંધી સીસીટીવી કેમેરા વગેરેના આધારે તપાસ આગળ ધપાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માલદેભાઈનો પુત્ર રવી પુષ્કરધામ મેઈન રોડ પર પ્રધ્યુમન રોયલ હાઈટસમાં રહે છે. જેથી ગઈકાલે પુત્રને મળવા માટે પત્ની સાથે એસ.ટી. બસમાં રાજકોટ આવ્યા હતા. ગોંડલ ચોકડીએ ઉતરી પુત્રના ઘર પાસે પત્ની સાથે ઉતરી સામાન લઈ જતા રહ્યા હતા. પુત્રના ઘરે જઈ થેલાની અંદર રાખેલ કાળા કલરનું પર્સ જોતાં તેમાં માત્ર એક સોનાનું બુટિયું હતું. પર્સમાં રાખેલા સોનાના દાગીનામાં બે મંગળસુત્ર, સોનાના બુટિયા, સોનાની વીંટી અને રૂા.૧૫ હજાર રોકડા ગાયબ હતા. તે સાથે જ સાથે બેસેલા પેસેન્જરે ચોરી કર્યાનું જણાયું હતું. જે દાગીના ચોરાયા હતા તેનું વજન ૧૬૧.૨૫ ગ્રામ હતું.ગાંધીગ્રામ-૨ પોલીસે રિક્ષામાં બેઠેલા પેસેન્જર વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.



પુત્રના ઘરે જવા માટે રૂા.૧૨૦નું ભાડુ બાંધી રિક્ષામાં બેઠા હતા. સોએક મીટર દૂર રિક્ષા પહોંચ્યા બાદ એક પેસેન્જર પાછળ તેમની બાજુમાં બેઠો હતો. જેણે પોતાની બેગ તેમના થેલા ઉપર રાખી હતી.

ગોંડલમાં પરિણીતાનો પીછો કરી પજવણી કરનાર શખ્સ સામે ફરિયાદ

ગોંડલઃગોંડલમાં પરિણીતાનો પીછો કરી પજવણી કરતાં લુખ્ખા રજાક ચોટલીયા સામે ગુનો નોંધાયો હતો. ખાનગી હોસ્પિટલમાં કામ પર જતી મહિલાનો બાઈકમાં પીછો કરી આરોપી બેફામ વાણી વિલાસ કરતો હતો. ફરિયાદના પગલે પોલીસે આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

બનાવ અંગે ગોંડલમાં રહેતી ૨૮ વર્ષીય પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોંડલના રજાક ચોટલીયા નામના શખ્સનું નામ આપતાં ગોંડલ સીટી પોલીસે પજવણી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી ખાનગી હોસ્પિટલમાં સફાઇ કામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેણીને સંતાનમા એક દિકરો તથા એક દિકરી છે. તેણી પોતાના ઘરેથી હોસ્પિટલે રોજ સવારના સાડા આઠેક વાગ્યે કામ પર જવા નીકળતી હોય છે.

ઘોઘાવદર રોડથી રીક્ષા મળતી હોય જેથી તેણી ઘોઘાવદર રોડ સુધી ચાલીને જાય છે. તાજેતરમાં રજાક ચોટલીયા તેણી ઘરેથી ઘોઘાવદર રોડ સુધી ચાલીને જતી હતી ય ત્યારે પાછળ પાછળ પોતાનું એક્ટીવા લઈને આવે છે. તેણી ચાલીને જતી હોય ત્યારે થોડા થોડા અંતરે આગળ પોતાનું એક્ટીવા ઉભુ રાખતો હોય છે.

ઘણીવાર તેણીના પિતા તેમને હોસ્પિટલે મૂકવા આવતા હોય ત્યારે પણ આ રજાક પાછળ પોતાનું એક્ટીવા લઈને ઘસી આવતો હોય જેથી તેણીના મમ્મી-પપ્પા આ રજાકના ઘરે ગયા અને તેના ભાભીને આ વિશે વાત કરતાં તેઓએ મમ્મી-પપ્પાને કહ્યું હતું કે, તેઓ રજાકને સમજાવશે, પરંતુ આ બાદ પણ આ રજાક પાછળ-પાછળ આવી પીછો કરતો હોય જેથી અંતે કંટાળીને ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરિયાદ પરથી ગોંડલ સીટી પોલીસે આરોપી રજાક ચોટલીયાને પકડવા તજવીજ આદરી હતી.

એક્ટિવાની ડેકી તોડી રૂ.૨ લાખ રોકડા ચોરી કરનાર તસ્કર સીસીટીવીમાં કેદ

રાજકોટઃનાનામવા રોડ પર પ્રાઈમ હોસ્પિટલ સામે અલ્કોન કન્સલ્ટન્સી નામની પેઢી ધરાવતા ચંદ્રેશભાઈ વઘાસીયાએ આંગડિયા પેઢીમાંથી રૂ.૨ લાખ ઉપાડી સફેદ થેલીમાં મૂકી પોતાના એક્ટિવા (નંબરઃ જીજે-૦૩-ઈજે-૯૦૯૨) ની ડેકીમાં રાખ્યા હતા. ઓફિસ બહાર વાહન પાર્ક કરી રાત્રે ઘરે જવા નીકળતી વખતે ડેકી ચેક કરતાં રકમ ગાયબ જણાઈ હતી. કન્સલ્ટન્સીના સીસીટીવી ફૂટેજ તપાસતા એક શખ્સ એક્ટિવાની ડેકીમાંથી રોકડ ચોરી કરી નાસી છૂટ્યાનું માલુમ પડ્યું હતું. આ મામલે માલવીયાનગર પોલીસ સ્ટેશને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ત્રણ કુખ્યાત શખ્સો જુગાર રમતા ઝડપાયા

રૂરલ એલસીબી ટીમે જેતપુરના અમરનગર રોડ પર આવેલ જમાદાર વાડીમાં મકાનમાં દરોડો પાડી જુગાર રમાડતા ત્રણ કુખ્યાત શખ્સોને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં પંકજ તેજા વાઘેલા, અશોક ભગુ વાંક અને અનીલ ઉર્ફે ડબલી મનસુખ બારૈયાનો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા રૂ.૪.૩૧ લાખની રોકડ રકમ તેમજ ક્રેટા કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧૦.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે મુખ્ય આરોપી અનીલ ઉર્ફે ડબલી સામે અલગ-અલગ પોલીસ મથકોમાં ૮૫થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.